gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

Publisher : NIKUNJ SUDHIRKUMAR PATEL • GUJARAT VANDAN (Gujarati Weekly)

Vol 8 • Issue No 07 • 16/06/2024 • Sunday • • Page 12 • • ₹5/- • Aanual Subscription ₹250/-

Place of publication: 301, Kaltaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad-380015



સાઉથની ઇન્ડસ્ટ્રીમાં જોવા મળશે વિદ્યુતનો દમદાર અભિનય

પેજ 11

રવિવાર, 16 જૂન 2024

**સુવિચાર**

સુખના મકાનને ચાર પાયા હોય છે. 1. સ્પષ્ટતા 2. સરળતા 3. સમજણ અને 4. સંતોષ...

### નવા નાણાંમંત્રીએ કાર્યભાર સંભાળતાની સાથે જ આગામી બજેટની તૈયારી શરૂ કરી દીધી..

# જુલાઇના ત્રીજા સપ્તાહમાં મોદી 3.0 સરકારનું પ્રથમ બજેટ

**ટીડીપી-જેડીયુને પણ ખુશ કરવા પડશે**

■ **2025-26 સુધીમાં રાજકોષીય ખાધને જીડીપીના 4.5%થી નીચે લાવવાનું લક્ષ્ય**

ગુજરાત | વંદન



કેન્દ્રમાં મોદી 3.0 સરકારની રચના થઈ ગઈ છે ,જોકે આ વખતે સ્પષ્ટ બહુમતી ન મળતા ટીડીપી અને જેડીયુના ટેકાથી સરકાર બની છે,નાણાં મંત્રાલયનો હવાલો ફરીથી નિર્મલા સીતારમણને સોંપવામાં આવ્યો છે ,તેમણે કાર્યભાર સંભાળતાની સાથે જ આગામી બજેટની તૈયારી શરૂ કરી દીધી છે અને એમ મનાય છે કે જુલાઈના ત્રીજા સપ્તાહમાં મોદી 3.0 સરકારનું પ્રથમ બજેટ રજૂ થાય તેમ છે. લગભગ તો આ વખતે નાણામંત્રી 22 જુલાઈ 2024ના રોજ સામાન્ય બજેટ રજૂ કરે તેમ છે. રાજકીય રીતે એમ મનાય છે કે નાણાં મંત્રીએ બજેટની જોગવાઈઓ ,નવા કરવેરા પ્રજા પર આર્થિક બોજ સહિતની કોઈ જોગવાઈ માટે ટેકા વાળા પક્ષો ટીડીપી અને જેડીયુ સાથે પરામર્શ કરવો પડે તેમ છે . આ બેય પ્રાદેશિક પક્ષોને પોતાના રાજ્ય અનુક્રમે આંધ્ર અને બિહાર માટે વિશેષ દરજ્જો આપવાની બાબતને બજેટમાં સમાવવી પડે અને સ્પેશિયલ પેકેજ જાહેર થઈ શકે.

જ્યારે સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. ત્યારે સરકાર પૂર્ણ બજેટ નથી લાવતી પરંતુ વચગાળાનું બજેટ લાવે છે. મતલબ કે સરકાર બને ત્યાં સુધી આવક અને ખર્ચની વિગતો આપવામાં આવે છે. જો કે સરકાર તરફથી હજુ સુધી કોઈ માહિતી આવી નથી. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરી 2024 ના રોજ વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું, જેમાં તિજોરીને મજબૂત કરવાના સરકારના સંકલ્પને ધ્યાનમાં રાખવામાં આવ્યો હતો. સરકારે 2025-26 સુધીમાં રાજકોષીય ખાધને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના 4.5 ટકાથી નીચે લાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. નાણાકીય વર્ષ 2024-25માં જીડીપી 5.1 ટકા જેટલી રહેવાનો અંદાજ છે, ભારતની પ્રથમ મહિલા નાણાંમંત્રી પ્રધાન સીતારમણે વચગાળાના બજેટ સહિત છ બજેટ રજૂ કર્યા છે.અને હવે સાતમું બજેટ રજૂ કરશે.

સૂત્રોએ જણાવ્યું કે પ્રી-બજેટ પરામર્શ 7-10 દિવસ સુધી ચાલુ રહેશે. જો બહુ જલ્દી થાય તો પણ તેને 7 થી 15 જુલાઈ વચ્ચે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી શકે. બજેટની પ્રાથમિક તૈયારીઓ કરી લેવામાં આવી છે. પ્રી-બજેટ પરામર્શ પછી જાહેરાતનો ભાગ તૈયાર થશે. દરમિયાન સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ તાજેતરમાં તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે અને 3 જુલાઈ સુધી ચાલશે. આ સત્રમાં ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવવામાં આવશે અને લોકસભાના અધ્યક્ષની પસંદગી કરવામાં આવશે.

### રિયલ એસ્ટેટની માંગણી



1. વ્યાજ કપાતનો વિસ્તાર રૂ. 2 લાખથી વધારીને રૂ. 5 લાખ કરવો જોઈએ.
2. રેન્ટલ હાઉસિંગ માટે પ્રોત્સાહનો હોવા જોઈએ.
3. પ્રોપર્ટી પરનો કેપિટલ ગેઈન ટેક્સ 20 ટકાથી ઘટાડીને 10 ટકા કરવો જોઈએ
4. ત્રણ વર્ષનો લોક ઇન પિરિયડ ઘટાડીને એક વર્ષ કરવો જોઈએ.
5. એફોર્ડેબલ હાઉસિંગની કિંમત મર્યાદા 45 લાખ રૂપિયાથી વધારીને 75 લાખ રૂપિયા કરવી જોઈએ.

### MSMEની લાગણી




"અમે અપેક્ષા રાખીએ છીએ કે નવા નાણા પ્રધાન મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે જે SME ને એન્ટરપ્રાઇઝ સુરક્ષાને મજબૂત બનાવવામાં મદદ કરશે - સાયબર સુરક્ષાના જોખમો, આર્થિક આંચકાઓ અને સપ્લાય ચેઈન વિક્ષેપ જેવા બાહ્ય જોખમોથી MSME ને સુરક્ષિત કરો. MSMEs માટે વધુ સહાયક ઈકોસિસ્ટમ બનાવવા માટે પાયાના સ્તરે સરકાર, શિક્ષણવિદો અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સહયોગ વધારવાની હિમાયત કરશે. MSMEs માટે ભાવિ ટકાઉ વૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતાને સુનિશ્ચિત કરવા માટે નિમિત્ત બનશે » " ધ્વની મહેતા, સ્થાપક અને નિયામક, OpportuneHR

### 22 જૂને જીએસટીની મીટીંગ

નવા ચૂંટાયેલા નાણાપ્રધાન નિર્મલા સીતારામન ઝીણવટભરી આયોજન અને વ્યાપક વિશ્લેષણના મહત્વ પર પ્રકાશ પાડતા બજેટની તૈયારીની પ્રક્રિયા શરૂ કરે તેવી શક્યતા છે. વધુમાં, કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કાઉન્સિલની બેઠક 22 જૂને રાષ્ટ્રીય રાજધાનીમાં મળવાની છે. ઓક્ટોબર 2023માં તેમની છેલ્લી બેઠક બાદ કાઉન્સિલની આ પ્રથમ બેઠક હશે.

### આર એન્ડ ડીની આશાઓ



"અમે આશા રાખીએ છીએ કે આગામી નાણામંત્રી સંશોધન અને વિકાસમાં નોંધપાત્ર રોકાણ અને કાયદેસરકરણ તરફના પ્રગતિશીલ પગલાંની જાહેરાત કરશે. શણ ઉત્પાદનોની વૃદ્ધિ અને નવીનતા માટે આ પગલાં નિર્ણાયક છે, જે અર્થતંત્ર અને ટકાઉ પ્રથાઓમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે," કેન્નરમાના ડિરેક્ટર રોહિત ચૌહાણે જણાવ્યું હતું.

### મ્યુચ્યુઅલ ફંડ-રોકાણકારોનો વિશ્વાસ વધારતી નીતિની જરૂર

"આગામી બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચમાં




વધારો અને MSME માટે મજબૂત સમર્થન સાથે આર્થિક પુનઃપ્રાપ્તિને પ્રાથમિકતા આપવી જોઈએ. મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરમાં, જેમાં એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) એપ્રિલ 2024 સુધીમાં વધીને 57.26 ટ્રિલિયન થઈ છે, ત્યાં રોકાણકારોનો વિશ્વાસ વધારતી નીતિઓની જરૂર છે. આમાં કર પ્રોત્સાહનો, નિયમનકારી સ્પષ્ટતા અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. વધુમાં, પર્યાવરણીય, સામાજિક અને ગવર્નન્સ (ESG) રોકાણો દ્વારા ટકાઉ વૃદ્ધિ સુનિશ્ચિત કરવાથી ક્ષેત્રને વધુ મજબૂત બનાવી શકાય છે," પ્રાઈમ વેલ્થ ફિનસર્વ પ્રાઈવેટ લિમિટેડના કોફાઉન્ડર અને ડિરેક્ટર ચક્રીવર્ધન કુપ્પલાએ જણાવ્યું હતું.

### હેલ્થકેર સેક્ટર




"નવા નાણામંત્રીએ ચાર્જ સંભાળ્યો હોવાથી, અમે વધારાના ભંડોળ અને નીતિગત સમર્થન દ્વારા સરકારના સમર્થનની અપેક્ષા રાખીએ છીએ. ભારતના હેલ્થકેર સેક્ટરે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવું જોઈએ, અદ્યતન તબીબી તકનીકોમાં રોકાણ કરવું જોઈએ અને તમામ નાગરિકો માટે પરવડે તેવી સંભાળ સુનિશ્ચિત કરવી જોઈએ. આપણી વસ્તીની સુખાકારી અને દેશના એકંદર વિકાસ માટે એક મજબૂત આરોગ્યસંભાળ પ્રણાલી મહત્વપૂર્ણ છે. એમ " ડૉ. જય ગોયલે જણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### પંજાબ-હરિયાણા સહિત 14 રાજ્યોમાં પાંચ દિવસનો હીટવેવ



એક તરફ દેશમાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે અને અનેક રાજ્યોમાં ચોમાસું બેસી ગયું છે. તેવામાં ભારતીય હવામાન વિભાગ (IMD)એ જમ્મુ-કાશ્મીરના જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશના મેદાની અને નીચલા ભાગો, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશના મેદાની વિસ્તારોમાં આગામી ચારથી પાંચ દિવસ સુધી ભીષણ ગરમીનો પ્રકોપ રહેવાની આગાહી કરી છે. હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હવે દક્ષિણના રાજ્યોમાંથી થઈને ઉત્તર ભારત તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.

### અમરેલીના બોરવેલમાં પડેલી બાળકીનું આખરે મોત



અમરેલી જિલ્લાના સુરાગપુર ગામમાં દોઢ વર્ષની આરોહી બોરવેલમાં પડી ગઈ હતી, જેને બહાર કાઢવા માટે 18 કલાક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ ઓપરેશન સફળ થાય તે પહેલા જ આરોહી જીવન સાથેની લડાઈ હારી ગઈ હતી. શુક્રવારે અમરેલીના સુરાગપુર ગામમાં ખેતમજૂરી કરતા એક પરિવારની દોઢ વર્ષની આરોહી નામની બાળકી રમતાં રમતાં બોરવેલમાં પડી જતાં દોડધામ મચી ગઈ હતી.

### નેપાળમાં અનરાધાર વરસાદથી ચારના મોત, 1500 ફસાયા



નેપાળ અને પૂર્વ ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી અનરાધાર વર્ષા ચાલી રહી છે. નેપાલમાં તો તોફાની વરસાદે માઝા મુકી છે. તેના પૂર્વના તપલે જંગ જિલ્લાનાં ફત્તનગ્લુંગ ગામ પાસે ભારે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછી ચાર વ્યક્તિઓ દટાઈ ગઈ હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. જ્યારે લગભગ સમગ્ર પૂર્વોત્તર ભારતમાં પણ ધોધમાર વરસાદ થઈ રહ્યો છે. જે પૈકી, સિક્કીમમાં પ્રચંડ વર્ષાને લીધે થયેલાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછાં ૬નાં મૃત્યુ થયાં છે જ્યારે ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ભારે વર્ષાને લીધે ભૂસ્ખલનો થતાં એક તરફ માર્ગો બંધ રહ્યા છે જ્યારે તિરતામાં આવેલાં પૂરને લીધે નદી ઉપરનો પૂલ તૂટી જતાં ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ફસાઈ ગયા છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## અમારા જજો સપ્તાહના સાતેય દિવસ કામ કરે છે : CJI

■ **આ સમયે મારી પાસે બંધારણીય બેંચના 6 મોટા ચુકાદા છે**

ગુજરાત | વંદન

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે જજોની રજા અને પેન્ડિંગ કેસોની ગતિ અંગે કહ્યું- સુપ્રીમ કોર્ટના જજ સાતેય દિવસ કામ કરે છે. સોમવારથી શુક્રવાર સુધી 40-50 કેસની કાર્યવાહી કરવામાં આવે છે, નાના કેસ શનિવારે સાંભળવામાં આવે છે. આ દિવસે, અનામત રાખવામાં આવેલા ચુકાદા લખવામાં આવે છે. રવિવારે સોમવારના કેસ વાંચવામાં આવે છે.

ખરેખરમાં, PMની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે હાલમાં કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના જજ ઘણી રજાઓ લઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ઘણા જજોંએ આ અંગે અસંમતિ વ્યક્ત કરી હતી. CJI ચંદ્રચુડે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પોતાના ભાષણ દરમિયાન આ જ વાતનો જવાબ આપ્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયાધીશએ કહ્યું- સુપ્રીમ કોર્ટના જજો વેકેશન દરમિયાન બંધારણીય મુદ્દાઓ પર વિચાર કરે છે. અમારા માટે આ કરવું ખૂબ જ જરૂરી છે. કારણ કે



બંધારણીય બાબતો દેશની સામાજિક-રાજકીય અને આર્થિક સ્થિતિ તેમજ લોકોના અધિકારોને અસર કરે છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશએ ભાષણ દરમિયાન કહ્યું- શું સુપ્રીમ કોર્ટની ભૂમિકા માત્ર કેસોનો નિકાલ કરવાની છે? કે પછી રાજકારણ અને સમાજ બદલવા માટે પણ જરૂરી છે? હું રજા પર છું. હું બ્રિટનની યાત્રા કરી રહ્યો છું, પરંતુ આ સમયે મારી પાસે બંધારણીય બેંચના 6 મોટા ચુકાદા છે.આમાંથી એક અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના લઘુમતી દરજ્જાનો મામલો છે. આ સિવાય પણ વધુ કેસ છે. આ એવા મુદ્દા છે જે આપણા જીવનના મહત્વપૂર્ણ સામાજિક, આર્થિક અને રાજકીય પાસાઓને વ્યાખ્યાયિત કરે છે. CJIએ કહ્યું કે અમને પૂછવામાં આવે છે કે જજો રોટેશનલ સિસ્ટમમાં રજા કેમ લેતા નથી. જજ માટે આ એક સરસ વ્યવસ્થા છે, પરંતુ વકીલોનું શું?

## મેડિકલ તપાસ વખતે મારી પત્નીને હાજર રાખો : કેજરીવાલની માંગણી

■ **રાઉઝ એવન્યુ કોર્ટમાં અરજી દાખલ**

ગુજરાત | વંદન



લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલે મેડિકલ ટેસ્ટને લઈને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં અરજી કરી છે. દિલ્હીના સીએમની માગ છે કે, મેડિકલ ટેસ્ટ દરમિયાન પત્ની સુનીતા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયેલા રહે. આ મામલામાં સુનાવણી શનિવારે (15 જૂન) થશે. 5 જૂને રાઉઝ એવન્યુ કોર્ટે જેલ સત્તાવાળાઓને કેજરીવાલના જરૂરી મેડિકલ ટેસ્ટ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. ઉપરાંત તબીબી આધાર પર 7 દિવસની જામીન માંગતી કેજરીવાલની વચગાળાની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી અને ન્યાયિક કસ્ટડી 19 જૂન સુધી લંબાવવામાં આવી હતી. કેજરીવાલની 21 માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે 10 મેના રોજ તેમને વચગાળાના જામીન આપ્યા હતા. 21 દિવસ સુધી જામીન પર બહાર રહ્યા બાદ કેજરીવાલે 2 જૂને સાંજે 5 વાગ્યે તિહારમાં આત્મસમર્પણ કર્યું હતું.

## ગઠબંધનમાં તિરાડ , દિલ્હીની સડકો પર AAP સરકાર સામે કોંગ્રેસનો વિરોધ

■ **જળ સંકટ માટે કેજરીવાલ સરકાર જવાબદાર : કોંગ્રેસ**

ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી દરમિયાન દિલ્હીમાં સાથે મળીને લડેલી કોંગ્રેસે હવે દિલ્હીની આમ આદમી પાર્ટી સામે મોરચો ખોલ્યો છે. વાસ્તવમાં, દિલ્હીમાં જળ સંકટ વચ્ચે ભાજપ સતત આમ આદમી પાર્ટીને ઘેરી રહ્યું છે અને હવે કોંગ્રેસ પણ આમ આદમી પાર્ટીનો વિરોધ કરી રહી છે.

ગઈકાલ સુધી દિલ્હીમાં સાથે મળીને લોકસભાની ચૂંટણી લડનાર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ફરી એકવાર અલગ થઈ ગયા છે. લોકસભા ચૂંટણીમાં દિલ્હીમાં બંને પક્ષોને મળેલી કારમી હાર બાદ તેઓ ફરી એકવાર એકબીજાની સામે આવી ગયા છે.આમ આદમી



પાર્ટીએ આનો જવાબ આપીને વિધાનસભા ચૂંટણી અલગથી લડવાનો નિર્ણય લીધો હતો, જ્યારે કોંગ્રેસે પાણીની તંગીના મુદ્દે આમ આદમી પાર્ટીને ઘેરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડશે.AAP વિરુદ્ધ મટકા ભંગ પ્રદર્શનઆજે કોંગ્રેસ દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી વિરુદ્ધ પોટ બ્રેકિંગ પ્રદર્શન કરશે. નોંધનીય છે કે દિલ્હીમાં છેલ્લા ઘણા દિવસોથી જે રીતે ઉનાળાનું તાપમાન વધી રહ્યું છે તેના કારણે દિલ્હીના ઘણા વિસ્તારોમાં પાણીની તંગી વધી છે. સ્થિતિ એવી છે કે અનેક વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પરંતુ સમયસર ટેન્કર ન આવતા લોકો ભારે પરેશાન છે. સરકાર માત્ર પાણીના રંગને લઈને ભાજપ પર નિશાન સાધતી ન હતી પરંતુ હવે કોંગ્રેસના નેતાઓ પણ સામે આવ્યા છે.

## યુપીનાં હાજી ઈકબાલની 4,440 કરોડની સંપત્તિજપ્ત


ગુજરાત | વંદન

દુબઈમાં છુપાયેલા ખાણ માફિયા અને પૂર્વ એમએલસી હાજી ઈકબાલ પર એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે મોટી કાર્યવાહી કરી છે. ઈડીના લખનઉ ઝોનલ કાર્યાલયે શુક્રવારે સુહારનપુરની ગ્લોકલ યુનિવર્સિટીની 4,440 કરોડ રૂપિયાની કિંમતની 121 એકર જમીન અને બિલ્ડિંગને અચોક્કસ મુદત માટે જપ્ત કરી લીધી છે. આ સંપત્તિઓ અબ્દુલા વાહીદ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના નામ પર રજિસ્ટર્ડ છે. આ ટ્રસ્ટનું મેનેજમેન્ટ, નિયંત્રણ અને સંચાલન પૂર્વ એમએલસી હાજી ઈકબાલ અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવે છે. ગેરકાયદેસર ખન્નના કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. સહારનપુરમાં ગેરકાયદેસર ખન્ન અને પટ્ટાધારકોના લાઈસન્સના ગેરકાયદેસર રીન્યુઅલના મામલામાં સીબીઆઈ દિલ્હી દ્વારા ભષ્ટ્રાચાર સહિતની નોંધાયેલી એફઆઈઆરના આધારે આ તપાસ શરૂ કરી હતી.

## બંગાળના રાજ્યપાલની ફરિયાદ : પોલીસ પીડિતોને રાજભવન સુધી આવવા દેતી નથી

■ **દાવો :- રાજ્ય ભડકે બળી રહ્યું છે, ચૂંટણી બાદથી મોતનું તાંડવ ચાલી રહ્યું છે**

ગુજરાત | વંદન



પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોસે શુક્રવારે તૃણમૂલ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. ચૂંટણી બાદ રાજ્યમાં ચાલી રહેલી હિંસા અંગે તેમણે કહ્યું હતું કે રાજ્યમાં અનેક જગ્યાએ મૃત્યુઆંક વધી રહ્યો છે અને રાજ્ય સરકાર હિંસાનો ભોગ બનેલા લોકોને રાજભવન સુધી આવવા દેતી નથી. બંગાળના મુખ્યમંત્રી બંધારણની અવગણના ન કરી શકે.ગુરુવારે, પોલીસે ભાજપના નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી અને ચૂંટણી પછીની હિંસાનો ભોગ બનેલા લોકોને રાજભવન જતા અટકાવ્યા હતા. પોલીસ દ્વારા આ પાછળનું કારણ એ હતું કે રાજભવનની આસપાસ કલમ 144 લાગુ છે.રાજ્યપાલ બોસે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મેં આ તમામ લોકોને રાજભવન આવવા અને મને મળવાની લેખિત મંજૂરી આપી હતી, તેમ છતાં તેમને રાજભવન આવતા અટકાવવામાં આવ્યા હતા. મને એ જાણીને આઘાત લાગ્યો છે કે આ તમામ લોકોને કેટલાક કારણો દર્શાવીને તેમના લોકતાંત્રિક અધિકારોનો ઉપયોગ કરતા અટકાવવામાં આવ્યા હતા.

રાજ્યપાલે કહ્યું, 'મુખ્યમંત્રી બંધારણીય નિયમોનું ઉલ્લંઘન કરી શકે નહીં. હું સુનિશ્ચિત કરીશ કે સરકાર તેની જવાબદારી નિભાવે. રાજ્યમાં મોતનું તાંડવ ચાલી રહ્યું છે. પંચાયતની ચૂંટણી વખતે મેં મારી આંખે જોયું છે. હું રાજ્યમાં ઘણી જગ્યાએ ગયો હતો. આ ચૂંટણીઓમાં પણ હિંસા, હત્યા અને ધાકધમકીનાં અનેક મામલા સામે આવ્યા છે. આ ચાલુ રાખી શકાતું નથી. તેમણે વધુમાં કહ્યું, 'સૌથી ખરાબ વાત એ છે કે જ્યારે ગરીબ લોકો મને તેમની સમસ્યાઓ જણાવવા મને મળવા આવ્યા ત્યારે તેમને રોકવામાં આવ્યા.

## 2028માં ભારતની ક્લાઈમેટ કોન્ફરન્સનું આયોજન કરવાની ઓફર

■ **ભારત આબોહવા મુદ્દે મોટી ભૂમિકા ભજવી શકે છે : સુનિતા નારાયણ**

ગુજરાત | વંદન

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટના ડાયરેક્ટર જનરલ નારાયણે જણાવ્યું હતું કે દક્ષિણના દેશો માટે ઊભેલા દેશ તરીકે આપણે આનાથી પણ મોટી ભૂમિકા ભજવી શકીએ છીએ. આપણી સામે પડકારો છે. સુનિતા નારાયણે કહ્યું કે ભારત આબોહવા વાટાઘાટોમાં પણ મોટી ભૂમિકા ભજવી શકે છે; 2028 માં COP હોસ્ટ કરવું જોઈએ. અગ્રણી પર્યાવરણવાદી સુનીતા નારાયણે જણાવ્યું હતું કે ભારત ગ્લોબલ સાઉથનો અવાજ બનીને અને તેઓ જે પડકારોનો સામનો કરે છે તેને હાઈલાઈટ કરીને ક્લાઈમેટ વાટાઘાટોમાં વધુ મોટી ભૂમિકા ભજવી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 2028માં સંયુક્ત રાષ્ટ્રની આબોહવા સમિટની યજમાની કરવાની યોજના બનાવી રહ્યા છે.

નારાયણ, સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના મહાનિર્દેશક, જણાવ્યું હતું કે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ હેઠળ પક્ષકારોની પરિષદ એ એકમાત્ર મંચ છે જ્યાં ક્લાઈમેટ ચેન્જ દ્વારા ઊભા થયેલા પડકારોનો સામનો કરવા માટે બહુપક્ષીય નિર્ણયો લઈ શકાય છે.

તેમણે કહ્યું, 'દક્ષિણના દેશો માટે ઊભા રહેનારા દેશ તરીકે આપણે આનાથી પણ મોટી ભૂમિકા ભજવી શકીએ છીએ. આપણી સામે પડકારો છે. અમે અમારા પડકારો વિશે વાત કરી શકીએ છીએ, તેમને દબાવી શકતા નથી. અમે વિશ્વને વધુ સારો માર્ગ શોધવામાં મદદ કરી શકીએ છીએ.



આપણે નેતૃત્વની ભૂમિકા ભજવી શકીએ છીએ.પીએમ મોદીએ દુબઈમાં કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP-28) માં પોતાના સંબોધનમાં 2028માં ભારતમાં ક્લાઈમેટ કોન્ફરન્સનું આયોજન કરવાની ઓફર કરી હતી. COPની અધ્યક્ષતા બદલામાં તમામ દેશો કરશે. ભારત માટે આગામી તક 2028માં આવશે, જ્યારે એશિયાનો વારો આવશે. તે જૂથના તમામ દેશોએ મોદીના દાવા પર સર્વસંમતિથી સહમત થવું પડશે, તો જ તેની પુષ્ટિ થશે.

નારાયણે કહ્યું કે આપણે સીઓપીનું આયોજન કરવું જોઈએ અને આપણે વાત કરવી જોઈએ. જુઓ, આબોહવા પરિવર્તન એ વિશ્વની એક મોટી સમસ્યા છે. દ્વિપક્ષીય સ્તરે આનો ઉકેલ લાવી શકાતો નથી. આ બહુપક્ષીય મુદ્દો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જ એ સમાજવાદને ફરીથી શીખવવાનો એક માર્ગ છે, કારણ કે તે એક સહિયારા વાતાવરણ વિશે છે, જ્યાં દેશોએ સાથે રહેવાનું શીખવું પડશે, પછી ભલે તેઓને તે ગમે કે ન ગમે.

તેમણે કહ્યું, 'સંયુક્ત રાષ્ટ્ર મંત્રણા એક માત્ર પ્લેટફોર્મ છે જ્યાં તમે બહુપક્ષીય નિર્ણય લે છે.'નારાયણ સીઓપી-28ના અધ્યક્ષ સુલ્તાન અલ જાબેર કે સલાહકાર પેનલના સભ્ય થીં. અલ્ જાબેર તેલની દિગ્ગજ કંપની હવે ધાબી નેશનલ ઓયલ કંપની પણ છે, જેનું મુખ્ય કાર્ય આ ચિંતાનું કારણ બને છે અને મોટા ઉદ્યોગોની સંકટના પ્રતિકૂળ પ્રતિક્રિયા આપે છે.

## બદ્રીનાથ હાઈવે પર ટેમ્પો ટ્રાવેલર નદીમાં પડતાં 10ના મોત



ગુજરાત | વંદન

ઉત્તરાખંડના બદ્રીનાથ હાઈવે પર એક મોટો રોડ અકસ્માત સામે આવ્યો છે. અહીં એક ટેમ્પો ટ્રાવેલર વાહન કાબુ બહાર જઈને અલકનંદા નદીમાં પડી ગયું. આ અકસ્માતમાં 10થી વધુ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. આ અકસ્માત બદ્રીનાથ હાઈવેના રેંટોલી પાસે થયો હતો. માહિતી મળતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. એસપી ડૉક્ટર વિશાખા અશોક ભદાનેએ આ અકસ્માતની પુષ્ટિ કરી છે. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં સાત મુસાફરોને ઈજા થઈ હોવાનું કહેવાય છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીનગર RTOમાં હવે AI ટેકનોલોજી આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાશે

**■ હાલમાં આ ટેકનોલોજીનો ઉપયોગ ચંદીગઢ, પુણે, દિલ્હી જેવા શહેરોમાં થઈ રહ્યો છે**

ગુજરાત | વંદન

ગાંધીનગર RTOમાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિઝન્સ (AI) બેઝ ટેકનોલોજી સિસ્ટમ ઉપલબ્ધ કરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. તેના માટે ખાસ નવો અધ્યતન ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવશે. તેમાં જ ફોર અને ટૂવ્હાલરના ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવશે. રાજ્યની મોટાભાગની આરટીઓમાં હાલના તબક્કે સર્વર બેઝ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ગાંધીનગર આરટીઓમાં પણ આ જુની સિસ્ટમ કાર્યરત છે. તેમાં હવે અનેક ખામીઓ વર્તાઈ રહી છે. નવી ટેકનોલોજી સિસ્ટમ લગાવ્યા બાદ વારંવાર સેન્સર બંધ થઈ જવાની સમસ્યાનો અંત આવશે. એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિડન્સ વીડિયો એનાલિટિક ટેક્નોલોજીમાં કોઈનો હસ્તક્ષેપ રહેશે નહીં.

ગાંધીનગર સહિતના રાજ્યભરના આરટીઓ ખાતે ટ્રેસ્ટ ટ્રેકની સિસ્ટમ જૂની થઈ ગઈ છે. ઘણા સ્થળે તો થિંગડા મારીને કામગીરી ચાલતી હોવાની સ્થિતિ પ્રવર્તે છે. તેમાં સોફ્ટવેર સહિતની ખામીઓના કારણે અનેક્વાર ટ્રેકની કામગીરી ખોરવાઈ જાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિડન્સ વીડિયો એનાલિટિક ટેક્નોલોજીમાં ટ્રેક પર ૧૭ કેમેરા લગાડવામાં આવશે. જે વ્હીક્લની



દરેક મુવમેન્ટ પર નજર રાખશે. જેમાં ચાલક નિયમોનું પાલન કરે છે કે નહી, ગાડી કેટલી વખત રિવર્સ થઈ કે આગળ થઈ, ટેસ્ટ દરમિયાન કેટલી વખત ગાડી રોકાઈ ગઈ, વાહનની સ્પીડ સમયમર્યાદામાં ટેસ્ટ પૂર્ણ થયો છે કે નહી. આ તમામ બાબતો નવી સિસ્ટમમાં સહેલાયથી પકડાઇ જશે.

સર્વર બેઝ ટેક્નોલોજીમાં કોઈ સેન્સર ડિટેક્ટર ન થાય, અધવચ્ચે સર્વર બંધ થઈ જાય તો અરજદારને ફરીથી ટેસ્ટ આપવાની ફરજ પડે છે. જોકે AI બેઝ વિડિયો એનાલિટિક ટેક્નોલોજીમાં આ પ્રકારની કોઈ સમસ્યા નહીં. હવે આચારસંહિતા પૂર્ણ થતાં થોડા દિવસોમાં કામગીરી શરૂ થાય તેવી શક્યતા છે. જેમાં સૌ પ્રથમ ગાંધીનગર આરટીઓ ખાતે નવી સિસ્ટમ સાથે ટ્રેકું તૈયાર થશે. જે બાદ બાકીની અંદાજે ૩૯ જેટલી RTO-ARTO ખાતે વીડિયો એનાલિટિક ટેક્નોલોજી બેઝ ટ્રેક સિસ્ટમ કાર્યરત કરાશે. હાલમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ ચંદીગઢ, પુણે, દિલ્હી જેવા શહેરોમાં થઈ રહ્યો છે.

# ગુજસેલનાં તત્કાલિન કેપ્ટન અજય ચૌહાણ સામે ફરિયાદ

**■ અપ્રમાણસર મિલકતની ACBમાં ફરિયાદ નોંધાઈ છે**

ગુજરાત | વંદન



ગુજરાતમાં અવારનવાર કૌભાંડ બહાર આવતા હોય છે. ત્યારે ગુજસેલનાં તત્કાલિન કેપ્ટન અજય ચૌહાણ સામે ફરિયાદ દાખલ થઇ છે.અપ્રમાણસર મિલકતની ACBમાં ફરિયાદ નોંધાઈ છે. CMOની મંજૂરી બાદ કેપ્ટન અજય ચૌહાણ સામે ફરિયાદ

ગુજરાતમાં અવારનવાર કૌભાંડ બહાર આવતા હોય છે. ત્યારે ગુજસેલનાં તત્કાલિન કેપ્ટન અજય ચૌહાણ સામે ફરિયાદ દાખલ થઇ છે.અપ્રમાણસર મિલકતની ACBમાં ફરિયાદ નોંધાઈ છે.CMOની મંજૂરી બાદ કેપ્ટન અજય ચૌહાણ સામે ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર અજય ચૌહાણે તેમના સગા- સબંધીઓને પરવાનગી વગર હવાઈ મુસાફરી કરી હોવાનું પણ સામે આવ્યુ છે.

કંપનીના વાઉચર અને બિલમાં સહી કરી ભ્રષ્ટાચાર આચર્યો હતો. ટેન્ડર વગર કરોડોના કામો આપી 72 લાખથી વધુનું કૌભાંડ આચર્યુ હતુ.અલ્પેશ ત્રિપાઠી અને અલ્પેશ પ્રજાપતિ સામે પણ ફરિયાદ દાખલ થઇ છે.ગુજસેલના સિનિયર ચીફ સિક્યુરિટી ઓફિસર અને જનરલ મેનેજર ફરિયાદ કરી હતી.

# હેરિટેજ સાઈટ - આઈકોનિક સ્થળે વિશ્વ યોગ દિવસની થશે ઊજવણી

**■ જાહેર જનતા પણ આ કાર્યક્રમમાં જોડાઈ શકશે**

ગુજરાત | વંદન



21 જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી અનેક દેશોમાં થતી હોય છે, ભારતમાં પણ આ દિવસે મોટી સંખ્યામાં નાગરિકો જોડાઈને યોગ કરતાં હોય છે. ત્યારે આગામી 21 જૂનના યોગ દિવસની ઉજવણી અનોખી રીતે કરવાનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

આયોજનને લઈને જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીના વડપણ હેઠળ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, વિશ્વ યોગ દિવસે જિલ્લાની તમામ હેરિટેજ સાઈટ અને આઈકોનિક સ્થળે ઉજવણી કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

જેના આયોજનની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ સમાન યોગ ઉત્તમ સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે. જેના થકી અનેક પ્રકારના રોગથી છૂટકારો પણ મેળવી શકાય છે. જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, યોગ આપણી જીવનશૈલીનો ભાગ બને અને લોકો આ કાર્યક્રમમાં સ્વયં જોડાવા પ્રેરાય. કલેક્ટર મેહુલ દવેએ પણ યોગને દરેક જનસામન્ય સુધી પહોચાડી શકાય તે પ્રકારે આયોજન કરવા માટેનું સૂચન કરાયું છે.

ઉજવણી દરમિયાન તમામ હેરિટેજ સાઈટ તેમજ શહેર અને જિલ્લાના આઈકોનીક સ્થળોએ દરેક નાગરિકો માટે વહેલી સવારે આયોજન કરવામાં આવશે. જાહેર જનતા પણ આ કાર્યક્રમમાં જોડાઈ શકશે, અડાલજની વાવ, સરકારી કચેરીઓ, સચિવાલય તેમજ શહેરના અન્ય ભવનોમાં આ કાર્યક્રમનું આયોજન કરાશે. તંત્રે ડ્રેસકોડ સાથે ઉજવણી કરવાનું આયોજન કરેલ છે.

ગ્રામીણ વિસ્તારની સ્કૂલોમાં પણ યોગ દિવસની ઉજવણીમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને જાહેર જનતા જોડાય તે બાબતે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.




## ગાંધીનગર સ્માર્ટ સિટી બનતા નાગરિકો રસ્તા પરના ભૂવાથી વાકેફ થયા...

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆત આકાશમાંથી વરસતા વરસાદ પરથી નહીં પણ રસ્તા પર પડતાં ખાડાથી ખ્યાલ આવે તેવી સ્થિતિ છે. એક સમય એવો હતો કે અમદાવાદમાં ભૂવા પડતાં ત્યારે ગાંધીનગરના નાગરિકો અચરજ પામતા હતા પરંતુ હવે ગાંધીનગર સ્માર્ટ સિટી બનતા અહીંના નાગરિકો પણ રસ્તા પરના ભૂવાથી પુરેપુરા વાકેફ થઈ ગયા છે. હજુ વરસાદનું એક જ ઝાપટું પડ્યું છે ત્યારે ગ-2 સર્કલ પાસે ચારરસ્તા પર જ વચોવચ મોટો ભૂવો પડી ગયો છે. હાલ તો વાહનચાલકોને સાવધાન કરવા માટે નાગરિકોએ ઝાડનું ડાળખું મૂકી દીધું છે પરંતુ તંત્ર સમયસર નહીં જાગે તો નિર્દોષ વાહનચાલકોને અકસ્માતનો ભોગ બનવું પડે તેવી સ્થિતિ છે.

# ગાંધીનગર જિલ્લા કલેક્ટરે સોજાનાં પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી

**■ ખેડૂતો સાથે સીધો સંવાદ પણ કર્યો, અને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કર્યા**

ગુજરાત | વંદન



ગાંધીનગર કલેકટર મેહુલ દવેએ માણસા તાલુકાના સોજા ગામમાં આવેલા પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લઇ આસપાસના ગામના કિસાનો સાથે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ગોષ્ઠી કરી હતી. એટલું જ નહીં કલેકટરે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરીને જિલ્લાના પ્રત્યેક ગામમાં 75 ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટેના સંકલ્પને દોહરાવ્યો પણ હતો.

ગાંધીનગર કલેકટર મેહુલ દવેએ માણસા તાલુકાના સોજા ગામમાં આવેલા પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત વેળાએ ખેડૂતોને કહ્યું કે, રાસાયણિક ખેતીના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિ સૌથી અસરકારક ઉપાય છે. આ કૃષિ પદ્ધતિથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે, એટલું જ નહીં દેશી ગાયનું જતન-સંવર્ધન પણ થાય છે અને લોકોના સ્વાસ્થ્યની રક્ષા થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના બજાર ભાવ પણ પ્રમાણમાં સારા મળવાથી ખેડૂતોની આર્થિક ઉન્નતિ પણ થાય છે. સોજા ગામના પ્રગતિશીલ ખેડૂત જયેન્દ્રસિંહ વાઘેલાના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મ ખાતે યોજાયેલી આ કિસાન ગોષ્ઠીમાં જિલ્લા કલેક્ટરે ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો હતો. અને ગાંધીનગર જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ સંપન્ન જિલ્લો બનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. એટલું જ નહીં તેમણે ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરીને જિલ્લાના પ્રત્યેક ગામમાં 75 ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટેના સંકલ્પને દોહરાવ્યો હતો.

આ અવસરે આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી અને બાગાયત ખાતાના અધિકારીગણ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. કલેક્ટરે પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં આવેલી ગૌશાળાની મુલાકાત લઈ ગૌમાતાનું પૂજન-અર્ચન કર્યું હતું. તેમણે દેશી ગાયને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ માટે આશીર્વાદરૂપ ગણાવી હતી. આ સંવાદ દરમિયાન કલેક્ટરે જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની ખેડૂતોની મુલાકાત ગોઠવવા, કૃષિ પરિસંવાદ તેમજ પ્રાકૃતિક કૃષિ મેળાનું આયોજન કરવા અનુરોધ કર્યો હતો. આ કિસાન ગોષ્ઠીમાં પ્રાકૃતિક કૃષિ કરતાં પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના સફળ અનુભવો પ્રસ્તુત કરીને પ્રેરણા પૂરી પાડી હતી.

# નવી હોસ્પિટલના બાંધકામ સાઈટમાંથી મચ્છરના 7 લારવા મળી આવ્યાં

**■ દાખલ દર્દીનો મેલેરીયાનો રિપોર્ટ પોઝિટીવ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું**

ગુજરાત | વંદન

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બિમારીથી મુક્તિ મેળવવા માટે આવતા દર્દીઓ મેલેરીયાની બિમારી મફત મેળવતા હોય તેમ મળી આવેલા લારવા પરથી લાગી રહ્યું છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસ ચાલતી નવી હોસ્પિટલના બાંધકામ સાઈટમાંથી મચ્છરના સાત લારવા મળી આવતા બાંધકામ સાઈટની કંપનીનો નોટિસ ફટકારવામાં આવી છે. હોસ્પિટલના બિલ્ડીંગમાંથી પણ લારવા મળી આવતા આરએમઓની જાણ કરાઈ છે.

છેલ્લા એકાદ માસમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી મેલેરીયાના સાત જેટલા કેસ મળી આવ્યા છે. તેમાં અમુક કેસ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીનો મેલેરીયાનો રિપોર્ટ પોઝિટીવ આવતા જિલ્લા પંચાયતનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. આથી ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્યના મેલેરીયા વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. તેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં નવી હોસ્પિટલની બિલ્ડીંગનું કામ ચાલી રહ્યું છે. તેની તપાસ કરતા ભરાયેલા પાણીમાં અલગ અલગ સાત જગ્યાએ મચ્છરના લારવા મળી આવ્યા હતા. ઉપરાંત હોસ્પિટલની જૂની બિલ્ડીંગના ધાબા ઉપર પણ તપાસ કરતા ત્યાંથી પણ મચ્છરના લારવા મળી આવતા




જિલ્લા મેલેરીયા વિભાગ ચોંકી ઉઠ્યું હતું. બાંધકામ સાઈટના પ્રથમ મજલે તેમજ તેના ભોંયરામાં ભરાયેલા પાણીમાં મચ્છરના સાત જગ્યાએ લારવા મળી આવતા શાંતિ પ્રોર્કોન એલ.એલ.પી.ને નોટીસ ફટકરાવામાં આવી છે. જોકે પ્રથમ નોટીસ હોવાથી દંડનીય કાર્યવાહી કરવામાં આવી નથી. પરંતુ બીજી વખત લારવા મળી આવતા દંડનીય કાર્યવાહી કરાશે.

ઉપરાંત હોસ્પિટલના બિલ્ડીંગના ધાબા ઉપરથી પણ મચ્છરના બ્રિડીંગ મળી આવતા જિલ્લા મેલેરીયા વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી સિવિલ હોસ્પિટલના આરએમઓને તેની જાણ કરી હતી. જોકે સિવિલ હોસ્પિટલમાંથી જ મચ્છરના લારવા મળી આવતા સફાઈને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. જોકે હાલમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત સફાઈ કામગીરી કરવાની સુચના આપી હોવા છતાં સફાઈ કરવામાં આવતી નથી તેમ સિવિલ હોસ્પિટલના ધાબા ઉપરથી મળી આવેલા મચ્છરના લારવા પરથી લાગી રહ્યું છે. જોકે સિવિલ હોસ્પિટલના આરએમઓને જાણ કરતા તાકિદે સફાઈ કરાવી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બિમારીથી મુક્તિ મેળવવા માટે આવતા દર્દીઓ મેલેરીયાની બિમારી મફત મેળવતા હોય તેમ મળી આવેલા લારવા પરથી લાગી રહ્યું છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસ ચાલતી નવી હોસ્પિટલના બાંધકામ સાઈટમાંથી મચ્છરના સાત લારવા મળી આવતા બાંધકામ સાઈટની કંપનીનો નોટિસ ફટકારવામાં આવી છે.

# ગાંધીનગર મનપાને વિકાસના કામો માટે 35 કરોડની ગ્રાન્ટ મળી

**■ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો**

ગુજરાત | વંદન



ગાંધીનગર મહાનગરપાલિકાને વિકાસના કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વધુ 35 કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. મહાત્મા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં અન્ય શહેરોની સાથે ગાંધીનગર મહાનગરપાલિકાને પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહાત્મા મંદિર ખાતે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસ કામો માટેની ગ્રાન્ટના કુલ 2111 કરોડ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા અને મ્યુનિસિપલ કમિશનર જે.એન. વાઘેલાને 35 કરોડ રૂપિયાનો ચેક અપાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓને વિકાસ કામો માટે નાણાંની કોઈ કમી રહી નથી. જે નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓ સારાં કામ કરે છે તેને વધુ વિકાસ કામો માટે લોકહિત કામો માટે વધુ નાણાંની જરૂરિયાત હશે તો તે પૂરી કરવા પણ રાજ્ય સરકાર તૈયાર છે. વિકાસ કામોની ગુણવત્તા-ક્વોલિટીનું સમયાંતરે મોનિટરિંગ સાથે બેસીને થાય તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે ગત જાન્યુઆરીમાં પણ વાયબ્રન્ટ સમિટ વખતે ગાંધીનગર મનપાને શહેરની ઓળખના વિશેષ કામો હાથ ધરવા માટે 35 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.

# પાટનગરના સેક્ટર-14માં કોલેરાના 3 પોઝિટિવ કેસ મળતા દોડધામ

**■ ગાંધીનગરમાં છેલ્લા 15 દિવસથી કોલેરાનો રોગચાળો વ્યાપક બન્યો**

ગુજરાત | વંદન



ગાંધીનગર જિલ્લાના કલોલ, દહેગામ અને ચિલોડા પંથક ઉપરાંત શહેર વિસ્તારમાં પણ કોલેરાનો રોગચાળો નિયંત્રણ બહાર જઈ રહ્યો હોય તેમ સતત કેસો નોંધાઈ રહ્યા છે. ગુરૂવારે સેક્ટર-14 ગોકુળપુરા વિસ્તારમાં એકસાથે ત્રણ કેસ પોઝિટિવ મળી આવતા આરોગ્ય તંત્ર દોડતું થઇ ગયું હતું અને આ વિસ્તારમાં સરવેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાંથી કોલેરાના શંકાસ્પદ 25 જેટલા કેસ મળી આવ્યા છે જેના સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.ગાંધીનગરમાં છેલ્લા 15 દિવસથી કોલેરાનો રોગચાળો વ્યાપક બનતો જાય છે અને શહેરના એક પછી એક વિસ્તારમાં ફેલાતો જાય છે. અગાઉ પેથાપુર, વાવોલ, સેક્ટર-20 અને સેક્ટર-13માં કોલેરાના કેસ મળી આવ્યા બાદ હવે સેક્ટર-14 ગોકુળપુરા વિસ્તારમાંથી પણ કેસ આવતા આ પાંચમો વિસ્તાર કોલેરાગ્રસ્ત બની ગયો છે. ગોકુળપુરામાં કોલેરાના કેસો મળી આવતા મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ અને તબીબી ટીમો દ્વારા સર્વેની કામગીરી ચાલુ કરાઈ હતી. કુલ-10 ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. જે દરમિયાન 25 જેટલા ઝાડા ઉલટીના કેસો મળી આવ્યા છે. છ દર્દીઓને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે મોકલેલ તથા અન્ય દર્દીઓને સ્થળ પર સારવાર આપવામાં આવી રહી છે.

# ગાંધીનગર: 64 પ્રિ-સ્કૂલોમાં ફાયર સેફટી-બીયુની તપાસ અનિર્ણિત

**■ વેકેશન પૂરું થવા છતાં હજુ નિર્ણય બાકી**

ગુજરાત | વંદન



ગાંધીનગર મહાપાલિકાની ફાયર અને ટાઉન પ્લાનિંગ વિભાગની ટીમ દ્વારા આજે સવારથી પ્રિ-સ્કૂલોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. શાળા-કોલેજનુ નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયુ છે, ત્યારે શહેરની પ્રિ-સ્કૂલમાં હજુ સરકાર દ્વારા સીલ વાગેલા જોવા મળી રહ્યા છે. રાજકોટના ગેમઝોન કાંડ બાદથી તમામ શૈક્ષણિક સંકુલ, વાણિજ્ય સંકુલ સહિતમા ફાયર એનઓસી અને બીયુ પરમિશનની તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગરની 64 પ્રિ-સ્કૂલમાં તપાસ બાદ હવે કમિશનર દ્વારા આખરી નિર્ણય કરવામાં આવશે.

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં આગમાં 30 જેટલા બાળકો સહિત લોકો રાખ થઈ ગયા હતા. પરિવારના સભ્યોને પોતાનુ બાળક ઓળખવા માટે ડીએનએ રિપોર્ટ કરવાની ફરજ ઉભી થઈ હતી. આ બનાવ બાદ દર વખતની જેમ તંત્ર એકા એક સફાળુ જાગી ગયુ હતુ અને રાજ્યભરમાં ચાલતા ગેમઝોન બંધ કરી દેવાનો આદેશ કરી દીધો હતો. જેમાં લીલાભેગુ સૂકુ બળે તેમ પ્રિ-સ્કૂલોને પણ બંધ કરવાનો આદેશ કરી દીધો હતો.

ગાંધીનગરમાં 67 પ્રિ-સ્કૂલને ફાયર વિભાગને નોટિસ ફટકારી હતી. જેમાં હવે શૈક્ષણિક સત્ર શરૂ થતા સ્કૂલો બાબતે નિર્ણય કરવામાં આવ્યો નથી. ત્યારે આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે મહાપાલિકાની ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગના 5 કર્મચારી સહિતની ટીમ દ્વારા 64 પ્રિ-સ્કૂલમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં તમામ સ્કૂલમાં ફાયર એક્સ્ટિંગ્યુસરની બોટલ મુકવાની ફરજિયાત આદેશ આપવામાં આવ્યો છે. જોકે, જગ્યાના પ્રમાણમાં ફાયર એનઓસી લેવાની રહેતી નથી, જેથી તે બાબતે કમિશનરને રિપોર્ટ કરવામાં આવ્યો છે.

# નવી સરકાર બેસતાં જ ગુજરાતને મળ્યાં ટેક્સ ડિવોલ્યુશનના 4860 કરોડ


**■ સૌથી વધુ કેન્દ્ર સરકાર દ્વારા યુ.પી.ને થઈ ફાળવણી**

ગુજરાત | વંદન

કેન્દ્રમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર બની છે, તમામને મંત્રી મંડળ ફાળવી દેવામાં આવ્યા છે. નાણા મંત્રાલયની જવાબદારી એકવાર ફરી નિર્મલા સીતારમણને આપવામાં આવી છે. વિભોગની ફાળવણી બાદ નાણા મંત્રાલયે મોટો નિર્ણય લેતાં રાજ્યોને રૂ. 139750 કરોડનો ટેક્સ ડિવોલ્યુશન જારી કર્યો છે. જે અંતર્ગત સૌથી વધુ રકમ ઉત્તર પ્રદેશને આપવામાં આવી છે. જ્યારે ગુજરાતને રૂ. 4860.56 કરોડ ફાળવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા ટેક્સ ડિવોલ્યુશન હેઠળ જારી ફંડમાં ઉત્તરપ્રદેશને સૌથી વધુ 25069.88 કરોડ ફાળવવામાં આવ્યા છે. જ્યારે બિહારને રૂ. 14056.12 કરોડ ટ્રાન્સફર કર્યા છે. આ લિસ્ટમાં સૌથી વધુ ફંડ મેળવવામાં ત્રીજા નંબરે મધ્યપ્રદેશ છે. જેને રૂ. 10970.44 કરોડ ફાળવાયા છે.

વચગાળાના બજેટ 2024-25માં રાજ્યોના ટેક્સ ડિવોલ્યુશન માટે કુલ રૂ. 1219783 કરોડની જોગવાઈ કરવામાં આવી



હતી. આ અંગે નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, જૂન, 2024 માટે ડિવોલ્યુશનની રકમ નિયમિત જારી કરવા ઉપરાંત વધારાનો એક હપ્તો પણ જારી કરવામાં આવશે. રાજ્યો વિકાસ અને મૂડીગત ખર્ચ સંદર્ભે આ રકમનો ખર્ચ કરશે. વધારાનો હપ્તો ફાળવવાની સાથે 10 જૂને રાજ્યોની કુલ ડિવોલ્યુશન રૂ. 279500 કરોડ (2024-25) છે.

નાણા મંત્રાલયે ટેક્સ ડિવોલ્યુશન અંતર્ગત પશ્ચિમ બંગાળને રૂ. 10513.46 કરોડ, મહારાષ્ટ્રને રૂ. 8828.08 કરોડ, રાજસ્થાનને રૂ. 8421.38 કરોડ, ઓડિશાને રૂ. 6327.92 કરોડ, અને ગુજરાતને 4860.56 કરોડ ફાળવ્યા છે. ઝારખંડને રૂ. 4621.58 કરોડ, કર્ણાટકને રૂ. 5096.72 કરોડ, પંજાબને રૂ. 2525.32 કરોડ, હિમાચલ પ્રદેશને રૂ. 1159.92 કરોડ, કેરળને રૂ. 2690.20 કરોડ, મણિપુરને રૂ. 1000.60 કરોડ અને મેઘાલયને રૂ. 1071.90 કરોડ ફાળવ્યા છે.

# કલા શિક્ષકોના અનિયમિત પગારને લઈને શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત

**■ પ્રતિ તાસ માત્ર 50 ને બદલે 150 રૂપિયા આપવા માંગણી**

ગુજરાત | વંદન

કાયમી વિષયોના શિક્ષકોની ભરતીને લઈને છેલ્લાં લાંબા સમયથી સરકાર સમક્ષ માંગ કરવામાં આવી રહી છે. કલાશિક્ષકોની ભરતીની ફાઈલ પણ અભરાઈએ ચઢાવી દેવામાં આવી હોય તેવી સ્થિતિ છે, ત્યારે કલાશિક્ષકોને યોગ્ય વેતન મળી રહે તેના અનુસંધાને શિક્ષણમંત્રી સુધી રજૂઆત કરવામાં આવી છે. પ્રાથમિક અને માધ્યમિક શાળઆઓમાં ચિત્રકળા શિખવતા કલા શિક્ષકો માટે અંશકાલીન યોજના અમલમાં છે. પરંતુ એક વખત નોકરીએ રાખ્યા બાદ તેમનો કરાર રિન્યુ કરી આપવાની કોઈ જોગવાઈ રાખેલ નથી. જેથી કરીને કરાર પૂર્ણ થયા પછી કામ મેળવવા માટે કલાશિક્ષકોને રાહ જોવી પડે છે. પગાર ધોરણ પણ માસિક 9 હજાર રૂપિયા જેટલું જ મળવાપાત્ર રહે છે.ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને કરેલ રજૂઆતમાં જણાવ્યાં પ્રમાણે છેલ્લા 15 વર્ષથી ચિત્ર શિક્ષકોની ભરતી કરાઈ નથી. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કલા મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. ચિત્ર શિક્ષકોના પગાર સંબધીત વિસંગતતાઓ દૂર કરવા પણ માંગ કરાઈ છે. પે સેન્ટરની નજીકની શાળાએ જઈને શિક્ષણ આપતાં કલા શિક્ષકોને પ્રતિ તાસ માત્ર 50 રૂપિયા મળે છે.

### ચાલી - શ્રમજીવી વસાહતોમાં પ્રદુષિત પાણી, પાણીના અપુરતા પ્રેશરથી પ્રજા ત્રસ્ત

# પૂર્વ ઝોનમાં છેલ્લા એક વર્ષમાં પાણીની ટેન્કરના ૩૪ હજાર કરતા વધુ ફેરા કરાયાં

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા દૈનિક ૧૪ એમએલડી કરતા વધુ શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવે છે જેના વિતરણ માટે ૨૪૦ જેટલા વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવ્યા છે તેમ છતાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં ટેન્કર રાજ ચાલી રહયું છે. દર વર્ષે કરોડો રૂપિયા ટેન્કર માટે ખર્ચ કરવામાં આવી રહયા છે. ચોંકાવનારી માહિતી મુજબ પૂર્વ ઝોનમાં છેલ્લા એક વર્ષમાં પાણીની ટેન્કરના ૩૪ હજાર કરતા વધુ ફેરા કરવામાં આવ્યા હતાં આ આંકડા જોતા વિકાસના દાવા પોકળ સાબિત થઈ રહયા છે.



અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રાજય સરકાર પાસેથી નર્મદાના નીર લેવામાં આવે છે જેને કોતરપુર, જાસપુર અને રાસ્કા પ્લાન્ટમાં ટ્રીટ કરી ૨૪૦ જેટલા વો.ડી. સેન્ટર મારફતે વિતરણ કરવામાં આવે છે પરંતુ યોગ્ય કમાન્ડ એરિયાના અભાવે ૧૦૦ ટકા મિલકતો સુધી શુધ્ધ પાણી સપ્લાય થતાં નથી. કોટ વિસ્તાર તેમજ શ્રમજીવી વસાહતો હોય તેવા વિસ્તારોમાં મોટરીંગ, લીકેજ અપુરતા પ્રેશર અને પ્રદુષણની સમસ્યાના કારણે પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ રહી છેતદઉપરાંત મ્યુનિ. હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં નેટવર્કનો અભાવ હોવાના કારણે પણ કોર્પોરેશનના પાણી સપ્લાય થતા નથી અને આ વિસ્તારો મહદઅંશે ટેન્કર પર નિર્ભર છે. જોકે શહેરના પૂર્વ ઝોનમાં કે જયાં ચાલી અને શ્રમજીવી વસાહતો વધારે છે ત્યાં પ્રદુષિત પાણી અને પાણીના અપુરતા પ્રેશરના કારણે નાગરિકો ટેન્કર પર જ નિર્ભર રહે છે. તથા છેલ્લા ૧૩ મહિનામાં પૂર્વ ઝોનના ૮ વોર્ડમાં ૩૪૪૮૧ ટેન્કરના ફેરા લગાવવામાં આવ્યા હતા જે માટે રૂ.૧ કરોડ ૨૦ લાખનો ખર્ચ થયો હતો. પૂર્વ ઝોનના ગોમતીપુર અને રામોલ હાથીજણ વિસ્તારમાં પાણીની સમસ્યા અતિ ગંભીર છે. અગાઉ ૨૦૧૭-૧૮થી ૨૦૨૧-૨૨ સુધીના સમયગાળા દરમિયાન પણ રામોલ-હાથીજણમાં રૂ.૧ કરોડ ૩ લાખ અને ગોમતીપુરમાં રૂ.૩૯ લાખ ટેન્કર માટે ખર્ચ કરવામાં આવ્યા હતાં. પૂર્વ ઝોનમાં ઉપરોકત સમયગાળા દરમિયાન ટેન્કર માટે રૂ.૨.૭૩ કરોડનો ખર્ચ થયો હતો.

શહેરના તમામ ઝોનમાં પીવાલાયક પાણીની સમસ્યા જોવા મળી રહી છે ખાસ કરીને દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં પણ ટેન્કર રાજ જોવા મળે છે. અહીં ત્રણ વર્ષમાં જ ટેન્કર માટે રૂ.૧.૨૫ કરોડનો ખર્ચ થયો છે તેવી જ રીતે ઉત્તર ઝોનમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં ટેન્કર માટે ૧ કરોડ ૧૫ લાખનો ખર્ચ થયો છે.

# “ચલો સ્કૂલ ચલે હમ “બાળકો આનંદ માં અને વરધીવાળા મુશ્કેલીમાં ..???

### RTO અને ટ્રાફિક પોલીસ સ્કૂલ બહાર ડ્રાઈવ શરૂ કરાશે

ગુજરાત | વંદન

આવતીકાલથી રાજ્યભરમાં સ્કૂલો શરૂ થવાની છે, ત્યારે રાજકોટ અગ્નિકાંડને ધ્યાનમાં અમદાવાદમાં કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે પહેલાથી જ સાવધાની રૂપે અમદાવાદના શ્યામાપ્રસાદ મુખર્જી હોલ પર સલામત શાળા અભિયાન યોજાયું હતું. જેમાં સ્કૂલ સંચાલકો, ફાયર સેફ્ટી, RTO અને ટ્રાફિક પોલીસ સહિતના વિભાગના મુખ્યકર્તાઓ હાજર રહ્યા હતા. અભિયાનમાં બાળક વાહનમાં બેસી અભ્યાસ કરવા જાય ત્યાંથી લઈ પરત ફરે ત્યાં સુધી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ટ્રાફિક પોલીસ DCP સફિન હસને જણાવ્યું હતું કે, બાળક અકસ્માત કરશે તો વાહનના માલિકને દંડ સહિત 3 વર્ષની સજા કરવામાં આવશે. તેમજ RTO અને ટ્રાફિક પોલીસ વિભાગ સ્કૂલ બહાર આવતીકાલથી ડ્રાઈવ શરૂ કરશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળા સલામતી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં DEO રોહિત ચૌધરી, ટ્રાફિક ડીસીપી સફિન હસન, ARTO જે.જે પટેલ, ફાયર ઓફિસર ઓમ જાડેજા અને શહેરની 1500 જેટલા સ્કૂલ સંચાલકો અને આચાર્ય હાજર રહ્યા હતા. આ અભિયાનમાં તમામ વિભાગના અધિકારીઓએ સંચાલકોને સૂચના આપી હતી. બાળક સ્કૂલ વાહન સુધી પહોંચે ત્યાંથી લઈ સ્કૂલમાં અભ્યાસ કરે અને પરત ફરે ત્યાં સુધી સ્કૂલ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓએ ફાયર સેફ્ટી, રોડ અકસ્માત સહિતના મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયમોનું કડકપણે પાલન કરાવવા સૂચના આપવામાં આવી છે. RTO દ્વારા આવતીકાલથી સ્કૂલવર્ધીના વાહનોમાં તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા સોમવારથી ડ્રાઈવ યોજવામાં આવશે.ટ્રાફિક ડીસીપી સફિન હસને જણાવ્યું હતું કે, બાળકો RTO માન્ય વાહનોમાં સ્કૂલે પહોંચે તે જરૂરી છે. ફાયર સેફ્ટી, નિયત કરેલ ઝડપે સ્કૂલ બસ ચલાવવી પડશે.

# સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગુનેગારોને કંટ્રોલ કરવા રણનીતિ તૈયાર.....

ગુજરાત | વંદન

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલમાં એકસાથે 4 પોલીસ ઈન્સ્પેક્ટર અને 9 પોલીસ સબ ઈન્સપેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યના અલગ-અલગ જગ્યાએથી પોલીસ કર્મચારીઓના ઈન્ટરવ્યૂ ઉચ્ચ અધિકારી દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાંથી પસંદ કરાયેલા PI અને PSIને એટેચ ઓર્ડર સાથે SMCમાં નિમણૂક આપવમાં આવી છે. આગામી દિવસોમાં SMC વધુ આક્રમક બનીને રાજ્યભરમાં ગુનેગારો પર કંટ્રોલ કરવા નવી રણનીતિ તૈયાર કરી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલનું નામ પડે ત્યારે ભલભલા ગુનેગાર ફફડી ઊઠે છે. જ્યારથી નિર્લિપ્ત રાય આવ્યા ત્યારથી રાજ્યભરના બુટલેર ગુનેગારો અને બેઈમાન પોલીસ કર્મચારીઓ ફફડી ગયા છે. નિર્લિપત રાય પોતાની ક્લિન અને કડક છબીના કારણે ગુજરાત પોલીસમાં અલગ સ્થાન ધરાવે છે. કોઈને પણ બચવાની છટકબારી હોય એવું ક્યારેય તેમની તપાસમાં અને નિયમમાં આવ્યું નથી. પક્ષ હોય કે વિપક્ષ નિષ્પક્ષ તપાસ માટે તેમનું નામ જરૂર એક વખત આગળ ધરે છે. હવે આગામી સમયમાં SMCને વધુ કડક બનાવવા માટે રાજ્યભરમાંથી પોલીસ ઈન્સ્પેક્ટર અને પીએસઆઈના ઈન્ટરવ્યૂ કર્યા હતા, જેમાં 4 PI અને 9 PSIને SMCમાં લાવ્યા છે. SMCમાં થયેલા પોલીસ ઈન્સ્પેક્ટરના ઓર્ડરમાં વડોદરાથી હરિત વ્યાસ ,બનાસકાંઠાથી જી આર રબારી ,એસ એમ પટણી, સીઆઈડી ક્રાઈમમાંથી એ વાય બલોચને તેમજ 9 PSIને પણ લાવ્યા છે.

### 10 વર્ષમાં ખાનગી શાળાઓમાંથી AMCમાં કુલ 55603 વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો

# મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળામાં પ્રવેશ માટે જોરદાર ધસારો જોવા મળ્યો

ગુજરાત | વંદન

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં ચાલુ વર્ષે રેકોર્ડ બ્રેક 28 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ બાલવાટિકા અને ધોરણ-1માં પ્રવેશ મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. છેલ્લાં કેટલાક વર્ષોથી ખાનગી શાળાઓમાંથી મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળાઓમાં પ્રવેશ મેળવવાનો ટ્રેન્ડ ચાલુ થયો છે, જેમાં ચાલુ વર્ષે પણ અનેક વિદ્યાર્થીઓએ સ્કૂલ બોર્ડની શાળામાં પ્રવેશ મેળવ્યો છે. છેલ્લાં 10 વર્ષ દરમિયાન ખાનગી શાળાઓમાંથી AMCની સ્કૂલોમાં કુલ 55603 વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો છે.

મ્યુનિસિપલ સ્કૂલોમાં અભ્યાસ કરતા બાળકોને આપવામાં આવતા શિક્ષણના સ્તરમાં સતત સુધારો કરવામાં આવી રહ્યો છે, તેમજ મ્યુનિસિપલ શાળાઓમાં વિનામૂલ્યે બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે અને યુનિફોર્મ, પાઠ્ય પુસ્તકો, ચોપડા, વગેરે પણ વિનામૂલ્યે આપવામાં આવતું હોવાથી AMCની સ્કૂલોમાં અભ્યાસ કરતા બાળકોના માતા- પિતા અને વાલીઓ માટે આર્થિક ભારણ વધતું નથી. જેના પગલે અનેક વાલીઓ ખાનગી શાળાઓમાંથી મ્યુનિસિપલ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી રહ્યા છે. આ ઉપરાંત મ્યુનિ. સ્કૂલોમાં શિક્ષકોની ગુણવત્તા, સ્કૂલોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ સ્કૂલો સહિતના તમામ પાસાઓ પણ સ્કૂલો ખૂબ જ સારી હોવાથી શહેરની પ્રતિષ્ઠિત ગણાતી સ્કૂલોમાંથી પણ વાલીઓ પોતાના બાળકોને ઉઠાડી કોર્પોરેશનની સ્કૂલોમાં પ્રવેશ અપાવી રહ્યા છે.

છેલ્લા 10 વર્ષમાં મ્યુનિ. સ્કૂલોમાં બાલવાટિકા અને ધોરણ-1માં થયેલા પ્રવેશ પર નજર કરીએ તો આ વખતે રેકોર્ડ બ્રેક 28490 વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવ્યો છે. આ અગાઉ 2022-23માં 24 હજાર જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

જ્યારે છેલ્લા 10 વર્ષમાં ખાનગી સ્કૂલોમાંથી પણ 55 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ રદ કરાવી મ્યુનિ. સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યા છે.

10 વર્ષમાં કોર્પોરેશનની સ્કૂલોમાં થયેલા પ્રવેશ : 2015-16 16664, 2016-17 16672, 2017-18 18225, 2018-19 18439, 2019-20 20549, 2020-21 10062, 2021-22 23053, 2022-23 24110, 2023-24 22167, 2024-25 28490 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સ્કૂલોમાં આ વર્ષે પ્રવેશ માટે ભારે ધસારો જોવા મળ્યો છે. આ વખતે બાલવાટિકા અને ધોરણ-1માં 28 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

# શહેરમાં હિલિયમ બલૂન દ્વારા રથયાત્રા પર રખાશે વોચ....

### બલૂનમાં લગાવાયેલા હાઇ રિઝોલ્યુશન કેમેરા 5 કિમી સુધીની હિલચાલ કેપ્ચર કરશે

ગુજરાત | વંદન

ગુજરાતની ઓળખ સમાન રથયાત્રાની તૈયારીમાં અમદાવાદ પોલીસ વ્યસ્ત થઇ ગઇ છે. ક્રાઇમ બ્રાંચના તમામ નવા અધિકારીઓ રથયાત્રાના રૂટ અને બંદોબસ્તથી વિગતોથી માહિતગાર થઇ રહ્યા છે ત્યારે જ રથયાત્રા સમયે કોઇ અનિચ્છનીય ઘટના ન ઘટે તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. 147મી રથયાત્રામાં સમગ્ર રૂટ પર આકાશમાંથી નજર રાખવા કાશ્મીરથી હિલિયમ એરો સ્ટે ડ્રોન બલૂન લાવવામાં આવશે.



આ બલૂન 300 મીટરની ઉંચાઇ પર સેટ કરી દેવામાં આવશે. તેના પગલે રથયાત્રાના મોટા ભાગના રૂટ પર તેમાં કેમેરા કેમેરા વોચ રાખશે. આટલી ઉંચાઇથી નાઇટ વિઝનવાળા હાઇ રિઝોલ્યુશન કેમેરા રાત્રે પણ તમામ ચહલપહલ પર વોચ રાખશે. હાલ આ પ્રકારના બલૂન જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં લગાવવામાં આવ્યા છે. પાક. બોર્ડર પર પણ આવા બલૂન થકી બોર્ડર પરની ચહલપહલ પર નજર રાખવામાં આવી રહી છે.

ક્રાઇમ બ્રાંચના જેસીપી શરદ સિંગલે જણાવ્યું હતું કે રથયાત્રાની સુરક્ષા માટે પોલીસે તમામ તૈયારી શરૂ કરી દીધી છે. ક્રાઇમ બ્રાંચની ટીમે રૂટ પર ફૂટ માર્ચ કર્યું હતું. સ્થાનિક પોલીસે બાઇક માર્ચ અને રિહર્સલ કરી લીધા છે. આ રથયાત્રામાં ખાસ ગુજરાત પોલીસ દ્વારા હિલિયમ એરો સ્ટે ડ્રોન બલૂન લાવવાવામાં આવશે. આ ડ્રોન હવામાં 300 મીટરની ઉંચાઇએ સેટ કરી દેવામાં આવતું હોય છે. ડ્રોન લગભગ લગભગ 5 કિમી વિસ્તાર પર નજર રાખી શકે છે. ડ્રોન સાથે હાઇ રિઝોલ્યુશન ડે-નાઇટ કેમેરા લગાવી દેવામાં આવે છે તેથી તમામ મૂવમેન્ટ જોઇ શકાય છે. આ કેમેરા કંટ્રોલ રૂમ સાથે કનેક્ટ કરાશે તેથી કંટ્રોલ રૂમમાં બેઠેલા પોલીસ કર્મીઓ તમામ ગતિવિધિ પર નજર રાખી શકશે. કાશ્મીરથી આ ડ્રોન આગામી દિવસોમાં અમદાવાદ પહોંચી જશે. પોલીસ અધિકારીઓ દ્વારા આ બલૂન લગાવવા માટેની જગ્યા પણ આઈડેન્ટિફાઇ કરી લેવામાં આવી છે. દરમિયાન, ક્રાઇમ બ્રાંચની ટીમે સમગ્ર રૂટ પર સીસીટીવી કેમેરા લગાવડાવવાની મૂવમેન્ટ ઝડપી બનાવી દીધી છે. તેથી પણ સમગ્ર રૂટ પરની ઘટનાના ફૂટેજ પોલીસને મળી રહ્યા છે. હાલ અમદાવાદ ક્રાઇમ બ્રાંચે ડ્રોન દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સ શરૂ કરી દીધું છે. ડ્રોનના માધ્યમથી ક્રાઇમ બ્રાંચની ટીમ સમગ્ર વિસ્તાર પર વોચ રાખી રહી છે. રથયાત્રા વખતે કોઇ અનિચ્છનીય ડ્રોન ઉડે તો તેને માત કરવા માટે એન્ટી ડ્રોન ગનથી પણ અમદાવાદ પોલીસ સજ્જ છે. આ ડ્રોનનો ઉપયોગ શ્રીનગરમાં ઘણો અસરકારક સાબિત થયો છે. સંવેદનશીલ બોર્ડર પર પણ ડ્રોન લગાવવામાં આવ્યા છે. બલૂન અમદાવાદ પહોંચતાની સાથે જ તેને ઈન્સ્ટોલ કરી દેવામાં આવશે તેમ અધિકારીઓ જણાવી રહ્યા છે.

### આઇકોનિક ટુરિઝમ ડેવલમેન્ટ પ્રોજેક્ટની કેટેગરીમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપેન્ટ કોર્પો લિમિને એવોર્ડ

# એશિયા બિગેસ્ટ ટૂરિઝમ એવોર્ડ સીઝન- 6નું આયોજન

ગુજરાત | વંદન

અમદાવાદના આઈકોનિક રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આયોજિત એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ સીઝન-6માં પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે હાજરી આપી હતી. મંત્રીશ્રીના હસ્તે પ્રવાસન અને મનોરંજન જગત સાથે જોડાયેલા અગ્રણીઓને વિવિધ ૧૩ જેટલી કેટેગરી અંતર્ગત એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે નવી ઊંચાઈ હાંસલ કરી છે. આજે ભારતનાં આઈકોનિક સ્થળો પૈકી એક એવા સાબરમતી રિવરફ્રન્ટ પર આ એવોર્ડનું આયોજન થયું છે, તે આનું સૌથી મોટું ઉદાહરણ છે.




મૂળુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, આપણું ગુજરાત એશિયાટિક સિંહોના વસવાટનું સ્થળ, વૈવિધ્યસભર જીવસૃષ્ટિ, વિશાળ દરિયાકિનારો, હેરિટેજ શહેર, બ્લ્યુફ્લેગ બીચ ધરાવતું પ્રવાસનની દ્રષ્ટિએ અનોખું રાજ્ય છે. આજે ગુજરાતમાં વિદેશી પ્રવાસીઓને અનુકૂળ વાતાવરણ સર્જાયું છે, જેના પરિણામે ગત વર્ષે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં હેરિટેજ ટુરિઝમ, મરીન ટુરિઝમ, મેડિકલ ટુરિઝમ, બિઝનેસ ટુરિઝમનો અસીમ વિકાસ થાય તે માટે ગુજરાત સરકારનો પ્રવાસન વિભાગ પ્રયાસરત અને પ્રતિબદ્ધ છે, એવું મંત્રીએ ઉમેર્યું હતું.આજના સમારોહમાં આઈકોનિક ટુરિઝમ ડેવલમેન્ટ પ્રોજેક્ટની કેટેગરીમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપેન્ટ કોર્પોરેશન લિમિટેડને એવોર્ડ મળ્યો, જ્યારે અન્ય એક એવોર્ડ વડનગરના વિકાસ માટે ગુજરાત ટૂરિઝમને યુનિક ઈનિશિયેટિવ ઓફ ટૂરિઝમ ડેસ્ટિનેશન કેટેગરીમાં અપાયો હતો. હોડકો ગામના સરપંચશ્રીને બેસ્ટ ટુરિઝમ વિલેજ ફોર હોમસ્ટેની કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યો હતો. આમ પ્રવાસન અને મનોરંજન તથા હોસ્પિટાલિટી જગત સાથે જોડાયેલા અગ્રણીઓને વિવિધ કેટેગરી હેઠળ એવોર્ડ એનાયત કરાયા હતા.

# રથયાત્રાના રૂટ પરનું ભયજનક મકાન ઉતારી લેવામાં આવ્યું

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં ઐતિહાસિક ૧૪૭ મી રથયાત્રાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સુરક્ષા માટે સમગ્ર રુટ પર કેમેરાની સાથે ભયજનક મકાનો કેટલા છે તેની મોજણી શરૂ થઈ છે અને રથયાત્રા રુટ પરનું રાયપુરના એક ભયજનક મકાનને મધ્યઝોન એસ્ટેટે ઉતારી લીધું હતું. અત્યાર સુધીમાં મ્યુનિ.એ 3 જેટલાં ભયજનક મકાનને ઉતારી લીધાં છે. રથયાત્રા રૂટના તમામ ભયજનક મકાનનો સરવે કરી, નોટિસ આપી દુરસ્ત કરાવવા સૂચના આપવાની સાથોસાથ જે મકાનો દુરસ્ત કરવામાં ન આવે તેને તોડી પાડવા કે તેટલો ભાગ ઉતારી લેવા મ્યુનિ.એ હાથ ધરેલી કવાયતમાં રાયપુરમાં આવેલા એક મકાનને ઉતારી લેવાયું છે.



શહેરના મધ્યઝોનના 310 જેટલાં ભયજનક મકાનો પૈકી રથયાત્રા રૂટ પર જ 285 મકાનોમાં 150 દરિયાપુરમાં, 79 ખાડિયા-2માં, 32 ખાડિયા-1માં જોવાં મળ્યાં છે. જ્યારે મ્યુનિ.એ 121 ભયજનક મકાનોના માલિકને નોટિસ આપી છે. શહેરના મધ્યઝોનમાં ભયજનક મકાનોના સર્વે માટે વધુ 4 કર્મીની ફાળવણી કરવા મ્યુનિ. કમિશનરે તરત જ જીડીએસટી બહાર પાડ્યો છે. જેમાં મધ્યઝોનની કચેરીમાં સિટી પ્લાનિંગ વિભાગ, એસ્ટેટ મધ્યકચેરી તથા પૂર્વઝોનમાંથી પણ કર્મચારીઓની નિમણૂંક કરાઈ છે.

### “પોતાને મળેલી સત્તાનો દુરપયોગ કરીને નિર્દોષ લોકોને દબાવવાના ગુનાને માફ કરી શકાશે નહી”

# અમે ગમે તેવી લાગવગ ધરાવતા IPSની ચરબી ઉતારી શકીએ છીએ : હાઈકોર્ટ

ગુજરાત | વંદન

પાટણના એસ.પી રવીન્દ્ર પટેલ સામે હાઈકોર્ટમાં ગંભીર આક્ષેપો સાથે અનેક અરજીઓ કરવામાં આવી છે. અનેક લોકોને ડરાવી-ધમકાવીને અને દબાણ કરીને ગુના આચરતા હોવાના અનેક આક્ષેપો અરજીમાં કરવામાં આવ્યા છે. જેની સુનાવણી જસ્ટિસ નિર્ઝર દેસાઈની કોર્ટ સમક્ષ હાથ ધરાતા કોર્ટે આઈપીએસ અને પોલીસ અધિકારીઓની આકરી ઝાટકણી કાઢી હતી. કોર્ટે એવી ટકોર કરી હતી કે આઈપીએસ અધિકારી પોતાની જાતને કાયદાથી ઉપર સમજે છે. તેમની રાજકીય વગ ખૂબ ઉચ્ચસ્તર સુધી હોવાનું જણાઇ આવે છે. કોર્ટમાં તેમની સામે કેસ ચાલુ છે છતાં પોતાની દાદાગીરી કરીને નિર્દોષ લોકોને ધમકી આપી રહ્યા છે.લોકોને એવો સંદેશો ના મળવો જોઈએ કે કોર્ટે તેમની આંખો પર પટ્ટી બાંધી દીધી છે. કોઈપણ આઈપીએસ સત્તાનો દુરપયોગ કરીને લોકોને કનડગત કરી શકે છે. કોર્ટ ગમે તેવા લાગવગ ધરાવતા આઈપીએસને તેની ચરબી ઉતારી શકે છે.



આઈપીએસ રવીન્દ્ર પટેલે કોઈની પાસેથી નાણાકીય લેવડદેવડ મામલે ધાક ધમકી આપી હતી અને હોદ્દાનો દુરપયોગ કર્યો હોવાની અનેક અરજીઓ કરાઈ છે.તેમ છતા પોલીસ તેમની વિરૂધ્ધ ફરિયાદ નોંધતી નથી. સિનિયર કાઉન્સિલ જાલ ઉનવાલાએ એવી રજૂઆત કરી હતી કે, તેઓ તપાસમાં સહકાર આપવા તૈયાર છે અને તેમની સામેના આક્ષેપોની તપાસ આઇ.જી સ્તરે થવી જોઈએ. કોર્ટે તપાસ કરીને તાત્કાલિક તપાસ અહેવાલ કોર્ટમાં રજૂ કરવા સરકારને આદેશ કર્યો છે.સાથે ટકોર કરી હતી કે, પોતાને મળેલી સત્તાનો દુરપયોગ કરીને નિર્દોષ લોકોને દબાવવાના ગુનાને માફ કરી શકાશે નહી. એ કેસની તપાસ તટસ્થ રીતે થવી જ જોઈએ.જે આઈપીએસ આરોપી છે તેની ઉપરના અધિકારીને તપાસ સોંપવાની રહેશે નહીતર આ ઓફિસર તેને પણ દબાવી દેશે. હાઈકોર્ટે આઈપીએસની સામે ઈન્કવાયરી સોંપી દીધી છે.

હાઈકોર્ટે ગૃહવિભાગને એવો સવાલ કર્યો છે આવી નિમ્ન કક્ષાના આઈપીએસ ઓફિસરને આ હોદ્દા પર રાખવા જોઈએ? પબ્લિક પ્રોસિક્યુટર સિનિયર એડવોકેટ મિતેશ અમીને કોર્ટને ખાતરી આપી હતી કે હજુ તપાસ શરૂ થઈ છે. કોર્ટે આઈપીએસ સામે લાલ આંખ કરતા એવી ટકોર કરી હતી કે તેની હિમંત કેવી રીતે થઈ ફોન કરીને લોકોને બ્લેકમેઈલ કરવાની? તેની સામે પોલીસ એફઆઈઆર પણ નોંધતી નથી.

કોર્ટનું અવલોકન : 18 વર્ષના દીકરાની કારમાંથી બેઝ બોલ સ્ટિક મળે તો છોકરો આરોપી ના કહેવાય. જસ્ટિસ નિર્ઝર દેસાઈની કોર્ટે એવું અવલોકન કર્યુ હતું કે, 18 વર્ષના એક દીકરાની કારમાંથી બેઝબોલ રમવાની સ્ટિક મળે તેટલે તે ગુનેગાર કેવી રીતે થઈ જાય? પોલીસ અધિકારીઓ આ પ્રકારના કામ કેમ કરે છે?

# સિગ્નલ બનશે સ્માર્ટ, વધુ વાહન ત્યાં ગ્રીન લાઈટનો સમય વધી જશે

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ‘સ્માર્ટ ટ્રાફિક સિસ્ટમ’ યોજના ફરી એકવાર શરૂ કરવાની જાહેરાત કરી દીધી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એડેપ્ટિવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ ના નામે હવે સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ બનાવશે. આ સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર લાંબો સમય ઉભા રહેવાથી મુક્તિ મળશે તેવો દાવો કરાયો છે. પાંચ વર્ષ અગાઉ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ પ્રકારની સિસ્ટમ લાવવાની જાહેરાત કરાઈ હતી.



જ્યારે તમને ટ્રાફિક સિગ્નલ પર રાહ જોવી કેટલી કંટાળાજનક લાગે છે. અને તમે જુઓ કે બીજી લેનનું સિગ્નલ ગ્રીન છે પણ ત્યાં કોઈ વાહન જ નથી. ઘણી વખત અન્ય સિગ્નલ પર વધારે વાહનો નહીં હોવા છતાં ટ્રાફિક સિગ્નલમાં જે સમય મર્યાદા અગાઉથી ફિટ કરેલી છે તેના માટે નાછૂટકે રાહ જોવી પડે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે હવે અમદાવાદના ટ્રાફિક સિગ્નલોને સ્માર્ટ બનાવવામાં આવશે. આ પ્રકારની ATCSમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતા કેમેરા લગાવાશે. જેના દ્વારા જે જગ્યાએ વાહનની કતાર વધુ હશે ત્યાં ઓટોમેટિક સિગ્નલનો ગ્રીન ટાઈમ વધી જશે.ધારો કે, કોઈ ચાર રસ્તા પર એક સાઈડ ના સિગ્નલ ખુલવાનો 90 સેકંડનો સમય હોય અને ત્યાં ટ્રાફિક વધારે હોય અને બીજી સાઈડ ટ્રાફિક ઓછો હોય તો સિસ્ટમ ઓટોમેટિક બધી બાજુ ના ટ્રાફિકને ધ્યાને લઈને રેડ ટાઈમ ઘટાડીને 60 સેકન્ડ થઈ જાય. જેથી સિગ્નલ પર વેઈટિંગ ટાઇમ ઓછો થઈ જાય અને ચાલકોને જલ્દી નીકળવા મળે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

# આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો..ની જેમ 2014 અને 2019માં મોદી ગમતા હતા અને હવે..?!



કહેવત છે કે ઘર ફૂટે ઘર જાય. એવુ જ કંઈક હાલમાં ભાજપ અને તેની માતૃસંસ્થા સંઘ પરિવારની વચ્ચે જોવા મળી રહ્યું છે, અને આ બધુ લોકસભા ચૂંટણીના પરિણામો બાદ થઇ રહ્યું છે. સંઘ વડા મોહન ભાગવતે પોતાની રાજકીય પાંખ ભાજપના નેતાઓને આડે હાથે લઇને સૌ કોઇ હવામાં ઉડી રહ્યાં હતા અને અમે તો જીતેલા જ છીએ, મતોની ક્યાં જરૂર છે એવા અહંકારમાં રાચતા હતા અને આંકડો ગઇ વખતની 303 બેઠકોથી ઘટીને 240 પર આવી ગયો....

મોહને મણિપુરનો ખાસ ઉલ્લેખ કર્યો કે એક વર્ષથી પૂર્વોત્તરનું આ રાજ્ય સળગી રહ્યું છે તેની સારસંભાળ કોણ લેશે...એમ કહીને પોતાની જ સરકારને મણિપુર યાદ કરાવ્યું. પણ કહેનારાઓ તો એમ પણ કહે છે કે મણિપુરમાં હિંસા શરૂ થઇ તેના 2 કે 3 કે 6 મહિના સુધી સંઘવડાએ કેમ સરકારને ના કહ્યું અને આ બધુ પરિણામ બાદ કહી રહ્યાં છે ત્યારે આંગળી ચિંધનાર સામે પણ કેટલીક આંગળીઓ હોય છે તે વિપક્ષોએ તેમને યાદ કરાવ્યું.

સંઘના અન્ય એક નેતા ઈન્દ્રીશકુમાર મોહન ભાગવતથી એક ડગલુ આગળ વધ્યા અને બોલ્યા કે ભગવાન શ્રી રામની સાથે અન્યાય ના થયો અને સત્તાધીશો અભિમાની બની ગયા એટલે ભાજદપનો રથ 241એ આવીને રોકી લીધો...તેમણે કોંગ્રેસ સહિતના વિપક્ષોને રામવિરોધી ગણાવીને તેમને પણ આડે હાથે લઇને કહ્યું કે રામનો વિરોધ કરવાથી તેઓ બધા 234માં જ સમેટાઇ ગયા...!

વડાપ્રધાન મોદીને નિષ્ફળ ગણાવનાર મોહન ભાગવતને 2014માં અને 2019માં ભાજપને પ્રચંડ બહુમંતિ મળી ત્યારે આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો....ની જેમ મોદી ગમતા હતા અને 10 વર્ષમાં સંઘનો પણ ચહુમુખી વિકાસ થયો ત્યારે મોજે દરિયા હતું... અને એ દરિયામાં મોદીનું વહાણ 240એ આવીને અટકી પડ્યું ત્યારે મોદીને મણિપુર યાદ અપાવે છે...?! વડાપ્રધાન તરીકે તેઓ એ રાજ્યની સ્થિતિથી વાકેફ હશે જ અને છે જ. મણિપુર સળગ્યાના તરત મોદીને મુલાકાત માટે કહ્યું હોત તો દેશને એમ લાગત કે તેમને પણ પૂર્વોત્તરની ચિંતા છે..પણ કોઇ કારણોસર મોદી ભાજપની નૈયાને પાર ઉતારી શક્યા નથી ત્યારે તેમના ઉપર તૂટી પડવુ તે કેટલા અંશે વાજબી કહી શકાય..?

સંઘના નેતા ઈન્દ્રીશકુમારે ભગવાનશ્રી રામનો અને રામ મંદિરનો ઉલ્લેખ કર્યો પણ 22 જાન્યુ.ના રોજ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા વખતે ભાગવત પણ ઉપસ્થિત હતા અને મોદીના ભારોભાર વખાણ કર્યા હતા...રાજકારણમાં હાર-જીત થતી જ હોય છે. 60 વર્ષ રાજ કરનાર કોંગ્રેસ 30 વર્ષથી સત્તાની બહાર છે. કાલે સત્તામાં આવી શકે છે અને ભાજપને વિપક્ષની ભૂમિકા નિભાવવી પડે તો..? બધુ જ શક્ય છે. કોણે કલ્પના કરી હતી કે ભાજપને 272 જેટલી બેઠકો પણ નહીં મળે..?

જો ઘરના વડીલ તરીકે મોહન ભાગવતની વાતને કોઇ ન ગણકારતા હોય તો તેમણે “મોહન”ની જેમ સુદર્શન ચક્ર કેમ ન ચલાવ્યું...? અને હવે મોદીને ખરાબ ચિતરવા એ દર્શાવે છે કે ભાજપ પર સંઘનું નિયંત્રણ ભાજપની બેઠકોની જેમ ઘટી રહ્યું છે...જાગ્યા ત્યારથી સવાર...સમજીને લગામ હાથમાં લઇ લો..કૌન રોકેંગા

કેરળના સુશિક્ષિતો હિન્દુવાદી ભાજપને વોટ આપતા નથી એવુ મેણું દૂર થયું...

# ભાજપે સામ્યવાદીઓના કિલ્લામાં ગાબડુ પાડ્યું ખરૂ..!!

## ત્રિસુરમાં ખિલેલુ કેસરી “ત્રિશૂલ” ભાજપને દાયકા બાદ કેરળમાં સત્તા અપાવશે...

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com





કેરળ દેશનું સૌથી વધુ સુશિક્ષિત રાજ્ય ગણાય છે અને ત્યાંના લોકો ભણેલા-ગણેલા હોવાથી હિન્દુવાદી પાર્ટી ભાજપને પસંદ કરતા નથી અને તેથી જ કેરળમાં ભાજપ જીતતુ નથી, એવી એક ટીકા ભાજપ માટે વર્ષોથી થતી આવી છે. પરંતુ હવે એવી ટીકા કરતાં પહેલા વિચાર કરવો પડે તેમ જ્યાં ડાબેરી સામ્યવાદી વિચારશરણીઓ ધરાવનાર લોકો છે એ કેરળમાં ભાજપને સૌથી પહેલાં લોકસભાની એક બેઠક મળી છે અને ભાજપ માટે આ જીત કે એક બેઠકનું મહત્વ 400 બેઠકો કરતાં પણ વધારે છે, એમ જો કહીએ તો તેમાં જરાય ખોટુ નહીં ગણાય.

લાલ બિરાદરોના ગઢ સમાન કેરળમાં સામ્યવાદીઓનો કિલ્લો



તોડવામાં ભાજપ સફળ રહ્યું છે. અને કેરળમાં જીતનાર ભાજપના સાસંદને કેન્દ્રમાં મંત્રી બનાવ્યા છે જેથી કેરળમાં તેઓ વધુ પ્રભાવ પાડી શકે. એમ કહી શકાય કે એક દાયકા બાદ કેરળ કેસરિયા રંગે રંગાઇ ગયું હશે...!! અહીં એ બાબતની નોંધ પણ લેવી પડે કે કેરળમાં ભાજપના અને આરએસએસના સંખ્યાબંધ કાર્યકરોની હત્યાઓ થઇ છે યા તો શંકાસ્પદ મોત થયા છે. જેમાં સીધી આંગળી સામ્યવાદીઓ સામે ચિંધવામાં આવતી રહી છે.

કેરળની થ્રિસુરથી સંસદીય ચૂંટણીમાં પ્રથમ ચૂંટણી જીત, તિરુવનંતપુરમમાં નજીકની હરીફાઈ અને અલાપ્પુઝા અને અટ્ટિંગલમાં વોટ શેરમાં નોંધપાત્ર ઉછાળો - હિન્દીભાષી વિસ્તારોમાં આંચકોનો સામનો કરવા છતાં, ભારતીય જનતા પાર્ટી આ લોકસભા ચૂંટણીમાં મજબૂત લીડ ધરાવે છે. કેરળના પ્રદર્શનથી ખુશ થવાના ઘણા કારણો છે.

ચૂંટણી પંચના ડેટા અનુસાર, આ વખતે પાર્ટીએ 16 બેઠકો પર ચૂંટણી લડી હતી અને તેનો વોટ શેર વધીને 16.68 ટકા થયો . ગત વખતે જ્યારે ભાજપે 15 બેઠકો પર ચૂંટણી લડી હતી ત્યારે તેનો વોટ શેર 13 ટકા હતો. નોંધનીય રીતે, ભાજપે 11 વિધાનસભા મતવિસ્તારોમાં સૌથી વધુ મત મેળવ્યા છે. - પાંચ તિરુવનંતપુરમ (નેમોમ, કઝાકોટ્ટમ, વટ્ટીયુરકાવુ, અટ્ટિંગલ અને કટ્ટકડા) અને છ થ્રિસુર (થ્રિસુર, ઓલ્લુર, નટ્ટિકા, ઈરિંજલકુડા, પુથુક્કડ અને મનુર)માં.

આ ઉછાળાએ કેરળમાં સામ્યાવાદી પક્ષો લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) બંનેને અસર કરી છે. કોંગ્રેસની આગેવાની હેઠળની UDF એ 20 માંથી 18 બેઠકો જીતીને તેની 2019ની જીતનું પુનરાવર્તન કર્યું, પરંતુ તેનો વોટ શેર 2019માં 37.64 ટકાથી ઘટીને આ વર્ષે 35.06 ટકા થઈ ગયો. એ જ રીતે, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ) નો વોટ શેર 2019 માં 25.97 ટકાથી નજીવો ઘટીને 25.82 ટકા થયો.

રાજકીય વિશ્લેષક અને સરકારી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કોઝિકોડ ખાતે ઈતિહાસના અનુસ્નાતક વિભાગના વડા પી.જે. વિન્સેન્ટ કહે છે- “કેરળમાં દ્વિધ્રુવીથી ત્રિધ્રુવી રાજનીતિમાં પરિવર્તન સ્પષ્ટપણે દેખાય છે. ભાજપના ઉમેદવાર સુરેશ ગોપીની થ્રિસુરની જીતનો શ્રેય તેમના અભિનેતા અને પરોપકારી હોવાને પણ આપી શકાય છે, પરંતુ ઘણા બધા મત રાજકીય પણ હતા, જે અન્ય ઘણા મતવિસ્તારોમાં ભાજપના વોટ શેરમાં વધારો દર્શાવે છે.

ભાજપ માટે, “કેરળના ઈતિહાસમાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે”, એમ વિન્સેન્ટનું માનવુ છે.

પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ કે.એસ. રાધાકૃષ્ણને જણાવ્યું કે બંને મોરચા (LDF અને UDF) એ કહ્યું કે કેરળમાં કમળ ક્યારેય ખીલશે નહીં અને ભાજપનો સફાયો થઈ જશે. “પરંતુ અમારો વોટ શેર 20 ટકાની નજીક છે.” પરિણામોનો શ્રેય મોદી ફેક્ટર, પાર્ટી કાર્યકર્તાઓની મહેનત અને ઉમેદવારોના પ્રભાવને આપતાં રાધાકૃષ્ણને કહ્યું કે પાર્ટીએ 2025ની સ્થાનિક સંસ્થા અને 2026ની વિધાનસભા ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.....

ચૂંટણી પંચના ડેટા અનુસાર, ભાજપે 2019ની સરખામણીમાં પાંચ મુખ્ય મતવિસ્તારોમાંથી ચાર - થ્રિસુર, તિરુવનંતપુરમ, અટ્ટિંગલ, પથનમથિટ્ટા અને પલક્કડમાં તેના વોટ શેરમાં સુધારો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્તિગત રીતે આ વિસ્તારોમાં પ્રચાર કર્યો હતો.

ત્રિશૂરમાં સુરેશ ગોપીનો વોટ શેર 2019માં 28.19 ટકાથી વધીને આ વર્ષે 37.80 ટકા થયો છે. ગોપી 70,000 થી વધુ મતોના માર્જિનથી જીત્યા છે.

કોંગ્રેસને આ સીટ પર ભારે નુકસાન થયું છે કારણ કે તેનો વોટ શેર 2019માં 39.83 ટકાથી ઘટીને આ વર્ષે 30.08 ટકા થઈ ગયો છે. 2019માં કોંગ્રેસના ઉમેદવાર ટી.એન. પ્રતાપન આ બેઠક પર 4 લાખથી વધુ મતોથી જીત્યા હતા, જ્યારે આ વર્ષે પાર્ટીના ઉમેદવાર કે. મુરલીધરન 3,28,124 મત મેળવીને ત્રીજા સ્થાને છે.

દરમિયાન, એલડીએફના વી.એસ.



સુનીલ કુમારે થ્રિસુર બેઠક પર પાર્ટીના મતોમાં નજીવો વધારો જોયો અને 2019માં તેમને મળેલા 3.21 લાખથી 3.37 લાખ મત મળ્યા છે.

તિરુવનંતપુરમમાં, જ્યાં ભાજપ નજીકની હરીફાઈ પછી બીજા ક્રમે રહી, રાજીવ ચંદ્રશેખરે પાર્ટીનો વોટ શેર 2019માં 31.30 ટકાથી વધારીને આ વર્ષે 35.5 ટકા કર્યો છે.

અહીં પણ કોંગ્રેસના વિજેતા ઉમેદવાર

(અનુસંધાન પેજ-6 ઉપર)

લઘુવાર્તા

# રાજસ્થાનની ભૂમિ પરની આ નાનકડી કાલ્પનિક પ્રેમ કથા

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

વૈશાખ મહિનાનો ધોમ ધખતો તાપ ! રાજા અને રાણીના મહેલમાં પણ જાણે લૂના વાયરા વાવા લાગ્યા. એ બળબળતી બપોરે રાજાને કેમે કરી ચેન નહોતું પડતું. એ તો રાજા ! તાપે ધખ ધખતી બપોર એમણે ઘોડે સવારોને હુકમ કર્યો, ચાલો, વનમાં જઈએ કોઈ ઝરણાં કે તળાવે ! પવનની લહેરખીમાં આનંદ પ્રમોદ કરીએ, રાજા તો ઉપડ્યા. રાણીવાસમાં ગરમીમાં અકળાતાં રાજાની વ્હાલી રાણી કરુણાવતીએ જ્યારે જાણ્યું કે રાજા રસાલા સાથે આ ધોમ ધખતાં તાપમાં વનમાં તળાવે જાય છે. તેણે સંદેશો મોકલ્યો, ‘મહારાજને હું વિનંતી કરું છું કે આ ઉનાળાની બપોરે તમો મહેલમાંથી બહાર ના જાવ, ને જો જવું જ હોય તો મારો ઘોડો પણ તૈયાર રાખો ને હું પણ તમારી સાથે આવીશ.’

રાજા અને સેનાપતિની વિનંતીને ગણકાર્યા વિના રાણીએ પણ જીદ કરી. રાણીની જીદ આગળ રાજાએ નમતું મૂક્યું. રાજા-રાણીની સવારીની આગળ જાણીતા સેનાપતિ અને એમનો કાફલો ચાલે.

જોત જોતામાં તો રાજાના કાફલાએ વન છોડ્યું. વનમાંના બે ઝરણાં અને સરસ મજાનું તળાવ પણ પસાર કર્યું. સુકાઈ ગયેલાં ઝરણાં ને તળાવનાં ઊંડાં ઉતરેલાં પાણી જોઇ, સેનાપતિ રાજાને રોકવા લાગ્યા, ‘મહારાજ વન પસાર થઇ ગયું છે. જુઓ તળાવનાં ને ઝરણાંનાં પાણી શોષાઈ ગયાં છે. આ મૂંગાં પશુ પંખીઓએ પાણી વગર ટળવળીને પ્રાણ ત્યજ્યા છે.

ટેકરીને પેલે પાર તો બોડિયો ડુંગર ને પછી આવશે સૂકું ભઠ રણ ! ચાલો મહારાજ હુકમ કરો પાછાં વળીએ, રાજા હસીને બોલ્યા, ‘સેનાપતિ, તમે થાક્યા હો તો પાછા વળો, અમે હવે શિકારની શોધમાં છીએ,’ ‘પણ મહારાજ, હવે તો આ રણ દેખાય’, થોડી થોડી વારે રાજાને સેનાપતિ વિનવે. ‘મહારાજ, આ ઊંટની પણ ચામડી બળે એટલી ગરમી છે. મેં મારા સૈનિકોને આગળ મોકલ્યા છે. એમાંથી લૂ લાગવાથી બે જણ પાછા વળ્યાં છે.’

રાજા હસ્યા, ‘ને કહ્યું તમે પાછા વળો, સાથે રાણીબાને લેતા જાવ.’

‘મારા સ્વામી, તમે પાછા વળો તો હું પાછી વળું !’ રાણીબાનો ઘોડો રાજાના ઘોડાના લગોલગ ચાલવા લાગ્યો. રાજાની સાથે રાણી પણ જાય છે, રાજા રાણીને કહે છે, ‘આટલે સુધી આવ્યો છું શિકાર તો કરવાનો જ !’

રાજાએ એમની તેજ ઘોડીને

### ‘જળ થોડો ઓર નેહ ઘણો, યહી ઈશ્ક કા પ્રમાણ ! તું પી, તું પી, એહ કરત, દોનોને, છાંડયો પ્રાણ’



લાત મારી, તે પવન વેગે જાણે ઉડી. રાણીએ પણ એના તેજી ઘોડાને ઈશારો કર્યો. લાંબી મજલ પછી બંને જણ એક સૂકા ઝાંખરા આગળ આવી ઊભા રહ્યાં. રાણીની નજીક જઈ રાજાએ કહ્યું, ‘જુઓ પેલા હરણાંની જોડી ! એક તીરે બે શિકાર થાય એમ બંને જણ લગોલગ ઊભા છે.’

રાજાએ બાણ કાઢ્યું ને રાણીએ મંદ હાસ્ય કરી રાજાને આડા હાથ કરી રોક્યા. ને તે બોલ્યાં, ‘મહારાજ આ તો ભર રણમાં રમણેચઢેલી તમારા ને મારા જેવી જુગલ જોડી. એમને છૂટાં ના પડાય!’

‘તો ભલે, તમે કહો છો તો તમ કાજે ચાલો જીવતાં પકડી લાવું ?’

રાજાએ બાણ ભાથામાં મૂક્યું ને રાણીનો હાથ પકડી હરણાંની જોડી આગળ આવ્યાં; પણ એ શું થયું ? એ નજીક પહોંચે તે પહેલા તો બંનેના પ્રાણ પંખીડા ઉડી ગયા. રાણી હબકાઈને રાજાને વળગી અને એણે રાજાને કહ્યું,

‘ખડો ન દીસે પારધી, લાગ્યો ન દીસે બાણ,
તુજને પૂછ્યું કંથ, કેવી રીતે છાંડ્યાં પ્રાણ ?’

રાજાએ બાજુમાં નાનકડું ખાબોચિયું જોઈ, ને વિચારીને કહ્યું, ‘રાણી જુવો ખોબા જેટલું પાણી, ફક્ત એકની તરસ છીપાય.’ ને પછી તો, રણને આંસુ આવી જાય એવા સાદે રાણા બોલ્યા,

‘જળ થોડો ઓર નેહ ઘણો,
યહી ઈશ્ક કા પ્રમાણ !
તું પી, તું પી, એહ કરત,
દોનોને, ઈસ બિધ છાંડયો પ્રાણ’

(શાહબુદ્દીન રાઠોડ કહે છે, ‘એવો હોય તો પ્રેમ બાકી બધો વ્હેમ !’)આ લોક દોહો સાંભળીને આજ કાલ ભારતમાં આગ ઓકતી ગરમી વિશે જાણીને મેં રચેલી એક કાલ્પનિક રાજસ્થાનની ભૂમિ પરની નાનકડી પ્રેમ કથા !!

(સૌજન્યથી, વસુધા ઈનામદાર|Opinion)

ધર્મ

# ગાયત્રી જયંતિ એટલે જ્ઞાન અને શિક્ષણનો તહેવાર, 17મીએ ઉજવાશે..



હિંદુ ધર્મમાં ગાયત્રી જયંતિનો તહેવાર ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ દિવસે દેવી ગાયત્રીની પૂજા કરવામાં આવે છે. દેવી ગાયત્રીને તમામ વેદોની માતા કહેવામાં આવે છે અને તે વેદ માતા તરીકે પણ ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે દેવી ગાયત્રી જ્ઞાન સ્વરૂપે પ્રગટ થયા હતા. આવી સ્થિતિમાં જે લોકો આ શુભ અવસર પર માતાની ઉપાસના કરે છે તેઓને ક્યારેય સમાપ્ત ન થનાર જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પંચાંગ અનુસાર જ્યેષ્ઠ માસના શુક્લ પક્ષની એકાદશી 17 જૂનના રોજ સવારે 04:43 કલાકે શરૂ થશે અને 18મી જૂનના રોજ સવારે 06:24 કલાકે સમાપ્ત થશે. આ દિવસે પૂજા માટેનો શુભ સમય સવારે 08:53 થી 10:37 સુધીનો છે.

ગાયત્રી જયંતિનું શું મહત્વ છે...

ગાયત્રી જયંતિ, જેને વેદમાતા જયંતિ અને જ્ઞાન દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હિંદુ ધર્મમાં એક મહત્વપૂર્ણ તહેવાર છે. ગાયત્રી જયંતિને જ્ઞાન અને શિક્ષણનો તહેવાર માનવામાં આવે છે. આ દિવસે લોકો દેવી ગાયત્રીની પૂજા કરે છે, જે વેદોની માતા અને જ્ઞાનની દેવી છે.

આ દિવસ આધ્યાત્મિક જાગૃતિનું પણ પ્રતીક છે. લોકો ગાયત્રી મંત્રનો જાપ કરે છે અને ધ્યાન કરે છે, જે તેમને આધ્યાત્મિક ઊર્જા આપે છે. એવું માનવામાં આવે છે કે ગાયત્રી જયંતીના દિવસે ગાયત્રી મંત્રનો જાપ કરવાથી પાપોનો નાશ થાય છે અને મન શુદ્ધ થાય છે. આ દિવસે દેવી ગાયત્રીની પૂજા કરવાથી સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને આયુષ્ય પ્રાપ્ત થાય છે. ગાયત્રી જયંતિના દિવસે દાન કરવું પણ પુણ્યકારી માનવામાં આવે છે.

ગાયત્રી સંહિતામાં લખ્યું છે કે ‘ભાસતે સતરતમ લોકે ગાયત્રી ત્રિગુણાત્મિકા’ એટલે કે માતા સરસ્વતી, લક્ષ્મી અને માતા કાલીનું પ્રતિનિધિત્વ કરે છે. અથર્વવેદમાં માતા ગાયત્રી તરફથી જીવન, જીવન, લોકો, પ્રાણીઓ, કીર્તિ, સંપત્તિ અને બ્રહ્મવર્ચાના સાત પુરસ્કારોનો ઉલ્લેખ છે. તેમની પૂજા કરવાથી વ્યક્તિને દરેક પ્રકારના સુખની પ્રાપ્તિ થાય છે અને સૌભાગ્યની પણ પ્રાપ્તિ થાય છે. તેની સાથે જ વ્યક્તિને લાંબા આયુષ્યનું વરદાન પણ મળે છે. તેમજ જીવન કલ્યાણ તરફ આગળ વધે છે.

એલાયન્સોનોમિક્સ

# યોગીફેક્ટર : કેજરીવાલના ભાષણ બાદ જે મતદાન થયું તેમાં ભાજપનો વોટ શેર ઘટ્યો!!

## યુપીમાં ભાજપની બેઠકો ઘટી જતાં “નાનિ”ના ટેકાથી સરકાર રચવાની ફરજ પડી..!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

દેશના રાજકારણમાં એવી રાજવાયકા છે કે દિલ્હીમાં સત્તાનો રસ્તો વાયા યુપી થઇને જાય છે. જે યુપી જીતે તે દિલ્હી જીતે. અને આ વખતે ખરેખર એવુ જ થયું કે કેમ કે ભાજપને યુપીમાં ફટકો પડ્યો અને 80માંથી માત્ર 33 બેઠકો જ જીતી અને પરિણામે કુલ જીતનો આંકડો 272થી દૂર રહી ગયો...અને “ના.નિ”.ના ટેકાથી સરકાર બનાવવી પડી છે. “નાનિ”માં “ના” એટલે નાયડુ અને “નિ” એટલે નિતિશકુમાર. ગઈ વખતે 80માંથી 60 કરતાં વધારે બેઠકો એકલા યુપીમાં ભાજપે જીતી હતી. પણ આ વખતે જે ફટકો પડ્યો તેમાં આપ પાર્ટીના કેજરીવાલ સામે આંગળી નહીં પણ પંજો ચિંધવામાં આવી રહ્યો છે,...અચ્છા...? તો ઐસા કર દિયા કેજરીવાલને....?!

સુનો...સુનો..સુનો...

લોકસભાની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપને બહુ મોટો ફટકો પડ્યો છે અને તેના કારણે મોદીની પ્રચંડ જીતનો સિલસિલો અટકી ગયો. જોકે એક એવા રાજકારણી છે જેમણે ભાજપના વિજય રથને અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હોઇ શકે છે અને તે આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ છે. યુપીમાં તેમના ભાષણની અસરને ઘણા વિશ્લેષકો દ્વારા અવગણવામાં આવી છે. જોકે પરિણામોને બારીકાઈથી જોઇએ તો એક પેટર્ન દેખાશે....શું છે એ પેટર્ન....

સીએમ યોગી વિશે કેજરીવાલના ભાષણ બાદ જે તબક્કામાં મતદાન થયું હતું તેમાં યુપીમાં ભાજપનો વોટ શેર ઘટી ગયો...... અલબત્ત, લોકસભાની ચૂંટણીમાં ભાજપને બહુમતી ગુમાવવા પાછળનાં જુદાં જુદાં કારણો જવાબદાર ઠેરવવામાં આવ્યાં છે. પરંતુ સાત તબક્કાના ચૂંટણી પ્રચારની વચ્ચે કંઈક બીજું જ બન્યું જેણે પણ ભૂમિકા ભજવી હશે એમ રાજકીય રીતે માનવમાં આવી રહ્યું છે.....

જેલમાંથી કામચલાઉ જામીન પર બહાર આવેલા કેજરીવાલે બહાર11 મેના રોજ એક એવું ભાષણ આપ્યું કે જેનાથી ઘણા લોકો ચોંકી ગયા. લ્યુટિયન્સ દિલ્હીમાં ચાલતી ગુસપુસને તેમણે જાહેરમાં કહી હતી. કેજરીવાલે બે વાત કહી કે મોદીએ પોતે જ પાર્ટી માટે નક્કી





કરેલી 75 વર્ષની રાજકિય નિવૃતિની વયમર્યાદાની મુશ્કેલીનો સામનો કરવો પડશે અને બીજું મોદી અને અમિત શાહ 4 જૂનના રોજ પરિણામ બાદ સત્તામાં આવ્યાના બે મહિનાની અંદર યુપીના મુખ્યમંત્રીને ઘરભેગા કરી દેશે.....

કેજરીવાલના આ ભાષણના બે દિવસ બાદ 13 મેના રોજ ચોથા તબક્કાનું મતદાન થયું હતું. પરંતુ કેજરીવાલ આટલેથી અટક્યા નહીં. તેમણે 16મેના રોજ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ વાત દોહરાવી. તેમના નિવેદનને સ્થાનિક યુપી મીડિયા દ્વારા વ્યાપકપણે કવરેજ આપવામાં આવ્યું....

તેમના ભાષણો ઘણા રાજકીય વોટ્સએપ જૂથો, સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જોકે ભાજપે તેને નકારી કાઢ્યા હતા. યોગીએ પોતે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જ્યારે કોઈ વ્યક્તિ જેલમાં જાય છે, ત્યારે તે માનસિક સંતુલન ડગમગી જાય છે. પરંતુ યોગી આદિત્યનાથ વિશેના નિવેદનથી ઉત્તર પ્રદેશમાં યોગી સમર્થક મતદારો ડરી ગયા હશે. અને તેઓ કાં તો ઘરે જ રહ્યા અથવા બીજા પક્ષને મત આપ્યો હશે.

2024ની લોકસભાની ચૂંટણીમાં યુપીમાં ભાજપના આંકડામાં થયેલા ઘટાડાએ ઘણા વિશ્લેષકોને આંચકો આપ્યો છે. રાજ્યમાં ત્રણ તબક્કાનું મતદાન 11 મે સુધીમાં થઈ ચૂક્યું હતું.તે પછી અયોધ્યા મંદિરના ફૈઝાબાદ લોકસભા મતવિસ્તાર અને પૂર્વાચલ ક્ષેત્ર સહિત બાકીના ચાર તબક્કામાં મતદાન થવાનું હતું.

ભાજપે 11 મે પહેલા યુપીમાં 24 બેઠકો પર ચૂંટણી લડી હતી અને 12 પર જીત મેળવી હતી. તેણે ભાષણ પછી 51 બેઠકો પર ચૂંટણી લડી હતી અને માત્ર 21 બેઠકો જીતી હતી. ભાજપનો વોટ શેર પણ આ પહેલાના અને પછીના સમયગાળામાં 46.07 ટકાથી ઘટીને 42.9 ટકા થઈ ગયો હતો.

યુપીમાં ગત લોકસભા ચૂંટણી પર નજર નાખીએ તો 2019માં ભાજપે પહેલી 24માંથી 17 બેઠકો જીતી હતી. જ્યારે 51 બેઠકોના બીજા તબક્કામાં તેણે 44 બેઠકો જીતી હતી. આ વર્ષે કેજરીવાલના ભાષણ પછી જે બેઠકો પર મતદાન થયું હતું તેમાં મોટો ઘટાડો સ્પષ્ટ દેખાય છે.16 મે પહેલાના ચાર તબક્કામાં (જ્યારે કેજરીવાલે ફરીથી લખનઉમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો) ભાજપે લડેલી 37 બેઠકોમાંથી 20 બેઠકો પર વિજય મેળવ્યો હતો, જેમાં 45.5 ટકા મત મળ્યા હતા. છેલ્લા ત્રણ તબક્કામાં ભાજપે લડેલી 38 બેઠકોમાંથી માત્ર 13 બેઠકો જીતી હતી, જેમાં 42.37 ટકા મત મળ્યા હતા.

આ દેખીતી રીતે ઘણા પરિબળોમાંનું એક છે જેણે મતદારોને પ્રભાવિત કર્યા હોઇ શકે છે. પરંતુ આ એક એવી બાબત છે જેને મહદ્ અંશે અવગણવામાં આવી છે. ખાસ કરીને એટલા માટે કે કેજરીવાલને આ ચૂંટણીમાં મહત્ત્વના ખેલાડી તરીકે જોવામાં આવ્યા ન હતા. કેજરીવાલ હવે ફરી

(અનુસંધાન પેજ-6 ઉપર)

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગંગા દશહરા મહોત્સવનું આયોજન

### ઝઘડીયાના ભાલોદ નર્મદા તીરે જેઠ સુદ એકમથી દશમ સુધી થઈ ઉજવણી

ગુજરાત | વંદન



ઝઘડીયા તાલુકાના ભાલોદ ગામે માં નર્મદા નદી તટે પારંપરીક રીતે જેઠ સુદ એકમથી જેઠ સુદ દસમ સુધી દસ દીવસ ગંગા દશાહરા પ્રર્વની રંગેચંગે ઉજવણી કરાય છે.જેઠ સુદ એકમથી જેઠ સુદ દશમ સુધી માં ગંગા નર્મદા નદી સ્નાન કરવા આવતા હોય આ સમયે નર્મદા સ્નાનનુ વિષેશ મહત્વ હોય છે.સાથે નર્મદા સ્નાન કરવાથી સર્વ પાપ નાશ થાય છે.

આ દિવસો દ્રારા શ્રઘ્ઘાળુઓ નર્મદા નદી સાથે ગંગા મૈયાનુ પૂજન આરતી દર્શન સ્નાન કરવા નર્મદા ના તમામ ઘાટો પર સ્નાન કરવા ઊમટી પડે છે.ભાલોદ ગામે સમસ્ત બ્રહ્મ સમાજ દ્રારા ગંગા દશાહરા મોહત્સવની ઊજવણી કરવામાં આવી હતી.જેમા મોટી સંખ્યામા ભાલોદ ગામ તેમજ દુરના શહેરમાં વસતા લોકો મોટી સંખ્યામાં ભાલોદ ગામે આવતા ગામ શ્રદ્ધાળુઓથી છલકાય ગયુ હતુ.

ગંગા દશાહરા મોહોત્સવના ઉજવણીના ભાગરૂપે ભાલોદ ગામે બે દિવસના કાર્યકમો યોજાયા હતા.જેમા તા-૮-૬-૨૦૨૪ શનીવારના રોજ મુખ્ય બજારમા આવેલા મહાકાળી માતાના મંદીરેથી બપોરના ૪ કલાકે નર્મદા માતાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જેમા મોટી સંખ્યામા બ્રહ્મ સમાજના તેમજ ગામના સ્થાનિક લોકો જોડાયા હતા.

જે ગામ ફરી નર્મદા નદી કિનારે સપંન્ન થઈ હતી.તેમજ નદી કિનારે તાજેતરમા લગ્નન ગ્રંથીથી જોડાયેલા નવયુગલ દ્વારા માં નર્મદાનુ પૂજન તેમજ સમૂહમા મહાઆરતી કરવામા આવી હતી.

## અગ્નિકાંડ કેસ માટે ફાસ્ટટ્રેક કોર્ટ રચનાની માંગણી

ગુજરાત | વંદન

રાજકોટ અગ્નિકાંડનો કેસ ચલાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવા અને મૃતકોના પરિવાર પ્રત્યે માનવિય અભિગમ અપનાવીને એક કરોડ રૂપિયાની સહાય ચૂકવવાની માગ કોંગ્રેસે કરી છે. આ ઘટનાકાંડની તપાસ માટે રચાયેલી SIT અને તેના વડાની નિષ્ઠા સામે સવાલ ઉઠાવતા કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, દારૂ અને જુગારમાંથી કમાણી કરનારા અધિકારીઓને તપાસ ટીમમાં સમાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કોંગ્રેસના ધારાસભ્ય અને કાર્યકારી પ્રમુખ જિજ્ઞેશ મેવાણી અને સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈએ કર્યો છે. અગ્નકાંડની તપાસ સામે સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે, આગામી 15મીએ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મૃતકના પરિવારજનો પોલીસ કમિશનર કચેરીએ જઈને આવેદનપત્ર આપશે. સાથોસાથ આ ગોઝારી ઘટનાના મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિ 25 જૂનના રોજ તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા અને પીડિત પરિવારજનોને ન્યાય અપાવવા શાંતિપૂર્ણ રીતે રાજકોટ બંધનું એલાન પણ આપ્યું છે.કોંગ્રેસના આગેવાનોએ તપાસ અહેવાલ અને જવાબદારો સામે આકરાં પગલાં ભરવાની સરકારની જાહેરાત સામે શંકા વ્યક્ત કરતા કહ્યું કે, અગાઉ તક્ષશીલા કાંડ, શ્રેય હોસ્પિટલ કાંડ, રાજકોટમાં કોરોના દરમિયાન સ્વર્ણ હોસ્પિટલમાં લાગેલી આગમાં આઠ લોકોના મૃત્યુની ઘટના અને વડોદરાના બોટકાંડ સહિતની એકપણ ઘટનામાં રાજ્યની સરકારે અને પોલીસે કસુરવાર મોટા અધિકારીઓ અને ભાજપના ભ્રષ્ટ નેતાઓની ધરપકડ કરી નથી કે પગલાં લીધા નથી. એના કારણે આજે રાજકોટ શહેરમાં પીડિત પરિવારોમાં એવી લાગણી પ્રવર્તે છે કે આ કિસ્સામાં એમને કોઈપણ સંજોગોમાં ન્યાય મળવાનો નથી.

### કારખાનામાં તોડફોડ કરતાં મામલો પોલીસ સ્ટેશનમાં ગયો

## હીરાનગરી સુરતમાં ડાયમંડ કંપનીમાં પગાર ન થતાં કારીગરોમાં ભારે રોષ

ગુજરાત | વંદન




હીરાનગરી સુરતમાં છેલ્લા ઘણા સમયથી સીવીડી (કેમિકલ વેપોર ડિપોજીશન) ડાયમંડની બોલબાલા ચાલતી હતી. જો કે, આ સીવીડી એટલે કે લેબગ્રોન ડાયમંડનો ફુગ્ગો ફૂટી ગયો હોય તેવી ઘટનાઓ સામે આવી રહ્યાં છે. રિયલ ડાયમંડને ટક્કર આપતાં લેબગ્રોન ડાયમંડ બનાવનારાની હાલત કફોડી થઈ હોય તેવા દિવસો આવી ગયા છે. કર્મચારીઓને લેબગ્રોન બનાવતી ભંડેરી ડાયમંડમાં પગાર ન થતો હોવાની રાવ ઊઠી છે.

વરાછા ઉમિયાધામ રોડ પર આવેલી ભંડેરી ડાયમંડની કંપનીના આશરે 600થી વધુ કારીગરોને છેલ્લા 3 મહિનાનો પગાર ન મળતા રોષે ભરાયા છે. ઘર ચલાવવા કપરાં થઈ જતાં રોષભેર કારીગરો ગાંધીચીંધ્યા માર્ગે હડતાલ પર ઉતર્યા હતાં. જો કે, તેમ છતાં કોઈ જ હકારાત્મક નિર્ણય આવ્યો નહોતો. જેથી કર્મચારીઓ દ્વારા કારખાનામાં તોડફોડ કરવામાં આવી હતી. જેથી મામલો વણસી ગયો હતો.ભંડેરી લેબગ્રોન ડાયમંડનું સુરતમાં મોટું કામકાજ છે. કર્મચારીઓ દ્વારા તોડફોડ કરવામાં આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.જેથી પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસની ગાડીઓ રસ્તા પર ઉતરી આવી હતી. આ અંગે કોઈને કશી જ જાણ કરવામાં આવતી નહોતી. જો કે, કર્મચારીઓમાં પગાર મુદ્દે રોષ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

## પાટણ જિલ્લાની શાળાઓનો સમય 30મી જૂન સુધી સવારનો કરાયો

ગુજરાત | વંદન

35 દિવસના ઉનાળુ વેકેશન બાદ ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી હતી. પ્રથમ દિવસે પ્રવેશ મેળવતા બાળકોને કુમકુમ તિલક અને પુષ્પોથી શિક્ષકોએ આવકાર્યા હતા. પ્રથમ દિવસ હોવાના કારણે જિલ્લામાં કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી રહી હતી. જિલ્લાની 792 પ્રાથમિક અને 250 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.9 થી 12ના વિદ્યાર્થીઓ માટે ઉનાળાની ગરમીને લઈ તા.30 જૂન સુધી શાળાનો સમય સવારે 7-00થી 12 -30 કલાકનો રહેશે. આગામી 27થી 29 જૂન પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજવા માટેનું આયોજન કરવામાં



આવ્યું છે.ઉનાળું વેકેશન બાદ ગુરુવારથી શહેર અને જિલ્લાની બાલવાડી સહિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ મધ્યમિક શાળાઓ બાળકોના કિલ્લોલથી જીવંત બની હતી. મોટા બાળકો તો ઠીક પણ પ્રથમવાર નર્સરી અને કેજી (બાલવાડી) માં પ્રવેશ મેળવતા ભૂલકાંઓ રૂદન સાથે વાલીનો પીછો ન છોડતાં કલાકો સુધી સમજાવવા પડ્યા હતાં. કેટલાક બાળકો છેવટે માયુસ ચહેરે વર્ગખંડમાં બેસી ગયાં હતાં. શિક્ષિકાઓને પણ રડતાં બાળકોને સાચવવા મથામણ કરવી પડી હતી. બીજી તરફ વેકેશન બાદ ફરીથી શાળામાં આવેલા કેટલાંક ભૂલકાં હર્ષોલ્લાસ સાથે અન્ય મિત્રોને મળતાં અને વેકેશનમાં માણેલી મજા શેર કરતાં પણ જોવા મળ્યાં હતાં. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પ્રાર્થના કરી આચાર્ય દ્વારા સ્કૂલને લગતી સૂચના અપાઈ હતી. ઉનાળું વેકેશન પૂર્ણ થયા બાદ ગુરુવારથી રાબેતા મુજબ સ્કૂલો શરૂ થતાં બાળકોના કિલકિલાટથી સ્કૂલનું વાતાવરણ ગુજી ઉઠયું હતું. ગુરુવારથી સ્કૂલો શરૂ થતાં પ્રથમ દિવસે સ્કૂલ સંચાલકો દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વેકેશન બાદ સ્કૂલે આવનાર તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલકો દ્વારા કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી ફૂલડે વધાવી પૂજા-અર્ચના સાથે બાળકોનો શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

## નિયમો વિરુદ્ધ પ્રોફેસરોની બદલીની ફરિયાદોથી શિક્ષણ તંત્ર જાગૃત બન્યું

ગુજરાત | વંદન

સરકારે 2012માં રાજ્યની સરકારી આર્ટસ, સાયન્સ,કોમર્સ અને લૉ કોલેજોના વર્ગ-2ના આસિસ્ટન્ટ પ્રોફેસરોની બદલી માટે માર્ગદર્શક સિદ્ધાંત-નિયમો નક્કી કર્યા હતા અને જે માટેનો વિધિવત ઠરાવ પણ કરવામા આવ્યો હતો. પરંતુ અધ્યાપકોની બદલી નિયમો વિરૂદ્ધ અને માર્ગદર્શક સિદ્ધાંતોની ઉપરવટ જઈને થઈ રહી હોવાનું શિક્ષણ વિભાગને ધ્યાને આવ્યુ છે. ઘણી બદલીઓ શિક્ષણ વિભાગની જાણ બહાર અને શિક્ષણ વિભાગના ઓર્ડરો વગર થતી હોવાની વ્યાપક ફરિયાદો મળતા શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના નિયામકને ફરજીયાત પણે વર્ષમાં બે વાર કેમ્પો યોજીને નિયમો મુજબ જ અને સરકારની મંજૂરી બાદ જ બદલીઓ કરવા કડક આદેશ કર્યો છે.

ઉચ્ચ શિક્ષણ હેઠળની સરકારી કોલેજોના અધ્યાપકોની બદલી માટેના સરકારના શિક્ષણ વિભાગના 15 માર્ચ 2012ના ઠરાવ અને માર્ગદર્શક સિદ્ધાંતો-સૂચનાઓ મુજબ દર વર્ષે દિવાળી વેકેશનમાં અને ઉનાળુ વેકેશનમાં એ બે વાર બદલી કેમ્પો યોજીને જ વર્ગ-2ના આસિસ્ટન્ટ પ્રોફેસરોની બદલીઓ કરવી ફરજીયાત છે. બદલીઓ માટે ભરતી સમયના જીપીએસસીના ગુણને ધ્યાને રાખી મેરિટ મુજબ અને ખાલી જગ્યાઓની ઉપલબ્ધતા મુજબ જિલ્લાવાર સ્થળ પસંદગી તક આપવાની હોય છે તથા સ્વ વિનંતી સહિતની તમામ બદલીઓ માટે વર્ષમાં બે વાર કેમ્પ યોજવો ફરજીયાત છે. સરકારના આ ઠરાવ મુજબ જે જગ્યાએ અધ્યાપકના 3 વર્ષ થયા હોય અને જો કોઈ પણ ફરિયાદ અધ્યાપક સામે ન હોય તો જ શૈક્ષણિકમાં હિતમાં તે જગ્યા પર ચાલુ રાખી શકાય પરંતુ જે તે જગ્યા પર અન્ય અધ્યાપક આવવા ઈચ્છતા હોય તો બદલીઓ કરવી ફરજીયાત છે.

સરકારના 2012ના આ માર્ગદર્શક સિદ્ધાંતો-નિયમો છતાં પણ ઉચ્છ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા નિયમો વિરૂદ્ધ બદલીઓ થતી હોવાનું સરકારના શિક્ષણ વિભાગના ધ્યાને આવ્યુ છે. જેને પગલે તાજેતરમાં શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ નિયામક કચેરીના નિયામકને પત્ર લખીને જણાવ્યું છે કે નિયમો-સિદ્ધાંતોની ઉપરવટ જઈને બદલીઓ થતી હોવાની વ્યાપક ફરિયાદો મળી છે અને નિયમોનું પાલન થતુ નથી. જેથી હવે બદલીઓ માટે વર્ષમાં બે વાર ફરજીયાત કેમ્પ યોજવાનો રહેશે અને 2012ના ઠરાવ મુજબ જ બદલીઓ કરવાની રહેશે.

છેલ્લા ત્રણ વર્ષમાં જે મદદનીશ પ્રધ્યાપકોની બદલી થયેલ છે તે તમામને પણ કેમ્પમાં બદલીનો લાભ આપવાનો રહેશે તથા બદલી કેમ્પમાં શિક્ષણ વિભાગના એક પ્રતિનિધિને અચૂક હાજર રાખવાને રહેશે. વર્ગ-2ના કર્મચારી-અધિકારીની બદલીની સત્તા વિભાગના વડાને હાથમાં હોવાથી કેમ્પથી થનાર બદલીઓ માટે વિભાગના વડાની મંજૂરી મેળવવાની રહેશે તથા બદલી અંગેના હુકમ વિભાગ કક્ષાએથી જ કરવાના રહેશે. સરકારી કોલેજના આસિ.પ્રોફેસરની કામગીરી ફેરફારથી નિમણૂંકો પણ નિયામક કચેરી દ્વારા પોતાની રીતે કરી શકશે નહીં. આમ આ પ્રમાણેની સૂચનાઓ શિક્ષણ વિભાગે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને આપી છે.

## અમદાવાદમાં બનાવટી ચા નું કૌભાંડ : વાઘબકરી બ્રાંડની બનાવટી ચાનો જથ્થો જપ્ત




ગુજરાત | વંદન

સાબરમતી પોલીસને મળેલી માહિતીને આધારે વિક્રેતાને ત્યાં દરોડો પાડીને વાઘબકરી ચાના બનાવટી પેકેટનું વેચાણ કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. જેમાં ચા સપ્લાય કરનાર અને ખરીદી કરીને વેચાણ કરતા વ્યક્તિની ધરપકડ કરીને કોપીરાઈટ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી છે.

શહેરના પરિમલ ગાર્ડન પાસે આવેલી વાઘબકરી ચાના લિગલ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા રાકેશ સિંગને તેમના સર્વેયર દ્વારા જાણવા મળ્યું હતું કે સાબરમતી જવાહર ચોકમાં આવેલા ગુપ્તા કિરાણા સ્ટોરમાં વાઘબકરી ચાના બનાવટી પેકનું વેચાણ કરવામાં આવે છે. જેના આધારે દરોડો પાડીને તપાસ કરતા રુપેશ શાહ (રહે. પારસનગર સોસાયટી, સાબરમતી) પાસેથી વાઘબકરી ચાના 284 પેકેટ મળી આવ્યા હતા. આ જથ્થો નવા વાડજ વ્યાસવાડી પાસે રહેતા શૈલેષ ઠક્કર પાસેથી લાવીને વેચાણ કરવામાં આવતો હતો. જે અંગે સાબરમતી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

## નેશનલ હાઈવે 48 પર કન્ટેનર અને ટ્રક વચ્ચે અકસ્માત

ગુજરાત | વંદન

કરજણ પાસે ભરૂચ વડોદરા ટ્રેક પર વહેલી સવારે હલવર્દા ગામ પાસે બે હેવી કન્ટેનર ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં પાછળથી કન્ટેનર ટ્રક બીજા ટ્રક સાથે અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં ટ્રકની કેબિનમાં ડ્રાઈવર અને ક્લીનર ફસાયા હતા. પોલીસને જાણ થતાં કરજણ પોલીસ અકસ્માતની જગ્યા પર દોડી આવી હતી. કરજણ પોલીસે ફાયર વિભાગને જાણ કરતા ફાયર વિભાગ અને એમબ્યુલાન્સ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી.કરજણ ફાયર વિભાગના ફાઈટરોએ વેક્યુમ સહિત અત્ત્ય આધુનિક સાધનોથી ટ્રકની કેબિનમાં ફસાયેલા ડ્રાઈવર અને ક્લીનરને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા.

## ધો. 1થી 8ના 225 વિદ્યાર્થીઓ માટે માત્ર બે જ ક્લાસરૂમ..!!, ડાંગની ઘટનામાં વાલીઓનો રોષ

ગુજરાત | વંદન

ડાંગ જિલ્લાનાં બાળકોને અદ્યતન સુવિધાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક શાળાઓનાં ઓરડા મંજૂર કરાયા છે. જે શિક્ષણની અદ્યતન સુવિધાઓનાં વિકાસ માટે યોગ્ય છે. પરંતુ વિકાસની લ્હાયમાં હરખપદુડા બનેલા અધિકારીઓએ પરિસ્થિતિનો તાગ મેળવ્યા વગર જ અનેક જગ્યાએ ઓરડાઓનું ડેમોલિશન કરી નાંખતા ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. જેનું સચોટ ઉદાહરણ ડાંગની પિંપરી પ્રાથમિક શાળા છે.



ડાંગનાં આહવા તાલુકાનાં પિંપરી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં માત્ર બે જ ઓરડાઓ હોય જે ઓરડાઓમાં ધો.1 થી 8નાં 225 જેટલા વિદ્યાર્થીઓને ખીંચોખીંચ ભરીને અભ્યાસ કરાવવામાં આવતો હતો. ત્યારે હાલમાં નવા સત્રની શરૂઆત થતા જ બાળકોનાં ભવિષ્યને ધ્યાનમાં રાખી જાગૃત વાલીઓએ શાળાની તાળાબંધી કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તેમજ તુરંત જ નવા ઓરડાઓ બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી.પિંપરી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં કેટલાક ઓરડાઓની હાલત જર્જરિત હતી. ત્યારે ગત વર્ષે કેટલાક જર્જરિત ઓરડાઓને તોડી નાંખવામાં આવ્યા હતા. પરંતુ હજુ સુધી નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા નથી.

## છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 8 નક્સલી માર્યા ગયા

ગુજરાત | વંદન

છત્તીસગઢના અબુઝમર્હ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 8 નક્સલી માર્યા ગયા છે. આ દરમિયાન, એક જવાન ફરજની લાઈનમાં મૃત્યુ પામ્યો હતો અને અન્ય બે ઘાયલ થયા હતા. નારાયણપુર, કાંકેર, દંતેવાડા અને કોંડાગાંવ જિલ્લાના સુરક્ષાકર્મીઓએ નકસલ વિરોધી ઓપરેશન હાથ ધરતાં અભુજમાદ જંગલમાં આજે સવારે ગોળીબાર



ફાટી નીકળ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, બંને પક્ષો ગોળીબારની વિનિમય સાથે ફાયરફાઈટ ચાલુ છે.આ ઓપરેશન, જેમાં ચાર જિલ્લાના ડિસ્ટ્રિકટ રિઝર્વ ગાર્ડ,, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ની 53મી બટાલિયનના જવાનોનો સમાવેશ થાય છે, તે 12 જૂને શરૂ કરવામાં આવ્યું હતું. એમ તેમણે જણાવ્યું હતું. નારાયણપુર, બીજાપુર અને દંતેવાડા જિલ્લામાં સ્થિત અબુઝમર્હ એ 4000 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું પહાડી જંગલ છે. તેના ભૌગોલિક અલગતા અને મુશ્કેલ પ્રવેશને કારણે, આ પ્રદેશ માઓવાદી પ્રવૃત્તિઓ માટે ગઢ તરીકે કુખ્યાત છે.

અનુસંધાન પેજ 07 પરથી...

### પતિ દ્વારા

તેણીનો જન્મ એક તમિલ બ્રાહ્મણ પરિવારમાં નારાયણન સીતારમણ અને સાવિત્રી સીતારમણમાં થયો હતો અને તેણીનું શાળાકીય શિક્ષણ મદ્રાસ અને તિરુચિરાપલ્લીમાં થયું હતું. 1980 માં સીતાલક્ષ્મી રામાસ્વામી કૉલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા પછી, સીતારમણ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) ગયા અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સના ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ છે.

જો કે, ભારતના કેન્દ્રીય નાણાં પ્રધાન તરીકેના તેમના અસરકારક કાર્યકાળ દરમિયાન, તેમણે 2019માં ભારતીય સંસદમાં પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કેન્દ્રીય બજેટ રજૂ કરનાર તે બીજી મહિલા બની. 12 સપ્ટેમ્બર 1986 ના રોજ, નિર્મલા સીતારમણે રાજકીય વિવેચક અને રાજકીય અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકર સાથે લગ્ન કર્યા. તેઓને એક પુત્રી છે, પરકલા વાંગમયી.100 સૌથી શક્તિશાળી મહિલાઓમાં પણ સામેલ છે ફોર્બ્સ મેગેઝિનની 2020ની 100 સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સીતારમણને 39મું સ્થાન મળ્યું છે. તેમને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) દ્વારા વિશિષ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજકારણમાં પ્રવેશતા પહેલા, સીતારમણે બીબીસી વર્લ્ડ સર્વિસ માટે થોડા સમય માટે કામ કર્યું હતું અને પ્રાઈસવોટરહાઉસ કૂપર્સમાં વરિષ્ઠ મેનેજર તરીકે પણ નિયુક્ત થયા હતા.

### એનર્જી કંપનીઓ

Waree Energies રૂ. 3000 કરોડ અને Asirwad Microfin રૂ. 1500 કરોડનો IPO લાવી શકે છે.DEE પાઈપિંગ સિસ્ટમ્સનો IPO આવતા અઠવાડિયે ખુલી રહ્યો છે. આ IPO 19 જૂને સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને 21 જૂન સુધી ખુલ્લો રહેશે. કંપની રૂ. 418 કરોડનું ભંડોળ એકત્ર કરવા જઈ રહી છે. રિપોર્ટ અનુસાર આગામી સપ્તાહમાં પ્રાઈમરી માર્કેટમાં જબરદસ્ત ગતિવિધિ જોવા મળશે. 35થી વધુ કંપનીઓ સેબી તરફથી IPOની મંજૂરીની રાહ જોઈ રહી છે. આ કંપનીઓ રૂ. 50000 કરોડથી વધુનું ભંડોળ એકત્ર કરશે.

### પેટ્રોલ-ડિઝલના

નોંધનીય છે કે ઈન્ડિયન ઓઈલ પછી BPCL ભારતની બીજી સૌથી મોટી ઓઈલ માર્કેટિંગ કંપની છે. FY 22માં NDA સરકારના ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામમાં એર ઈન્ડિયા સાથે BPCLનું ખાનગીકરણ સામેલ હતું. કેન્દ્રએ BPCLમાં તેનો સંપૂર્ણ 52.98% હિસ્સો વેચવાની યોજના બનાવી હતી, જે નાણાકીય વર્ષ 2022માં અંદાજિત રૂ. 45,000 કરોડ મેળવવાની ધારણા હતી.

એટલું જ નહીં, સરકારે માર્ચ 2020માં આ માટે એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ (EOI) અથવા પ્રારંભિક બિડ મંગાવી હતી. માર્ચ 2021 સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવાની યોજના હતી. પરંતુ કોવિડને કારણે ડિસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો.

અનુસંધાન પેજ 04 પરથી...

### આખરે ભાજપે...

શશિ થરૂરનો વોટ શેર, જે 2019માં 41.19 ટકા હતો, તે ઘટીને 37.19 ટકા થઈ ગયો. જો કે, LDFને 2019માં 25.60 ટકાથી 25.72 ટકા મતોમાં થોડો વધારો જોવા મળ્યો છે

આ મતવિસ્તારો સિવાય, અલપ્પુઝા સીટ પર જ્યાં ભાજપે આ વર્ષે શોભા સુરેન્દ્રનને મેદાનમાં ઉતાર્યા હતા, પાર્ટીએ 2019 માં હાંસલ કરેલા 17.24 ટકાથી તેનો વોટ શેર વધારીને 28.3 ટકા થયો હતો. જોકે બીજેપી ત્રીજા સ્થાને રહી, તેણે CPI(M)ને મોટો ફટકો આપ્યો, જે અલપ્પુઝાને તેનો ગઢ માને છે.

આ સિવાય ભાજપે કન્નુરમાં લગભગ પાંચ ટકા અને કાસરગોડ મતવિસ્તારમાં લગભગ 4 ટકાનો વધારો નોંધાવ્યો છે.

કન્નુર જિલ્લા ભાજપ અધ્યક્ષ એન. હરિદાસનના કહેવા પ્રમાણે, પાર્ટીએ તમામ મતવિસ્તારોમાં સતત પ્રયાસો કર્યા. "જ્યારે સુરેશ ગોપી સતત થ્રિસુરમાં હાજર હતા, સ્થાનિક મુદ્દાઓને જવાબ આપતા હતા, મુરલીધરને પણ લોકસભા ચૂંટણીના પાંચથી છ મહિના પહેલા અટિંગલમાં તેમનું કામ શરૂ કર્યું હતું..

પથનમથિટ્ટા બેઠક વિશે વાત કરતા, ભાજપના રાધાકૃષ્ણન કહે છે કે, પક્ષના ઉમેદવારની છબી સ્વચ્છ હતી, પરંતુ પક્ષની જીત યુડીએફની તરફેણમાં લઘુમતી મતોના એકત્રીકરણને કારણે થઈ હતી.

કેરળ સ્થિત રાજકીય વિશ્લેષક જોસેફ સી. મેથ્યુનું માનવુ છે કે, કેરળમાં કે ભાજપનો ઉદય રાતોરાત થયો નથી, કારણ કે પક્ષ દરેક ચૂંટણીમાં સતત તેના વોટ શેરમાં વધારો કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે જ્યાં સુધી UDF અથવા LDF જેવા ધર્મનિરપેક્ષ પક્ષો રાજકીય શિક્ષણમાં સામેલ નહીં થાય ત્યાં સુધી ભાજપ રાજ્યમાં આગળ વધતો રહેશે. તેમના મતે રાજ્યમાં ડાબેરી પક્ષોની ચૂંટણી રણનીતિને પણ આંચકો લાગ્યો હતો, જેના પરિણામે વર્તમાન પરિણામો આવી રહ્યા છે.

દરમિયાન, રાજકીય વિશ્લેષક વિન્સેન્ટે ધ્યાન દોર્યું કે ડાબેરી પક્ષોની ચૂંટણી વ્યૂહરચનાને આંચકો લાગ્યો છે કારણ કે તેઓ નાગરિકતા (સુધારા) અધિનિયમ (CAA) અને લઘુમતીઓના રક્ષણ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, કે જે બિનસાંપ્રદાયિકતા અને લોકશાહીને અસરકારક રીતે અસર કરતાં નથી.

વિન્સેન્ટે કહ્યું, "ડાબેરીઓએ તેમના અભિયાન પર પુનર્વિચાર કરવો જોઈએ. કેરળમાં લઘુમતીઓ ઉત્તર કે ઉત્તર-પૂર્વના લઘુમતીઓ જેવા નથી. તેઓ રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક રીતે શક્તિશાળી છે. તેથી, ડાબેરીઓએ તેમને બચાવવાની વાત કરવાને બદલે બિનસાંપ્રદાયિકતા, લોકશાહી અને મોદીના કથિત ફાસીવાદી શાસનને બચાવવાની વાત કરવી જોઈતી હતી.

### યોગી ફેક્ટર...

જેલમાં ગયા છે. દિલ્હી અને પંજાબમાં તેમની પાર્ટીને લોકસભાની ચૂંટણીમાં મોટો ફટકો પડ્યો છે. તેમની વિશ્વસનીયતા સામે પણ અનેક સવાલો છે. જોકે તેમણે યુપીમાં ભાજપને નુકસાન કર્યું હોવાનું પ્રથમ દ્રષ્ટિએ રાજકીય વિશ્લેષકોને દેખાય છે.

યોગીએ કેજરીવાલ પર વિશ્વાસ મૂક્યો હશે...? વિશ્વાસ મૂકીને, મને તો બદલી નાંખશે એમ માનીને તે પછીના તબક્કામાં નિષ્ક્રિય થઇ ગયા હશે...? એવા સવાલોને બળ મળે છે કેમ કે પૂર્વ સીએમ વિજય રૂપાણીએ પરિણામ બાદ ખાસ તો યુપીમાં ઓછી બેઠકો અંગે એમ કહ્યું હતું કે યુપીમાં કંઈક બહુ મોટુ થઈ ગયુ છે અને તેથી બેઠકો ઓછી થઈ ગઈ...! તેમણે જો કે કોઈ ફોડ પાડ્યો નહોતો. તો શું એમ કહી શકાય કે કેજરીવાલે જે કહ્યું તે કોઈ સંગઠન દ્વારા તેમના મુખે બિગબોસને સંદેશો આપવા માટે કહેવામાં આવ્યું હશે...?! પ્રભુ શ્રીરામ જાણે...

અનુસંધાન પેજ 12 પરથી...

### PRLના

અન્ય ગ્રહ પર મળી આવતા ક્રેટરના નામ મંજૂર કરવાનું કામ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન કરે છે. આઈએયુની બેઠકમાં આ ત્રણેય નામ મંજૂર કરવામાં આવ્યા હતા.

પીઆરએલના વિજ્ઞાનીઓએ નામ ઉપરાંત આ ત્રણેય ક્રેટરનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવતો લેખ 'સાયન્સ ડાયરેક્ટ' જર્નલમાં લખ્યો હતો. એ મુજબ મંગળ પર કરોડો વર્ષ પહેલા પાણીની હેરાફેરી કઈ રીતે થતી હશે એ સમજવામાં આ સ્થળો ઉપયોગી છે. 1 કિલોમીટર કે તેનાથી વધારે વ્યાસ હોય એવા ક્રેટરનું નામકરણ થતું હોય છે. આ પહેલા શોધાયેલા કેટલાંક ક્રેટર્સને ભરુચ, પૂના, રાયદૂર્ગ, જેસલમેર, કાકોરી.. વગેરે નામ અપાયા જ છે. આવા ક્રેટર જ્વાળામુખીની મુખ હોય અથવા તો ભૌગોલિક ઉથલપાથલથી રચાતા હોય છે.

### સિવિલમાં

ડો.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે આ ગુપ્ત અંગદાનથી મળેલી કિડની તેમજ લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. તેમજ હૃદયનું દાન સિવિલ મેડીસીટી કેમ્પસ ખાતે આવેલી યુ.એન.મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરી કુલ ચાર લોકોની જિંદગી બચાવી શકીશું.

### અમેરિકા જવાનો

રશિયા મોકલવામાં આવતા હતા. ત્યારબાદ દોઢેક વર્ષ પહેલા એજન્ટોએ અમેરિકામાં પણ ક્રિકેટની પોપ્યૂલારિટી વધતા સ્પોર્ટ્સ વિઝાનું રેકેટ શરૂ કર્યું હતું, જેમાં ઉત્તર ગુજરાતના કેટલાક એજન્ટો સામેલ છે અને તેઓ સ્પોર્ટ્સ વિઝા પર એક વ્યક્તિને અમેરિકા મોકલવાનો 40-45 લાખ રૂપિયા ચાર્જ કરે છે.

આ બેનંબરી ધંધાની મોડસ ઓપરેન્ડી અંગે વાત કરતા એક સૂત્રએ જણાવ્યું હતું કે જે લોકોને સ્પોર્ટ્સ વિઝા પર અમેરિકા મોકલવાના હોય છે તેઓ ક્રિકેટર છે તેવું પ્રસ્થાપિત કરવા એજન્ટો પોતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે અથવા બીજી કોઈ સંસ્થા મારફતે કરાવે છે, જેમાં આવા લોકોને પણ સામેલ કરાય છે અને તેઓ ક્રિકેટર છે તેનું સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે, આ સર્ટિફિકેટનો ઉપયોગ એજન્ટો અમેરિકામાં સ્પોન્સરશિપ તેમજ વિઝા મેળવવા માટે કરે છે.

# બદલાયેલા સંજોગોમાં પીએમ મોદી માટે આર્થિક સુધારા સરળ નથી: નિષ્ણાતો

**■ આ ઉપરાંત મોંઘવારીને નિયંત્રણમાં રાખવાનો પડકાર રહેશે...**

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સત્તા પર પાછા ફરવું એ મહત્વપૂર્ણ સુધારાઓને સંપૂર્ણ રીતે લાગુ કરવાનું પડકારજનક બનાવશે. ઈકોનોમિસ્ટના મતે લોકસભા ચૂંટણીની મતગણતરીનાં પરિણામો દર્શાવે છે કે વર્તમાન NDAએ 292 સીટો જીતી છે. પરંતુ ભાજપ પોતાના દમ પર સરકાર બનાવવા માટે જરૂરી 272નો આંકડો ઓછો પડ્યો છે. તેણે તેને “નકારાત્મક આશ્ચર્ય” ગણાવ્યું છે..

ડોમેસ્ટિક બ્રોકરેજ ફર્મ એમકે ગ્લોબલે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ત્રીજી ટર્મ માટે વડાપ્રધાન તરીકે વાપસી કરી છે. જો કે, તેઓએ શાસનમાં બદલાયેલા સંજોગોનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં આર્થિક નીતિની વ્યાપક દિશામાં પરિવર્તનની કોઈ શક્યતા નથી. સ્વિસ બ્રોકરેજ ફર્મ યુબીએસના વિશ્લેષકોએ આશા વ્યક્ત કરી હતી કે નવી સરકાર ઉત્પાદન, નિયમનકારી પ્રક્રિયાઓને સરળ બનાવવા, શ્રમ સુધારાઓ અમલમાં મૂકવા, કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકો ઊભી કરવા સહિત સપ્લાય-સાઇડ સુધારાઓને આગળ વધારવા પર કામ કરશે.

યુબીએસએ જણાવ્યું હતું કે જો કે, અમને લાગે છે કે આ સરકાર માટે જમીન સુધારણા, માળખાગત સુવિધાઓ પર ખર્ચને પ્રોત્સાહન આપવા, ડિસઈન્વેસ્ટમેન્ટ, કૃષિ બિલ, સમાન નાગરિક સંહિતા અને સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવા જેવા સખત સુધારાઓ લાગુ કરવા પડકારજનક રહેશે.



આરબીએલ બેંકના અચલા જેઠમલાણીએ જણાવ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની સાંકડી જીતથી જરૂરી સુધારાને વેગ મળશે જે ભારતની વૃદ્ધિ વાર્તાને ટેકો આપશે. એમકેએ જણાવ્યું હતું કે તેલુગુ દેશમ પાર્ટી અને જનતા દળ (યુનાઈટેડ) જેવા પ્રાદેશિક સહયોગીઓ પર સરકારની નિર્ભરતાને કારણે, તેણે તે મુજબ તેની નીતિઓને સમાયોજિત કરવી પડશે.

નિષ્ણાતો કહે છે કે ભારતમાં રચાયેલી નવી સરકારને મજબૂત અર્થતંત્ર વારસામાં મળશે. મજબૂત કરવેરા આવક, ડિજિટલ અને નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપી વિસ્તરણ અને મજબૂત ઉત્પાદન ક્ષેત્ર સાથે વિક્રમી આર્થિક વૃદ્ધિ દર નવી સરકારને આગામી પેઢીના સુધારાને આગળ ધપાવવાનો પાયો પૂરો પાડશે જે દેશને 2047 સુધીમાં વિકસિત દેશ બનાવી શકે. જો કે નવી સરકારને બેરોજગારી જેવી સમસ્યાનો પણ સામનો કરવો પડશે. ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ચૂંટણી દરમિયાન આ મુદ્દાઓએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત મોંઘવારી નિયંત્રણમાં રાખવાનો પડકાર રહેશે.

જાણકારોના મતે ભાજપ સહિત કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી. આવી સ્થિતિમાં, મોટા પાયે ખાનગીકરણ અને શ્રમ કાયદામાં ફેરફારો જેવા સુધારાને હાલ પૂરતું અટકાવી શકાય છે. નવી સરકાર પાસે 2023-24માં નોંધાયેલ 8.2 ટકા જીડીપી વૃદ્ધિને આગળ વધારવાની જવાબદારી હશે અને ભારતને 2047 સુધીમાં $5 ટ્રિલિયનની અર્થવ્યવસ્થા અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે આગામી થોડા વર્ષોમાં સુધારાને આગળ ધપાવવા પડશે.

EY ઈન્ડિયાના મુખ્ય નીતિ સલાહકાર ડીકે શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે આત્મનિર્ભર વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતને લાંબા ગાળે ફાયદો થશે. આનાથી સેવાઓ અને માલ બંનેની નિકાસ વધારવાનો અવકાશ પણ ઉભો થશે. નવી સરકારને અર્થતંત્ર માટે મજબૂત પાયો મળશે, જે આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત દેશ બનવાના લક્ષ્યને હાંસલ કરવાના લક્ષ્ય સાથે આગળ વધવા માટે તૈયાર હશે. મોદી સરકારના 10 વર્ષના કાર્યકાળ દરમિયાન ભારત 11મીથી વૈશ્વિક સ્તરે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. 2014 પહેલા બનેલી ‘નબળી’ અર્થવ્યવસ્થાની છબી તેમાંથી બહાર આવી છે.

# નોંધી લો: આધારથી લઈને ક્રેડિટ કાર્ડ સુધીની સુવિધાની સમયમર્યાદા જૂનમાં પૂરી થઈ રહી છે

**■ પર્સનલ ફાઈનાન્સ સાથે જોડાયેલી ઘણી બાબતોની સમયમર્યાદા જૂનમાં સમાપ્ત થઈ રહી છે**

ગુજરાત | વંદન

પર્સનલ ફાઈનાન્સ સાથે જોડાયેલી ઘણી બાબતોની સમયમર્યાદા જૂનમાં સમાપ્ત થઈ રહી છે. જેમાં ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ અને શેરબજાર સંબંધિત કેટલાક નિયમો સામેલ છે. જાણીએ કે કઈ વસ્તુઓની ડેડલાઈન જૂનમાં પૂરી થઈ રહી છે.

મ્યુચ્યુઅલ ફંડ નોમિનેશન- સેબીએ મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે નોમિનેશન માટેની છેલ્લી તારીખ 30 જૂન, 2024 નક્કી કરી છે. આમ કરવામાં નિષ્ફળતાના પરિણામે તેમનું ડીમેટ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવશે. જેમણે નોમિનેશન કર્યું નથી તેમના માટે આ ફરજિયાત છે. જો નોમિનેશન નહીં કરવામાં આવે તો 1 જુલાઈ, 2024થી કોઈપણ પ્રકારની લેવડદેવડ બંધ થઈ જશે.




ખાસ FDમાં રોકાણ કરવાની છેલ્લી તક- કેટલીક બેંકોએ ખાસ FD લોન્ચ કરી છે. જો તમે નિર્ધારિત સમય મર્યાદામાં વિશેષ FDમાં રોકાણ કરી શકતા નથી, તો તમે ઊંચા વ્યાજનો લાભ મેળવી શકશો નહીં. IDBI બેંકે સ્પેશિયલ ઉત્સવ FD લોન્ચ કરી છે, જે 300, 375 અને 444 દિવસની FD પર 7.05% થી 7.7% FD વ્યાજ ઓફર કરે છે. આમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ 30 જૂન છે.ઈન્ડિયન બેંક સ્પેશિયલ FD હેઠળ 300 દિવસ અને 400 દિવસ પર રોકાણકારોને 7.05% થી 8% વ્યાજ આપી રહી છે. આમાં રોકાણ કરવાની છેલ્લી તક પણ 30મી જૂન છે. જ્યારે પંજાબ એન્ડ સિંધ બેંક વિશેષ FD હેઠળ 222 દિવસ, 333 દિવસ અને 444 દિવસની મુદત પૂરી પાડે છે. આ અંતર્ગત 7.05 ટકાથી 7.25 ટકા સુધીનું વ્યાજ આપવામાં આવશે, જેમાં રોકાણ કરવાની છેલ્લી તક 30 જૂન છે.સ્વિગી એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ- HDFC બેંકે તેના સૌથી લોકપ્રિય સ્વિગી HDFC બેંક ક્રેડિટ કાર્ડની કેશબેક યોજનામાં વિશેષ ફેરફારો કર્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નવો કેશબેક નિયમ 21 જૂન, 2024થી પ્રભાવી માનવામાં આવશે.

મફત આધાર અપડેટની અંતિમ તારીખ- મફતમાં આધાર અપડેટ કરવાની છેલ્લી તારીખ 14 જૂન, 2024 છે. 14 જૂન પછી, જો તમે તમારા આધાર કાર્ડમાં તમારું સરનામું અને ઓળખ અપડેટ કરો છો, તો તમારે 50 રૂપિયાનો ચાર્જ ચૂકવવો પડશે. UIDAI એ સૂચવ્યું હતું કે જો તમારું આધાર કાર્ડ 10 વર્ષ જૂનું છે તો તમારે આ ઓળખ ID હેઠળ વસ્તી વિષયક માહિતી અપડેટ કરવી જોઈએ.

# પતિ દ્વારા ઇલેક્ટોરલ બોન્ડની ભારે ટીકા અને આરોપ છતાં પત્નીનો મંત્રીમંડળમાં સમાવેશ

**■ નિર્મલા સિતારામન નાણામંત્રી બનતા જ બજેટની તૈયારીમાં લાગ્યા**

ગુજરાત | વંદન

કેન્દ્રમાં ફરીથી નાણામંત્રી તરીકેની જવાબદારી મળતાં જ નિર્મલા સિતારામને આગામી બજેટ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જુલાઈમાં તેઓ વચગાળાનું બજેટ રજૂ કરશે. તેઓ સતત ત્રીજી વખત નાણમંત્રી બન્યા છે અને વડાપ્રધાન મોદીના ગુડબુકમાં હોવાથી તેમને ફરીથી સરકારમાં સ્થાન મળ્યું છે. કેમ કે તેમના પતિ દ્વારા જાહેરમાં ખુલ્લઆમ મિડિયામા ઈલેક્ટોરલ બોન્ડ મોટુ ભ્રષ્ટાચાર હોવાનો આરોપ મોદી સરકાર પર મૂકવામાં આવ્યો હતો. તેમ છતાં નિર્મલાને ફરીથી સરકારમાં સ્થાન મળ્યું તે



સૂચક છે.દરમ્યાનમાં, ત્રીજી વખત વડાપ્રધાન બનતાની સાથે જ નરેન્દ્ર મોદીએ વિભાગોની વહેંચણી કરી દીધી છે. નિર્મલા સીતારમણ પાસે ફરી નાણાં મંત્રાલય છે. . નાણા મંત્રાલયમાં નિર્મલા સીતારમણનો અત્યાર સુધીનો કાર્યકાળ શાનદાર રહ્યો છે. અગાઉ રવિવારે નિર્મલા સીતારમણે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા અને હવે તેમને ફરીથી નાણાં મંત્રાલયનો હવાલો સોંપવામાં આવ્યો છે. નિર્મલા સીતારમણ હવે પૂરક બજેટની તૈયારી શરૂ કરશે.જો આપણે નિર્મલા સીતારમણની રાજકીય સફર પર નજર કરીએ તો, તેમણે 31 મે 2019ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રી અને ભારતના 28મા નાણાં મંત્રી તરીકે શપથ લીધા હતા. તેમણે ભારતના બીજા મહિલા સંરક્ષણ પ્રધાન તરીકે પણ સેવા આપી છે. સીતારામન 2006માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા અને 2010માં પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા તરીકે નિયુક્ત થયા હતા. 2014માં, સીતારમણને નરેન્દ્ર મોદીની કેબિનેટમાં આંધ્ર પ્રદેશમાંથી જુનિયર મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા હતા અને આંધ્ર પ્રદેશમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. નિર્મલા સીતારમણનો જન્મ 18 ઓગસ્ટ, 1959ના રોજ તમિલનાડુના મદુરાઈમાં થયો હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ઔદ્યોગિક સંસ્થાઓ FICCI, ASSOCHAM અને CIIએ વડાપ્રધાન મોદીના ઓવારણાં લીધા

**■ નવી ઈનિંગની શરૂઆત સાથે વેપારની સમગ્ર ઈકોસિસ્ટમ ફરી સક્રિય થઈ ગઈ-સંસ્થાઓનું તારણ**

ગુજરાત | વંદન

ઔદ્યોગિક સંસ્થાઓ FICCI, ASSOCHAM અને CIIએ નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે. FICCIના પ્રમુખ ડૉ. અનીશ શાહે જણાવ્યું હતું કે કેન્દ્રમાં સ્થિર સરકાર સાથે આર્થિક પરિદ્રશ્ય વધુ મજબૂત બનશે. તેમણે કહ્યું કે FICCI પ્રગતિશીલ નીતિઓ અને પગલાંની રાહ જુએ છે જે આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપશે અને ‘વિકસિત ભારત’ માટે મજબૂત પાયો નાખશે.

જ્યારે, એસોચેમના પ્રમુખ સંજય નાયરે કહ્યું કે, વડાપ્રધાન



નરેન્દ્ર મોદીએ ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના રાષ્ટ્રીય સંકલ્પને ફરી જાગૃત કર્યો છે. તેમણે કહ્યું કે નવી ઈનિંગની શરૂઆત સાથે ઉદ્યોગ, વેપાર અને નાણાકીય બજારોની સમગ્ર ઈકોસિસ્ટમ ફરી સક્રિય થઈ ગઈ છે. ભારતીય ઉદ્યોગ સંઘે સોમવારે કહ્યું કે તેને વિશ્વાસ છે કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારતની આર્થિક ગતિ ચાલુ રહેશે અને તે ટૂંક સમયમાં વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ થઈ જશે. સીઆઈઆઈના પ્રમુખ સંજીવ પુરીએ પીએમ નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

CIIના પ્રમુખ સંજીવ પુરીએ કહ્યું કે, સતત ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળવા બદલ તેમને અભિનંદન. પુરીએ વધુમાં કહ્યું કે નાણાકીય વર્ષ 2023-24માં ભારતીય અર્થવ્યવસ્થા 8.2 ટકાના દરે વૃદ્ધિ પામી છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારત સુધારાના આગલા તબક્કા દ્વારા વૈશ્વિક તકોનો મહત્તમ લાભ લઈ શકે છે. સાથે જ કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થાનો પાયો ખૂબ જ મજબૂત છે.


# અદાણી સીએનજી-પીએનજીની સાથે હવે ડ્રોન હથિયારો પણ બનાવીને વેચશે

**■ યુએઈની કંપની સાથે મળીને મિસાઈલ, ડ્રોન અને અન્ય આધુનિક હથિયારો બનાવશે**

ગુજરાત | વંદન

અદાણી ગ્રૂપના ચેરમેન અને દેશના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીનું સંરક્ષણ ક્ષેત્રે વર્ચસ્વ વધી રહ્યું હોય તેમ તેમની કંપની અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે UAEની કંપની EDGE ગ્રુપ સાથે ડીલ કરી છે. આ કરારની જેમ હવે બંને કંપનીઓ સંયુક્ત રીતે સેના માટે મિસાઈલ, ડ્રોન અને અન્ય આધુનિક હથિયારો બનાવશે.

આ કરાર અંગેની માહિતી મંગળવારે અદાણી ગ્રુપ દ્વારા




શેર કરવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ અને એજ ગ્રુપ આધુનિક શસ્ત્રોના ઉત્પાદન તેમજ ઈલેક્ટ્રોનિક અને સાયબર સિસ્ટમના વિકાસમાં સાથે મળીને કામ કરશે. બંને કંપનીઓ વચ્ચેના આ કરાર હેઠળ, સંશોધન અને વિકાસ સુવિધાઓ સ્થાપિત કરવા પર વિચારણા સાથે, સંરક્ષણ ક્ષેત્રમાં તકનીકી વૃદ્ધિ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

આ કરારનો ઉદ્દેશ્ય અદાણી ગ્રુપ અને એજ ગ્રુપની બંને કંપનીઓની સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષમતાઓનો ઉપયોગ કરીને વૈશ્વિક પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો છે. જેથી બંનેના સંબંધિત પ્રોડક્ટ પોર્ટફોલિયોને એકસાથે લાવીને રજૂ કરી શકાય.

આમાં EDGE અને અદાણીના મુખ્ય ઉત્પાદન ડોમેન્સમાં સહયોગનું મૂલ્યાંકન, મિસાઈલ્સ અને માનવરહિત એરિયલ સિસ્ટમ્સ (UAS), લોઈટરિંગ મ્યુનિશન્સ, કાઉન્ટર સાયબર ટેક્નોલોજી સહિત હવા, સપાટી, પાયદળ, દારૂગોળો અને હવાઈ સંરક્ષણ ઉત્પાદનોને આવરી લેવાનો સમાવેશ થાય છે.

# એનર્જી કંપનીઓ સહિત આગામી 2 મહિનામાં 20-25 IPO આવી શકે

**■ આ કંપનીઓ 30,000 કરોડનું જંગી ભંડોળ એકત્ર કરી શકે છે**

ગુજરાત | વંદન

પ્રાઈમરી માર્કેટમાં ફરી એકવાર મજબૂત પ્રવૃત્તિની અપેક્ષા છે. એવું માનવામાં આવે છે કે આગામી 2 મહિનામાં 20-25 IPO આવવાના છે. આ કંપનીઓ બજારમાંથી રૂપિયા 30,000 કરોડનું જંગી ભંડોળ એકત્ર કરી શકે છે.કેલેન્ડર વર્ષ 2024ની વાત કરીએ તો અત્યાર સુધીમાં 30 કંપનીઓના IPO પ્રથમ છ મહિનામાં આવી ચૂક્યા છે. આ કંપનીઓએ મળીને રૂપિયા 28200 કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે. કેલેન્ડર વર્ષ 2023 વિશે વાત કરીએ તો




પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં માત્ર 9 કંપનીઓનો IPO આવ્યો હતો અને ફંડ એકત્ર કરવાનું કદ રૂપિયા 8070 કરોડ હતું.આગામી સમયમાં ઓલા ઈલેક્ટ્રીક, એમક્યોર ફાર્મા, મોબીક્વિક સિસ્ટમ, બંસલ વાયર જેવી કંપનીઓના આઈપીઓ આવવાના છે. કદ વિશે વાત કરીએ તો, સંભવિત ધોરણે ઓલા ઈલેક્ટ્રિક રૂ. 7250 કરોડ, Emcure ફાર્મા રૂ. 5000 કરોડ, બંસલ વાયર્સ રૂ. 745 કરોડ, Mobikwik સિસ્ટમ્સ રૂ. 1500 કરોડ,

...અનુસંધાન પેજ નં. 6 પર

# વિશ્વાસ: વિશ્વ બેંકે 2024-25 માટે ભારતનો જીડીપી વૃદ્ધિ દર વધારીને 6.6 ટકા કર્યો

**■ ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વૃદ્ધિ પામનાર દેશ રહેશે**

ગુજરાત | વંદન

વિશ્વ બેંકે ભારતના જીડીપી અંગે અનુમાન લગાવ્યા છે, જેમાં વિશ્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં 20 બેસિસ પોઈન્ટનો વધારો કરીને 6.6 ટકા કર્યો છે. નોંધનીય છે કે આ તેના અગાઉના




જાન્યુઆરીમાં કરવામાં આવેલા 6.4 ટકાના અંદાજ કરતાં વધુ છે. વિશ્વ બેંકે કહ્યું કે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વૃદ્ધિ પામનાર દેશ રહેશે, જોકે તેના વિસ્તરણની ગતિ ધીમી રહેશે.તેના તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં, ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સે અહેવાલ આપ્યો છે કે ભારતની ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વૃદ્ધિ, જેમાં ઉત્પાદન અને બાંધકામનો સમાવેશ થાય છે, તે અપેક્ષા કરતાં વધુ મજબૂત હતો, તેની સાથે સ્થિતિસ્થાપક સેવાઓની પ્રવૃત્તિ કે જેણે ચોમાસાને કારણે કૃષિ ઉત્પાદનને વધારવામાં મદદ કરી હતી . સ્થાનિક માંગમાં વૃદ્ધિ મજબૂત રહી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના રોકાણમાં પુનઃપ્રાપ્તિ દ્વારા સંચાલિત, ઉપભોગ વૃદ્ધિમાં મંદીને સરભર કરે છે.

# પેટ્રોલ-ડિઝલના ભાવ ક્યારે ઘટશે...? ક્રૂડની કિંમત 75-80 ડોલર પ્રતિ બેરલ થશે ત્યારે..!!

**■ નિર્ણયમાં ફેરફાર: BPCL દ્વારા જંગી કમાણી થતાં હવે તેનું ખાનગીકરણ નહીં થાય**

ગુજરાત | વંદન

મોદી 3.0માં સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ અંગે સમીક્ષા કરે તેમ છે. અને હવે સરકારની વ્યૂહરચના થોડી બદલાઈ હોવાનું અભ્યાસુઓને જણાઇ રહ્યું છે. સરકાર તેના છેલ્લા કાર્યકાળ દરમિયાન ઓઈલ કંપનીના ડિસઈન્વેસ્ટમેન્ટમાં વ્યસ્ત હતી. હવે સરકારનું વલણ બદલાયું છે. બીજી તરફ, મંત્રીના ખુલાસા પછી વપરાશકારોને એમ લાગી રહ્યું છે



કે, ઈંધણના ભાવ હજુ નજીકના ભવિષ્યમાં ઘટે તેમ જણાતુ નથી. કેમ કે સરકાર જે બચાવ કરે છે તે અગાઉ પણ ઘણીવાર એવુ કહેવામાં આવ્યું છે તેમ છતાં હજુ સુધી ઈંધણના ભાવ હજુ સુધી ઘટ્યા નથી.

પેટ્રોલિયમ મંત્રાલય સંભાળતાની સાથે જ હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે હાલમાં BPCLમાં ડિસઈન્વેસ્ટમેન્ટનો કોઈ ઈરાદો નથી.ડિસઈન્વેસ્ટમેન્ટના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું કે સરકારને ઓઈલ અને ગેસ પીએસયુમાંથી 19-20 ટકા આવક મળે છે. તેથી હવે BPCLમાં વિનિવેશ કરવાનો કોઈ ઈરાદો નથી સંશોધન અને ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના છે. ટૂંક સમયમાં તેલનું ઉત્પાદન વધારીને 45,000 બેરલ પ્રતિ દિવસ કરવામાં આવશે. આ સાથે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે જ્યારે ક્રૂડની કિંમત 75-80 ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી જશે ત્યારે જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે. હરદીપ સિંહ પુરીએ કહ્યું કે BPCL ગ્રીનફિલ્ડ રિફાઈનિંગની તૈયારીના અદ્યતન તબક્કામાં છે. પેટ્રોલ-ડીઝલને GSTના દાયરામાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટવા હજુ મુશ્કેલ છે.

તેમણે કહ્યું, ‘સરકાર PSU ઓઈલ કંપનીઓના વિનિવેશના પક્ષમાં નથી. તો પછી તમે BPCL જેવા સફળ મહારત્નનું વિનિવેશ કેમ કરશો? તેમણે કહ્યું કે ગ્રીન હાઈડ્રોજન, રિફાઈનરી, ઈથેનોલ વગેરે પર ફોકસ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, BPCLનો નાણાકીય વર્ષ 2024 ના પહેલા છ મહિનામાં 19,000 કરોડ રૂપિયાથી વધુનો ચોખ્ખો નફો થયો હતો. BPCLએ નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ક્વાર્ટરમાં રૂ. 4,789.57 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની તુલનામાં 30% ઓછો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂ. 6,870.47 કરોડ હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

# મોદી અને અમિત શાહના નિવેદનોની સેબી દ્વારા તપાસ કરવાની માગણી

**■ ટીએમસીના નેતા ગોખલેએ આ અંગે માર્કેટ રેગ્યુલેટર સેબીમાં ફરિયાદ કરી**


ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી 2024ના પરિણામો જાહેર થયા પહેલા 3 જૂનના રોજ શેરબજારમાં જોરદાર ઉછાળો આવ્યો હતો અને ત્યારબાદ 4 જૂને જ્યારે ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યારે બજાર તૂટ્યું હતું. કોંગ્રેસે હાલમાં જ શેરબજારમાં આવેલા આ ઉતાર-ચઢાવને સૌથી મોટું કૌભાંડ ગણાવ્યું હતું અને જેપીસી તપાસની માંગણી કરી હતી, જ્યારે હવે દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર બની છે ત્યારે ફરી આ મુદ્દો ઉભો થયો છે. .

વાસ્તવમાં ટીએમસીના નેતા સાકેત ગોખલેએ આ અંગે માર્કેટ રેગ્યુલેટર સેબીમાં ફરિયાદ કરી છે અને તપાસની માંગ કરી છે. TMC રાજ્યસભાના સાંસદ સાકેત ગોખલેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર (હવે X) પર તેમના સત્તાવાર એકાઉન્ટમાંથી એક પોસ્ટ કરીને આ માહિતી શેર કરી છે.

તેણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ‘મેં શેરબજારમાં ચાલાકીને લઈને સેબીમાં બીજી નવી ફરિયાદ દાખલ કરી છે, ખાસ કરીને પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહના આવા નિવેદનોની તપાસ કરવાની માગણી કરવામાં આવી છે જેના પરિણામોમાં રોકાણકારોને શેરમાં રોકાણ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

સાકેત ગોખલેના જણાવ્યા મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના આ નિવેદનો સેબી રેગ્યુલેશન્સ, 2013 હેઠળ ગેરકાયદેસર રોકાણ સલાહ છે. આ સાથે ટીએમસી નેતાએ પોતાની પોસ્ટમાં કહ્યું કે મેં માર્કેટ રેગ્યુલેટર સેબીને પણ તપાસ કરવા કહ્યું છે કે શું મોદી, શાહ



કે બીજેપી સાથે સંકળાયેલી કોઈ સંસ્થાએ 3 અને 4 જૂને શેરબજારમાં દખલગીરી કરી હતી.) વધઘટ દરમિયાન નફો કર્યો છે. .

ગોખલેએ કહ્યું- સત્ય બહાર ન આવે ત્યાં સુધી તપાસ થવી જોઈએ.ટીએમસી સાંસદે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં સેબીમાં નોંધાવેલી ફરિયાદનો ફોટો પણ શેર કર્યો છે. આ સાથે તેમણે કહ્યું છે કે પીએમ મોદી અને ભાજપ હવે પૂર્ણ બહુમત સાથે સરકાર નથી ચલાવી રહ્યા.

સેબીની કાર્યવાહીની સાથે, જો જરૂર પડશે તો આ મામલો સંસદમાં પણ ઉઠાવવામાં આવશે, કારણ કે તેમના નિવેદનો અને નકલી એક્ઝિટ પોલના કારણે ભારતીય રોકાણકારોને 30 લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. સાકેત ગોખલેએ કહ્યું કે સત્ય બહાર ન આવે ત્યાં સુધી આ કૌભાંડની તપાસ કરવામાં આવે.

સાકેત ગોખલે પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. ચૂંટણી પરિણામના દિવસે શેરબજારમાં આવેલી સુનામીને લઈને પત્રકાર પરિષદ દરમિયાન તેમણે કહ્યું હતું કે ભારતીય શેરબજારના ઈતિહાસમાં આ સૌથી મોટું કૌભાંડ છે. તેમણે આ મામલે જેપીસીની માંગણી કરી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમિત શાહ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણા પ્રધાન નિર્મલા સીતારમણે લોકોને શેર ખરીદવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે શેરબજારમાં રેકોર્ડ વધારો થયો છે.રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, પીએમ મોદી, અમિત શાહ અને નિર્મલા સીતારમણને પહેલાથી જ અંદાજ હતો કે આ વખતે તેઓ લગભગ 220 સીટો મેળવશે, પરંતુ નકલી એક્ઝિટ પોલ દ્વારા લોકોમાં જૂઠ ફેલાવવામાં આવ્યું. આ પછી, એક્ઝિટ પોલના અંદાજ પછી તરત જ, શેરબજારે એવો ઉછાળો માર્યો કે તેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા, પરંતુ બીજા જ દિવસે 4 જૂને શેરબજારમાં ભારે ઘટાડો થયો હતો.


3 જૂને એક્ઝિટ પોલના અંદાજો સામે આવ્યા બાદ શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો અને રોકાણકારોએ 13.7 લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. લગભગ તમામ એક્ઝિટ પોલમાં ભાજપની બમ્પર જીત જોવા મળી હતી. બીજા દિવસે એટલે કે 4 જૂને પરિણામના દિવસે બજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

# રાહત: જીવન વીમા પોલીસી સાથે જોડાયેલા 2 નિયમમાં ફેરફાર કરાયા

**■ હવે પોલિસી સરેન્ડર કરવા પર મળશે વધુ પૈસા, લોન માટે કરાઈ જોગવાઈ**

ગુજરાત | વંદન

દેશમાં જીવન વીમા સંબંધિત નિયમો બનાવતી અને કંપનીઓના કામકાજ પર દેખરેખ રાખતી સંસ્થા IRDAIએ કરોડો પોલિસી ધારકોને મોટી રાહત આપી છે. વીમા નિયમનકારી સંસ્થા IRDAI એ હવે તમામ જીવન વીમા બચત ઉત્પાદનોમાં પોલિસી લોન સુવિધા ફરજિયાત બનાવી છે, જે પોલિસીધારકોને તેમની રોકડ જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે. આ સાથે જીવન વીમા પૉલિસીધારકોને વધુ સારી સરેન્ડર વેલ્યુ મળશે જો તેઓ એક વર્ષના સમયગાળા પછી પૉલિસી સરેન્ડર




કરે છે તો. જીવન વીમા પોલિસી અંગેના તમામ નિયમોને લગતો ‘માસ્ટર’ પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. IRDAએ કહ્યું કે ‘ફ્રી-લૂક’નો સમયગાળો હવે 30 દિવસનો છે.
પહેલા આ સમયગાળો 15 દિવસનો હતો. ‘ફ્રી-લૂક’ સમયગાળો પોલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવા માટે સમય પૂરો પાડે છે.

નવો ‘માસ્ટર’ પરિપત્ર સામાન્ય વીમા પોલિસી માટે નિયમનકાર દ્વારા હાથ ધરવામાં આવેલી સમાન પ્રક્રિયાને અનુસરે છે.

# AI સુંદરીઓની 'ફૅનવ્યુ બ્યુટી પેજન્ટ'સ્પર્ધા

આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) નામનો વડલો દિવસે નહીં એટલો રાતે વધીને ઘેઘૂર થઈ રહ્યો છે ત્યારે રોજબરોજ એકાદ નવી સિદ્ધિ એનો હિસ્સો બની રહી છે. AI સુંદરીઓ અને એમના વર્ચ્યુઅલ ફૅનવર્લ્ડથી પણ આપણે હવે અજાણ નથી એવા સમયે આવી સુંદરીઓની હવે પોતાની જ બ્યુટી પેજન્ટ આવી રહી છે. જાણીએ આજે આવી જ એક 'ફૅનવ્યુ બ્યુટી પેજન્ટ'ની ટોચની દસ સુંદરીઓ વિશે જેમાંની એક આપણી ભારતીય AI મૉડલ પણ છે

ગયા મહિને 'વર્લ્ડ AI ક્રીએટર અવૉર્ડ્સ'ની ઘોષણા થઈ જેમાં વિશ્વની પ્રથમ AI બ્યુટી પૅજન્ટની ઘોષણા કરવામાં આવી. જી હા, સ્પર્ધામાં વિશ્વભરની લગભગ ૧૫૦૦ જેટલી AI જનરેટેડ મૉડલ્સે ભાગ લીધેલો. આ સ્પર્ધામાં વિશ્વભરના AI ક્રીએટર્સ પોતાની ડિજિટલ સર્જનાત્મકતાને પ્રદર્શિત કરવામાં લાગી પડ્યા અને અંતે ટોચની ૧૦ સુંદરીઓ હવે શૉર્ટલિસ્ટ થઈ ગઈ છે. આ લિસ્ટમાં એક આપણી ભારતીય મૉડલ પણ છે.

ફૅનવ્યુ આમ તો AI સર્જકો માટે એક અગ્રણી સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ છે. એનો મુખ્ય ઉદ્દેશ તો કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં સૌંદર્ય અને સર્જનાત્મકતાનો સમન્વય કરીને પરિવર્તન લાવવાનો છે. જોકે આવી સ્પર્ધાઓ માટે લોકોને શંકા થાય એ સ્વાભાવિક છે, કારણ કે સુંદરતાનાં વાસ્તવિક જગતનાં પરિમાણો જ્યાં ઘણી વાર અવાસ્તવિક હોય છે ત્યારે જો અવાસ્તવિક જગતનું કોઈ 'પર્ફેક્શન' સાથે આવશે ત્યારે એને માપવાનો આપણો માપદંડ શું હશે એ તો ઘણો ઊંડો વિચાર માગી લે છે. મજાની વાત તો એ કે આ સ્પર્ધા ન કેવળ સ્પર્ધા છે, પણ એમાં ૨૦,૦૦૦ ડૉલર જેટલાં ઈનામો પણ રાખવામાં આવ્યાં છે. ફાઈનલિસ્ટોમાંથી ત્રણ AI મૉડલ વિજેતા તરીકે ઊભરી આવશે. એમની ગ્રૅન્ડ પ્રાઈઝ વિજેતા માત્ર ૫૦૦૦ ડૉલર જ ઘરે નહીં લઈ જાય, ૩૦૦૦ ડૉલરની મૂલ્યવાન મેન્ટરશિપ પ્રોગ્રામનો ઍક્સેસ પણ મેળવશે.

મૉડલ્સને મુખ્ય ત્રણ માપદંડોના આધારે ચકાસવામાં આવશે. એક સૌંદર્ય, બીજું એમની ઑનલાઈન પ્રેઝન્સ અને ત્રીજું, એ AI ટૂલ્સનો ઉપયોગ કરવામાં કેટલી કુશળ છે. આમાં પણ અન્ય બ્યુટી પેજન્ટની જેમ જ સ્પર્ધકોના 'વર્લ્ડ બેટરમેન્ટ ગોલ્સ' કેવા છે એ ચકાસવામાં આવશે. આ સ્પર્ધાની નિર્ણાયકોની પૅનલ પણ જોરદાર છે. આ પૅનલમાં બે વાસ્તવિક નિર્ણાયકોમાંના એક છે મીડિયાના સ્થાપક અને ઉદ્યોગ-સાહસિક ઍન્ડ્રુ બ્લોચ અને બીજા છે સૌંદર્યસ્પર્ધાના ઈતિહાસકાર સેલી-ઍન ફોસેટ. બાકીના બે AIનાં જ મૉડલ છે. એક છે આઈટાના લોપેઝ અને બીજા એમિલી પેલિગ્રીની, જેઓ વિક્ટોરિયાઝ સીક્રેટ જેવી બ્રૅન્ડ્સ માટે તેમની આકર્ષક 'મૉડલિંગ' કારકિર્દી માટે જાણીતા છે. જોકે અંતિમ નિર્ણય લેવાની શક્તિ આ વર્ચ્યુઅલ સ્પર્ધકો પાછળના સર્જકો પાસે રહે છે.ફૅનવ્યુના સહસ્થાપક વિલ મોનાનેજ આ ઈવેન્ટને AI ક્રીએટરોના ઉદ્યોગ માટે સંભવિત લૉન્ચપૅડ તરીકે જુએ છે. ફૅનવ્યુનું પ્લૅટફૉર્મ AI સર્જકોને ફૅનબેઝ બનાવવા અને એને મૉનેટાઈઝ કરવા માટે કેવી રીતે સશક્ત કરે છે એ પણ કહે છે. એક વાત તો ચોક્કસ છે કે આ અનોખી સૌંદર્યસ્પર્ધા છે જે સૌંદર્ય અને AI ટેક્નૉલૉજી બન્નેની દેખીતી પ્રગતિ છે.



## ઝારા શતાવરી, ભારત

ઝારા શતાવરી ભારતની પહેલી AI જનરેટેડ મૉડલ અને બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર છે. ઝારા શતાવરીને કુદરતી સપ્લિમેન્ટ્સનું ઉત્પાદન કરતી પ્રોડક્ટ 'હર્મોન્સ'ના પ્રભાવશાળી ચહેરા તરીકે લૉન્ચ કરવામાં આવી હતી. આ બ્રૅન્ડ મુખ્યત્વે મહિલાઓના હૉર્મોનલ અસંતુલનને દૂર કરવાનું કામ કરે છે. એક સામાજિક હેતુ માટે આ મૉડલને સર્જવામાં આવી છે. ટેક્નૉલૉજીનો લાભ લઈને હૉર્મોનલ ઈમ્બૅલૅન્સનાં મૂળ કારણો અને અસરોને સમજાવતી માહિતી ફેલાવવામાં ઝારાની બહુ રસપ્રદ ભૂમિકા રહી છે. એને લીધે જ ઝારાને 'PCOS ઍન્ડ ડિપ્રેશન વૉરિયર' જેવું નામ પણ આપવામાં આવ્યું છે. ઝારાના ઈન્સ્ટાગ્રામમાં લગભગ સાડા છ હજાર ફૉલોઅર્સ છે.

## ઍન કેર્ડી, ફ્રાન્સ




ઍનનું પ્રાથમિક ધ્યેય તો ફ્રાન્સના નૉર્થ વેસ્ટમાં આવેલા બ્રિટ્ટની પ્રદેશને પ્રોત્સાહન આપવાનું છે. સામાજિક રીતે એ બ્રિટ્ટનીને શક્ય એટલાં વધુ પાસાંઓમાં રજૂ કરીને હાઈલાઈટ કરવા માગે છે; જેમ કે પ્રવાસન, ઈતિહાસ, સંસ્કૃતિ, ઘટનાઓ વગેરે. એનો હેતુ AI દ્વારા પોતાની ક્ષમતાઓનું પ્રદર્શન કરીને વિઝ્યુઅલ, ટેક્સ્ટ, ઑડિયો અને વિડિયોથી એને લોકભોગ્ય બનાવવાનો છે. બ્રિટ્ટનીમાં દરિયાઈ ટૂરિસ્ટ કંપની ઓશનોપોલિસ (Oceanopolis) ની એ ઍમ્બૅસૅડર છે. આ કંપની મુખ્યત્વે સમુદ્રના સંરક્ષણ અને જાળવણી માટે ફન્ડ ઊભું કરે છે. એ ત્યાંના લોકોની આર્ટિસ્ટ કમ્યુનિટીનો હિસ્સો છે અને ત્યાંનું લોકલ નામ છે. એના આવા કનેક્શનને લીધે ત્યાંના ઘણા લોકો એને પ્રદેશની રાજદૂત તરીકે પણ જુએ છે. એના સોશ્યલ મીડિયા પર ૧૦,૦૦૦ ફૉલોઅર્સ છે.

## લલિના, ફ્રાન્સ



લલિનાના સર્જકોને બને એટલું વાસ્તવિક કશુંક બનાવવું હતું. એના માટે તેમણે પોતાની કલાત્મક દૃષ્ટિ વિકસાવીને એક એવી મૉડલ બનાવી જે લોકોને અલગ-અલગ સંસ્કૃતિ અને દૃષ્ટિકોણ સાથે કામ કરવા માટે પ્રભાવિત કરી શકે. લલિનાના આ ૧૦૦ ટકા ફોટો તેમણે જ બનાવ્યા છે જેને લીધે એની ઓરિજિનલિટી બની રહે. લલિનાનું ધ્યેય લોકોમાં સહાનુભૂતિ અને સહનશીલતા જેવા ગુણો ફેલાવવાનો છે. લલિનાના ઈન્સ્ટાગ્રામમાં લગભગ ૯૫,૦૦૦ ફૉલોઅર્સ છે.

## ઐયાના રેઇનબો, રોમાનિયા




ઐયાના એ LGBT સ્વીકૃતિ માટેનો એક અવાજ છે. એ તમામ સ્વરૂપોમાં પ્રેમ અને વિવિધતાને પ્રોત્સાહન આપે છે. ઐયાના એવી સમાનતા અને સમજણની હિમાયત કરે છે જેમાં બધા લોકો માટે સ્થાન, સન્માન અને સહાનુભૂતિ હોય. ઐયાનાના ઈન્સ્ટાગ્રામ પર ૩૦૦૦ ફૉલોઅર્સ છે.

## એલિઝા ખાન, બાંગ્લાદેશ



એલિઝા ખાન બંગલાદેશની પ્રથમ AI ઈન્ફ્લુઅન્સર્સમાંની એક છે. એ આપણી જેમ વધુ ને વધુ વાસ્તવિક દેખાય એ રીતે ડિઝાઈન કરવામાં આવી છે. એ એક ફૅશનિસ્ટા છે જે જેન ઝી ટ્રેન્ડ્સ અને સૌંદર્યશાસ્ત્રને અનુસરે છે. એલિઝાનું સપનું એક એવી દુનિયાનું નિર્માણ કરવાનું છે જ્યાં દરેક વ્યક્તિની કિંમત થાય, તેને માન મળે અને ન્યાયપૂર્ણ વર્તન કરવામાં આવે. અંતે એક સુમેળભર્યા સમાજને પ્રોત્સાહન મળે.




## ઇલ્યા લુ, બ્રાઝિલ

ઇલ્યા એક જૅપનીઝ-આફ્રો-બ્રાઝિલિયન કલાકાર છે જે પોસ્ટ-ફોટોગ્રાફી અને પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એને શરૂઆતમાં તો વિશેષ પ્રકારની ફિલ્મ-પ્રોજેક્ટ્સની શ્રેણી બનાવવા માટે બનાવવામાં આવી હતી જેમાં તેણે અભિનેત્રી તરીકે આફ્રિકન ડાયસ્પોરા કથા સાથે જોડાયેલાં ઘણાં પાત્રો સાથે કામ કરવાનું હતું. એની જીવનશૈલી રિયો ડી જાનેરો, બાહિયા અને સાઓ પાઉલો વચ્ચેની બ્રાઝિલિયન સંસ્કૃતિ સાથે ખૂબ જ જોડાયેલી છે. આ સિવાય એ ટોક્યો અને યુરોપની ફૅશન સીઝનને અનુસરે છે. એને સૉફ્ટવેરમાં આપવામાં આવેલા ટેક્સ્ટ-આધારિત પ્રૉમ્પ્ટનો ઉપયોગ કરીને ૧૦૦ ટકા બનાવવામાં આવી છે અને ઈમેજ જનરેશન પછી એને કોઈ પણ રીતે રીટચ નથી કરાઈ. સોશ્યલ મીડિયામાં એના લગભગ સાડાદસ હજાર ફૉલોઅર્સ છે.

## કેન્ઝા લેયલી, મૉરોક્કો



૧,૯૩,૦૦૦થી વધુ સોશ્યલ મીડિયા ફૉલોઅર્સ સાથે કેન્ઝા લેયલી વિશ્વની એક અગ્રણી વ્યક્તિ બની ગઈ છે. તે મૉરોક્કન અને અરબી સમાજ સાથે નજીકથી જોડાયેલી છે અને સાત ભાષાઓમાં પર્સનલ અને પ્રોફેશનલ વાતો કરી શકે છે. એનું ધ્યેય મૉરોક્કો અને મિડલ ઈસ્ટમાં મહિલાઓના સશક્તીકરણમાં યોગદાન આપવાનું અને ઈન્ફ્લુઅન્સર માર્કેટમાં ખૂબ જ જરૂરી નિયમન લાવવાનું છે. કેન્ઝાના નિર્માતાઓ AIથી ૧૦૦ ટકા ઈમેજ, વિડિયો અને ઑડિયો જનરેટ કરવા માટે તકનીકોના જટિલ મિશ્રણનો ઉપયોગ કરે છે.



## આસેના ઇલિક, ટર્કી

આસેનાનું ધ્યેય વિશ્વને બતાવવાનું છે કે આવાં મૉડલ કલ્પના, અદ્ભુત દૃશ્યો અને મનોરંજનની મદદથી પ્રભાવશાળી બની શકે છે, નહીં કે સેક્સ વેચીને. આસેનાની એક ચોક્કસ શૈલી છે. એને વિવિધ સ્થળો અને કાર પસંદ છે. આ સિવાય એનું વ્યક્તિત્વ બહુ કાળજીપૂર્વક બનાવવામાં આવ્યું છે. એના સોશ્યલ મીડિયા પર ૨૭,૦૦૦ ફૉલોઅર્સ છે.

## ઓલિવિયા સી, પોર્ટુગલ



પોર્ટુગલની AI ટ્રાવેલર ઓલિવિયા ભવિષ્ય માટે ડિજિટલ અને માનવીય ક્ષેત્ર વચ્ચે સુંદર સુમેળ સાધવાનો પ્રયત્ન કરે છે. ઓલિવિયાના નિર્માતા એના ફોટો બનાવવા માટે 'મિડજર્ની' સૉફ્ટવેરનો ઉપયોગ કરીને Adobe AI સાથે એને ફિલ્ટર કરે છે. એના ૧૦,૦૦૦થી વધુ ઈન્સ્ટાગ્રામ ચાહકો છે જે દર્શાવે છે કે કેવી રીતે ટેક્નૉલૉજી માનવજીવનના અનુભવને વધારવામાં મદદ કરે છે.



## સેરેન આઇ, ટર્કી

સેરેન આઈ ટર્કીની પહેલી AI બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર છે. એના સર્જકોએ ત્રણ AI પ્રોગ્રામ્સનો ઉપયોગ કરીને એક મોટી પ્રક્રિયામાંથી પસાર કરી એને બનાવી છે. એના ચહેરાને વિવિધ પુરુષ પ્રભુત્વ ધરાવતી નોકરીની ભૂમિકાઓમાં દર્શાવવામાં આવે છે. એના દ્વારા ફૉલોઅર્સને શિક્ષિત કરવાનું કામ પણ થાય છે. તે પૉપકલ્ચરનાં પાત્રો પણ ભજવે છે અને નિયમિતપણે ટર્કિશ ઈતિહાસ વિશે પણ વાતો કરે છે. એના સોશ્યલ મીડિયા પર ૧૨,૦૦૦ ફૉલોઅર્સ છે.

# મેળવો કબજિયાતથી છુટકારો !!! સવારે ઉઠી ખાલી પેટ બસ આટલું જરૂર કરો

તમને ખાલી પેટ પાણી પીવાના ફાયદાઓ પર વિશ્વાસ નહીં થાય. હા, જીવનમાં આ આદત અપનાવવાથી ઘણા સ્વાસ્થ્ય લાભો મળે છે. કેટલાક એવા આશ્ચર્યજનક ફાયદાઓ જણાવવાથી તમે સવારે સૌથી પહેલા ચા કે કોફી પીવાની તમારી આદત બદલવા માટે પણ મજબૂર થશો. શરીરની કઈ સમસ્યાઓમાં સવારનું ખાલી પેટે પીધેલું પાણી ફાયદાકારક સાબિત થઈ શકે છે.

સવારે ગરમ પાણી પીવાથી વજન ઓછું કરવામાં મદદ મળે છે. તમે તેને લીંબુનો રસ અને મધ ઉમેરીને પણ પી શકો છો, જે ચરબીને ઝડપથી બાળે છે. આવી સ્થિતિમાં, જો તમને પણ સવારે ઉઠતાની સાથે જ ચા કે કોફી પીવાની ટેવ છે, તો તમે તેને બદલી શકો છો .

સવારે ખાલી પેટે પાણી પીવાથી પાચનમાં મદદ મળે છે. આ તમારા શરીરમાંથી તમામ ઝેરને બહાર કાઢશે અને ઘણા સ્વાસ્થ્ય લાભો લાવશે. જો તમે પણ વારંવાર ગેસ, એસિડિટી અને અપચો જેવી સમસ્યાઓથી પીડાતા હોવ તો આ આદતને અપનાવવાથી ઘણી હદ સુધી છૂટકારો મળી શકે છે.

ત્વચા ચમકદાર બને છે : વહેલી સવારે પાણી પીવું એ ફક્ત તમારા શરીર માટે જ નહીં પરંતુ તમારી ત્વચા માટે પણ સારું છે. આ ચમકતી ત્વચા મેળવવામાં મદદ કરે છે અને કારણ કે તે શરીરને ડિટોક્સિફાય પણ કરે છે, તે નખ અને ખીલની સમસ્યાથી પણ ઘણી રાહત આપે છે.કબજિયાત દૂર કરે છે : સવારે ખાલી પેટે પાણી પીવાથી પાચનતંત્ર મજબૂત થાય છે એટલું જ નહીં કબજિયાતમાં પણ રાહત મળે છે. તેનાથી શરીરનો વેસ્ટ જલ્દીથી સાફ થઈ જાય છે.



# વરસાદમાં પલળવાથી મોબાઇલ બંધ થઇ જાય તો નો ટેન્શન...





ભારતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. ચોમાસામાં કેટલીકવાર આપણે છત્રી લીધા વગર બહાર નીકળ્યા હોઈએ છીએ. અને આવામાં વરસાદના કારણે મોબાઈલ ફોન પણ પલડી જવાનો ખતરો રહે છે. મોબાઈલ પલડવાથી ફોન બગડી પણ જતો હોય છે. જો તમારો ફોન પલડીને બંધ થઈ જાય તો અપનાવીશું આ ટિપ્સ...

જો તમારો મોબાઈલ ફોન પલડીને બંધ થઈ જાય છે તો તેને સુકવવો દેવો જોઈએ. પાણી સારી રીતે સુકાઈ જાય તે માટે ફોનને ખોલવો જોઈએ. જો બેટરી ખુલી શકતી હોય તો ખોલીને જ ફોન સુકાવવા મૂકવો. આ સાથે સિમ કાર્ડ અને મેમરી કાર્ડ પણ નીકાળી દેવું જોઈએ. મોબાઈલ સુકાઈ ગયા બાદ તેને કપડાથી સાફ કરી દેવો જોઈએ.

જ્યારે તમારો મોબાઈલ ફોન સુકાઈ જાય ત્યારે તેને ચાર્જ કરવો જોઈએ. મોબાઈલને ઓરિજનલ ચાર્જરથી ચાર્જ કરવો જોઈએ. શોર્ટ સર્કિટ ના થાય તેની પણ કાળજી રાખવી.

જો મોબાઈલ પલડી જાય તો તેને સુકવવા તેને રાઈસના પેકેટમાં રાખી શકાય છે. રાઈસ તમારા પલળેલા ફોનનો ભેજ ચૂસી લે છે. જેથી તમારો ફોન ફરીવાર ચાલુ થઈ શકે છે.મોબાઈલ ફોન પલડી જાય તો ક્યારેય તેને હેર ડ્રાયરથી સુકવવાનો પ્રયાસ ન કરો. કેમ કે હેર ડ્રાયરની હિટિંગથી સ્માર્ટ ફોન બગડવાની શક્યતા વધી જાય છે. ફોન જ્યારે પલડેલો હોય ત્યારે ચાર્જ કરવાનો પ્રયાસ ન કરો, તેનાથી શોર્ટ સર્કિટ થઈ શકે છે. જો તમે ઉપર જણાવેલ ટિપ્સનું પાલન કરો છો અને છતાં ફોન ચાલુ ન થાય તો મોબાઈલને રિપેર કરાવા આપવો જોઈએ.

# માત્ર પપૈયું જ નહીં, તેના બીજ અને છાલ પણ છે પોષણનો અદભુત ખજાનો...



પપૈયું ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે એટલું જ નહીં, તેના વજનને નિયંત્રિત કરવા અને હૃદયની તંદુરસ્તી જાળવવા જેવા ઘણા ફાયદા છે. આ સિવાય પપૈયાના પાન, બીજ અને છાલ પણ ફાયદાકારક છે.

સ્વીટ ટેસ્ટિંગ પપૈયું મોંમાં જતાં જ પીગળી જાય છે. સ્વાદિષ્ટ હોવા ઉપરાંત તે પોષણનો ખજાનો પણ છે જે તમારા સ્વાસ્થ્ય માટે માત્ર એક જ નહીં પરંતુ અનેક ફાયદાઓ પ્રદાન કરે છે. પપૈયાનું રોજનું સેવન માત્ર વજન નિયંત્રણમાં જ મદદ કરતું નથી, તેના અસંખ્ય ફાયદાઓ છે જેમ કે કોલેસ્ટ્રોલ નિયંત્રણ, કબજિયાતથી રાહત, રોગપ્રતિકારક શક્તિમાં વધારો, આંખો માટે ફાયદા વગેરે. આ સિવાય પપૈયાના બીજ અને છાલના પણ વધારે ફાયદા છે.

વિટામિન A, C, ફોલેટ ફાઈબર, મેગ્નેશિયમ, કેરોટીનોઈડ્સ, લાઈકોપીન અને અન્ય ઘણા એન્ટીઓક્સીડેન્ટ્સથી ભરપૂર પપૈયું તમારા સ્વાસ્થ્ય માટે કેટલું ફાયદાકારક છે તે તમે જાણો છો, પરંતુ શું તમે જાણો છો કે પપૈયાના બીજ અને છાલ તમારા માટે અનેક ગણા છે ઉપયોગી..!!!

તમે તમારી સ્કીનની સંભાળ માટે પપૈયાની છાલનો ઉપયોગ કરી શકો છો. ત્વચાને સાફ કરવાની સાથે તેનો ઉપયોગ પિમ્પલ્સથી છુટકારો મેળવવા, ત્વચાનો રંગ સુધારવા, ત્વચાને ભેજ આપવો વગેરે જેવા ફાયદા પણ આપે છે. આ સિવાય પપૈયાની છાલ પણ વાળ માટે ફાયદાકારક છે.

તમે પપૈયાની છાલના અંદરના ભાગથી સીધી ત્વચા પર મસાજ પણ કરી શકો છો. આ સિવાય પપૈયાની છાલને બ્લેન્ડરમાં પીસીને તેમાં મધ મિક્સ કરો. આ પેસ્ટને તમારા ચહેરા પર લગાવો અને 20 થી 25 મિનિટ સુધી રહેવા દો. આ ફેસ પેક નિસ્તેજ અને શુષ્ક ત્વચાની સમસ્યાને દૂર કરે છે અને ત્વચાને ચમકદાર બનાવે છે.

પપૈયાની છાલને પાકેલા કેળા સાથે ભેળવીને હેર માસ્ક તૈયાર કરો. તેને તમારા માથાની ચામડીથી તમારા વાળના છેડા સુધી લગાવો અને ઓછામાં ઓછા 20 મિનિટ સુધી રાખ્યા પછી તમારા વાળ ધોઈ લો. આ માસ્ક તમારા વાળને પોષણ આપશે, તમારા વાળને મુલાયમ બનાવશે અને ધીમે-ધીમે વાળ ખરવાની સમસ્યા પણ ઓછી થશે.

# દાળને રાંધતા પહેલા પલાળી રાખવાથી તેનું પોષણ મૂલ્ય પણ વધે છે...



કઠોળને રાંધતા પહેલા થોડો સમય પલાળી રાખો તો કઠોળ ઝડપથી ચડી (પાકી ) જાય છે અને તેથી તમારો ઘણો સમય બચી શકે છે. આ સિવાય તમે આ જ સમયનો ઉપયોગ અન્ય કામોમાં પણ કરી શકો છો, જો તમે દાળને રાંધતા પહેલા પલાળી રાખો તો તેનું પોષણ મૂલ્ય પણ વધે છે. રાજમા, ચણા અને કાળા ચણા જેવી વસ્તુઓને તૈયાર કરતા પહેલા ઓછામાં ઓછી આખી રાત પલાળી રાખવી જરૂરી છે. આ કારણે તેઓ નરમ થઈ જાય છે અને તેમને રાંધવામાં ઓછો સમય લાગે છે. આ સાથે, કેટલાક લોકો દાળને રાંધતા પહેલા થોડીવાર પલાળી રાખે છે, બજારમાં ઘણી બધી પ્રકારની દાળ ઉપલબ્ધ છે જેને રાંધતા પહેલા સારી રીતે ધોવા અને પછી પલાળી રાખવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ શું તેનો કોઈ ફાયદો છે અથવા તે માત્ર રસોઈનો સમય બચાવે છે?

મસૂર એ પ્રોટીન, ફાઈબર, આયર્ન, વિટામિન બી, પોટેશિયમ, મેગ્નેશિયમ જેવા પોષક તત્વોનો ભંડાર છે. વાસ્તવમાં, ઘણી વખત બજારમાં આપણને જે કઠોળ મળે છે તેમાં રંગોની ભેળસેળ હોય છે. જો તમે તેને પહેલા પલાળી રાખો તો તે તમારા માટે ફાયદાકારક છે, જ્યારે જો તમે તેને પલાળ્યા વગર તૈયાર કરો છો તો તેમાં હાજર હાનિકારક સોડિયમ તમારા શરીરમાં જાય છે જે તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, રસોઈનો સમય ઓછો કરવા માટે, તમારે આ વસ્તુઓને પહેલા પલાળી લેવી જોઈએ. ચાલો જાણીએ કે મસૂરને રાંધતા પહેલા થોડી વાર પલાળી રાખવાના શું ફાયદા છે.

રાજમા અને ચણાની તુલનામાં મસૂરની સાઈઝ નાની હોય છે, જેના કારણે લોકો તેને પલાળીને રાખવાને ફાયદાકારક નથી માનતા. તેઓ વિચારે છે કે જો તેઓ કદમાં નાના હોય, તો તેઓ ઝડપથી રાંધશે, જ્યારે આ સાચું નથી. તમે દાળને રાંધતા પહેલા તેને સારી રીતે ધોઈને પલાળીને રસોઈનો સમય ઘટાડી શકો છો. તે જ સમયે, જો તમે કઠોળને રાંધતા પહેલા પલાળી રાખો, તો તમે કઠોળના ફાયદા બમણા કરી શકો છો.**મસૂરની દાળને પલાળી રાખવાના ફાયદા:**

1 દાળને પલાળીને રાંધવાથી તે સારી રીતે પાકી જાય છે અને પચવામાં પણ સરળતા રહે છે.

2 જો તમે કઠોળને રાંધતા પહેલા થોડી વાર પલાળી રાખો તો કઠોળ ઝડપથી પાકી જાય છે અને તેથી તમારો ઘણો સમય બચી શકે છે. આનાથી તમે એ જ સમયનો અન્ય કામમાં ઉપયોગ કરી શકો છો.

3 કઠોળને પહેલા પલાળી રાખવાથી તેનો સ્વાદ વધે છે અને તે વધુ પૌષ્ટિક પણ બને છે.

4. જો તમારે રસોઈમાં ઓછી ઉર્જાનો ઉપયોગ કરવો હોય તો પહેલા દાળને પલાળી દો.

# સૂર્યમુખીના બીજનું સેવન એનિમિયા દૂર કરવાની સાથે ત્વચા,વાળને સ્વસ્થ બનાવશે



શરીરમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટવાને કારણે લાલ રક્તકણોની ઉણપ થાય છે, જેને સામાન્ય ભાષામાં એનિમિયા કહે છે. તેની પાછળનું મુખ્ય કારણ આયર્નથી ભરપૂર વસ્તુઓનો પ્રયોગ ખોરાકમાં ન કરવો ,એવું કારણ હોઈ શકે છે ..

એનિમિયા એટલે શરીરમાં હિમોગ્લોબિનનું ઘટતું ઉત્પાદન, જેને સામાન્ય રીતે લોહીની ઉણપ કહેવાય. તેનું મુખ્ય કારણ શરીરમાં આયર્નની ઉણપ માનવામાં આવે છે. જો કે, એનિમિયાની સમસ્યા પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે, કારણ કે માસિક ધર્મ અને ગર્ભાવસ્થા વગેરે દરમિયાન તેઓ દર મહિને ઘણા ફેરફારોમાંથી પસાર થાય છે.

જો કે શરીરમાં આયર્નની ઉણપને પૂરી કરવા માટે લીલા પાંદડાવાળા શાકભાજી ખાવાથી ખૂબ જ ફાયદો થાય છે, પરંતુ ઘણી વખત લોકો લીલા શાકભાજી ખાવાથી શરમાતા હોય છે. આવી સ્થિતિમાં, તમે તમારા આહારમાં કેટલીક ઘરેલુ વસ્તુઓનો સમાવેશ કરી શકો છો.

લોહીની અછતને કારણે થાક, ચક્કર અને મૂર્છા, શ્વાસ લેવામાં તકલીફ, સતત માથાનો દુખાવો, ખરાબ મૂડ, વાળ ખરવા, ત્વચામાં શુષ્કતા અથવા ત્વચામાં પીળાશ દેખાવા લાગે છે. આવા લક્ષણો દેખાય છે, જેને અવગણવા જોઈએ નહીં. તો ચાલો જાણીએ ફાયદાકારક ઘરેલુ ઈલાજ .. સૂર્યમુખીના બીજનું સેવન માત્ર એનિમિયાની સમસ્યામાં જ ફાયદાકારક નથી, આ ઉપરાંત તે તમારી ત્વચા અને વાળને સ્વસ્થ બનાવે છે. સૂર્યમુખીના બીજ વજનને નિયંત્રિત કરવા, ઊર્જા પ્રદાન કરવા, બ્લડ સુગરને નિયંત્રિત કરવા, પાચન સુધારવા અને હાડકાંને મજબૂત કરવામાં પણ અસરકારક છે.મોટાભાગના ઘરોમાં, ખસખસનો ઉપયોગ વિવિધ પ્રકારની વાનગીઓમાં થાય છે. સ્ત્રીઓ માટે, ડિલિવરી પછી શરીરને શક્તિ આપવા માટે તેનું સેવન ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આયર્ન ઉપરાંત ખસખસમાં કેલ્શિયમ અને ફોસ્ફરસ જેવા પોષક તત્વો પણ હોય છે. તમે તેનું શરબત પણ બનાવીને પી શકો છો જે ઉનાળામાં ઠંડક પણ આપશે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# પેરિસ ઓલિમ્પિક 2024

# 15,000 આંતરરાષ્ટ્રીય રમતવીરોને 4 થીમ આધારિત દરરોજ 40 વાનગીઓ મળશે!

■ લા કોનકોર્ડમાં તમામ ખાદ્યપદાર્થો 100 ટકા શાકાહારી હશે. તે ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ છે...

ગુજરાત | વંદન

26 જુલાઈથી શરૂ થઈ રહેલા પેરિસ ઓલિમ્પિક2024માં ભારત સહિતના દુનિયાના લગભગ 150 દેશોમાંથી 15 હજાર રમતવીરો ભાગ લેશે. વિવિધ દેશના રમતવીરો માટે આ રમતોતસ્વમાં ભોજનની શું વ્યવસ્થા કરવામાં આવી તે જાણવુ ખરેખર રસપ્રદ બની રહે તેમ છે. શું વ્યવસ્થા છે તેના પર એક નજર.....

12 જુલાઈના રોજ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક કેન્ટીન ખોલશે જેમાં 3,500 સીટર ભોજનશાળામાં સમગ્ર પેરિસ 2024 ગેમ્સ દરમિયાન 24/7 ભોજન પીરસવામાં આવશે.

"આ ગામ વિશ્વભરના 15,000 એથ્લેટ્સ માટે જીવનનું હૃદય હશે," લોરેન્ટ પાશ્વર, સોડેક્સો લાઈવના ઓપરેશન્સ ડિરેક્ટરે કહ્યું! ઓલિમ્પિક અને પેરાલિમ્પિક વિલેજમાં. "ગામમાં, કેટરિંગની મહત્વની ભૂમિકા છેઃ મેનુ સાથે એથ્લેટ્સના પ્રદર્શનમાં નમ્રતાપૂર્વક યોગદાન આપવું કે જે ચુનંદા રમતને અનુરૂપ બનાવવામાં આવ્યા છે પણ 200 થી વધુ રાષ્ટ્રીયતા ધરાવતા દરેક ખંડના રમતવીરોની અપેક્ષાઓને સંતોષે છે, જેથી દરેક ઘરે લાગે છે."

આંતરરાષ્ટ્રીય ભોજન, લગભગ 500 ભોજન

લગભગ 15,000 આંતરરાષ્ટ્રીય રમતવીરો ઓલિમ્પિક અને પેરાલિમ્પિક વિલેજમાં ચાર થીમ પર આધારિત દરરોજ 40 અલગ-અલગ ભોજનની ઓફર સાથે રહેશેઃ જેમાં ફ્રાન્સ, એશિયા, આફ્રિકા-કેરેબિયન દેશોના મળીને વિશ્વ ભોજન થાળીમાં દરેક રમતવીરને તેમની રુચિ પ્રમાણે કંઈક મળશે. ઉપરાંત, 30 થી વધુ વિકલ્પો સાથે સલાડ બાર, માંસ અને બાજુઓ સાથેની ગ્રીલ, ચીઝ વિભાગ, બેકરી વિભાગ, હોટ ફૂડ બફેટ, ડેઝર્ટ બાર અને ફળોની વિશાળ શ્રેણી હશે.

પરંતુ એથ્લેટ્સ માટે ખાવું એ એકમાત્ર વિકલ્પ નથી. તેઓ ફ્રાન્સની સૌથી પ્રસિદ્ધ વાનગીઓમાંથી એક કેવી રીતે બનાવવી તે પણ શીખી શકશેઃ બેગુએટ. ઓલિમ્પિક અને પેરાલિમ્પિક વિલેજમાં એક બેકરી હશે જે એથ્લેટ્સ માટે વર્કશોપ યોજશે, કારણ કે સોડેક્સો લાઈવના એક્ઝિક્યુટિવ શેફ સ્ટેફન ચિચેરીએ સમજાવ્યું હતું.

"અમારા માટે, તે સ્પષ્ટ હતું કે ઓલિમ્પિક વિલેજમાં બેકરી હોવી જોઈએ. ભલે ગમે તે હોય, અમે ગામમાં અમારી પોતાની બેગુએટ્સ શેકવા માગતા હતા... અમે વર્કશોપ પણ ગોઠવીશું જ્યાં એથ્લેટ્સ બેગુએટ્સને આકાર આપી શકશે અને સ્કોર કરી શકશે, તેમને પકાવવાની નાની ભઠ્ઠીમાં મૂકી શકશે અને બહાર લઈ જશે. અમે તે ક્ષણો તેમની સાથે શેર કરી શકીએ છીએ.

## મુખ્ય રેસ્ટોરન્ટમાં મેનૂ પરના ભોજનના ઉદાહરણો....





■ ફ્રાન્સઃ Veggie Bourguignon બ્રાન્ડેડ ડી મોરુ (મીઠું કોડ અને બટાકાની મેશ)
■ એશિયાઃ નાજુકાઈના પોર્ક અને થાઈ તુલસી/બાસમતી ચોખા હળદર સાથે કોબીજ અને શેકેલા બટેટા
■ આફ્રિકા/કેરેબિયનઃ ઘંટડી મરી, ડુંગળી, ટામેટા અને મરી હલાવો ( ચકચૌકા ) ચર્મૌલા ચટણી સાથે તળેલા ઝીંગા અપાશે.
■ વિશ્વ ભોજનમાંઃ લેમ્બ અને ફુદીનાના રસમાં ઘટાડો, વેજી મૌસાકા અને ઓફર પર સિગ્નેચર કોર્સ હશે.



ગામના પ્રવેશદ્વાર અને રેસ્ટોરન્ટ વચ્ચે ફૂડ કોર્ટ જેવી જગ્યા ખુલશે. તેમાં 500 ચોરસ મીટર (5,400 ચોરસ ફૂટ) આઉટડોર ટેરેસ હશે.

એથ્લેટ્સ માટે કેટલાક સહી ભોજન પણ ઓફર કરવામાં આવશે. તેઓ Sodexo Live દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા છે! શેફ ચાર્લ્સ ગિલોય અને સ્ટેફન ચિચેરી અને પાર્ટનર શેફ અક્રમ બેનાલાલ, અમાન્ડિન ચૈગ્નોટ અને એલેક્ઝાન્દ્રે માઝિયા દ્વારા.

અહીં કેટલાક આગવી ઓળખ સમાન ભોજન અભ્યાસક્રમો ઉપલબ્ધ છે : ચિકન ટેન્ડીર, આર્કેમ બેનાલાલ દ્વારા અમાન્ડીન ચૈગ્નોટ દ્વારા પોચ કરેલ ઈંડા ક્રોઈસન્ટ, આર્ટીચોક ક્રીમ, બકરી ચીઝ અને ટ્રફલ એલેક્ઝાન્દ્રે માઝિયા દ્વારા, વેજી બ્યુલોનમાં ટેપીઓકા સાથે ધૂમ્રપાન કરાયેલ મીઠું ચડાવેલું હેક

સ્ટેફન ચિચેરી દ્વારા અલ્માડો-શૈલી બ્રેડ સલાડ ચાર્લ્સ ગિલોય દ્વારા હમસ અને ચિમીચુરી સાથે ઝાતાર શક્કરિયા હશે. રસોઈયા Amandine Chaignot પ્રેઝન્ટેશનમાં સમજાવ્યું કે શા માટે ક્રોઈસન્ટ મેનુ પરના વિકલ્પોમાંથી એક છે.

તેમણેએ કહ્યું, "મારા માટે, જ્યારે પેરિસની વાત આવે છે, ત્યારે આપણે જે ખાવા માંગીએ છીએ તે પ્રથમ વસ્તુઓમાંની એક છે ક્રોસન્ટ." આ એક શાકાહારી રેસીપી છે જે તમે ચાલતા હોવ ત્યારે ખાવામાં સરળ અને મજા આવે છે."

"અમે શાકાહારી વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ," ફિલિપ વુર્ઝે કહ્યું, જેઓ પેરિસ 2024માં ખોરાક અને પીણાં માટે જવાબદાર છે. "સામાન્ય લોકો માટે 60 ટકા વાનગીઓ શાકાહારી હશે. અમને ખાતરી છે કે આ ગેમ્સ સાથે અમારી પાસે વસ્તુઓને અલગ રીતે કરવાની અને અન્ય મોડલ શક્ય છે તે બતાવવાની અનન્ય તક છે. તે ખૂબ જ ગર્વ સાથે છે કે અમે જાહેરાત કરી શકીએ છીએ કે લા કોનકોર્ડમાં તમામ ખાદ્યપદાર્થો 100 ટકા શાકાહારી હશે. તે ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ છે અને ચાર વર્ષની મહેનતનું પરિણામ છે.

## ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગામમાં કેટરિંગ, હકીકતો અને આંકડા




■ 15,000 એથ્લેટ્સ
■ દરરોજ 40,000 સુધી ભોજન પીરસવામાં આવે છે
■ ઓલિમ્પિક ગામની કેન્ટીનમાં 3,500 બેઠકો
■ ઓલિમ્પિક વિલેજ કેન્ટીન 12 જુલાઈથી 24/7 ખુલ્લી રહેશે
■ 80% ફ્રેન્ચ ઉત્પાદનો
■ 30% કાર્બનિક ખોરાક (અથવા કાર્બનિક રૂપાંતરમાંથી પસાર થતા ખેતરોમાંથી ખોરાક)
■ ફ્રેન્ચ પ્રદેશોના 100% પ્રતિનિધિત્વ કરવામાં આવશે






## નબળા રેફરીને કારણે ભારતે ફિફામાં એક નવો ઈતિહાસ રચવાની તક ગુમાવી

■ ફૂટબોલ બહાર ગયો, કતારના ખેલાડીએ અંદર ખેંચીને ગોલ કર્યો, રેફરીએ ગોલ માન્ય કર્યો

ગુજરાત | વંદન

મંગળવારે (11 જૂન), કતરે એક વિવાદાસ્પદ ગોલને કારણે ફિફા વર્લ્ડ કપના બીજા રાઉન્ડની ક્વોલિફાયર મેચમાં ભારતીય ફૂટબોલ ટીમને 2-1થી હરાવ્યું. નબળા રેફરીને કારણે ભારતે ફિફા કપ ક્વોલિફાયરના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચવાની તક ગુમાવી દીધી હતી.

સ્ટાર ખેલાડી સુનીલ છેત્રીની આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિના પાંચ દિવસ પછી, 121મા ક્રમની ભારતીય ટીમ 37મી મિનિટે લલિયાન્ઝુઆલા ચાંગટે દ્વારા કરવામાં આવેલા ગોલને કારણે આગળ હતી.પરંતુ રેફરીએ યુસુફ અયમાનના ગોલને માન્ય ગણાવ્યો હતો તેમ છતાં એવું લાગતું હતું કે ફૂટબોલ લાઈનની ઉપર ગયો હતો.

એકંદરે, ફૂટબોલમાં ભારતીય ટીમ તરફથી ગંભીર ફાઉલ થયા હતા.ફૂટબોલ લાઈનની બહાર ગયો, પછી કતારના ખેલાડીએ અંદર ખેંચીને ગોલ કર્યો, રેફરીએ ગોલ માન્ય જાહેર કર્યો. જ્યારે આ ધ્યેય ધ્યાનમાં લેવામાં આવવો જોઈએ નહીં.

આ સમગ્ર ઘટના મેચની 73મી મિનિટે બની હતી. ભારતીય ગોલકીપર ગુરપ્રીતે કતારના ખેલાડી યુસુફ અયમાનના એક હેડરને રોક્યો હતો. આ પછી ફૂટબોલે ગોલ પોસ્ટની નજીકની રેખા પાર કરી. આ પછી અલ હાશ્મી બોલને અંદર લાવ્યો, જેના પર અયમાને ગોલ કર્યો. આ પછી ભારતીય ખેલાડીઓએ રમવાનું બંધ કરી દીધું હતું. રિપ્લેમાં પણ ફૂટબોલ લાઈનની બહાર હોવાનું સ્પષ્ટ દેખાતું હતું, પરંતુ રેફરીએ કતારની તરફેણમાં ગોલ જાહેર કર્યો હતો.


આ વિવાદાસ્પદ નિર્ણયને કારણે ભારતની ટીમને અસર થઈ હતી અને એશિયન ચેમ્પિયન કતારે 85મી મિનિટે અહેમદ અલ રવીના આભારની મદદથી તેનો બીજો ગોલ કર્યો હતો. અન્ય એક મેચમાં કુવૈતે અફઘાનિસ્તાનને 1-0થી હરાવ્યું હતું.

આ રીતે કતાર અને કુવૈત આગામી રાઉન્ડમાં પહોંચી ગયા છે.ભારતીય ટીમનો 1-2થી પરાજય થતાં વર્લ્ડ કપ ક્વોલિફિકેશનનું સપનું ચકનાચૂર થઈ ગયું હતું. તે જ સમયે, ખેલાડીઓ અને ભારતીય ચાહકો પણ આનાથી ઘણા નિરાશ છે. કારણ કે વિવાદાસ્પદ ગોલ પરિણામમાં મોટી ભૂમિકા ભજવી હતી.

## ઓલિમ્પિક મશાલ 15 અને 16 જૂનના રોજ પોઈન્ટ-એ-પિત્રે સ્થળે પહોંચશે

■ મશાલ ટાપુ પર ACTe મેમોરિયલ પર તેનો રૂટ શરૂ કરશે, જે એક ઐતિહાસિક સ્થળ છે

ગુજરાત | વંદન



પેરિસ ઓલિમ્પિક-2024 ધીમે ધીમે નજીક આવી રહી છે તેમ તેમ તેની ઐતિહાસિક મશાલ ઝડપભેર પેરિસ પહોંચવાની તરફ છે.15-16 જૂનના રોજ મશાલ પોઈન્ટ-એ-પિત્રે સ્થળે પહોંચશે જ્યાં તેનું પરંપરાગત સ્વાગત કરાશે.

આ સ્થળનું લેન્ડસ્કેપ્સ, રસદાર પ્રકૃતિ અને સફેદ રેતીના દરિયાકિનારા ગ્વાડેલુપને ફ્રેન્ચ લોકોના હૃદયમાં અલગ પાડે છે. શનિવાર, 15 જૂને, ઓલિમ્પિક મશાલ પ્રતિષ્ઠિત ક્રૂ સાથે એટલાન્ટિકને પાર કર્યા પછી, રેસિંગ મલ્ટિહુલ, મેક્સી બેંકે પોપ્યુલેર XI પર પોઈન્ટ-એ-પિત્રે પહોંચશે . મશાલ ટાપુ પર ACTe મેમોરિયલ પર તેનો રૂટ શરૂ કરશે, જે એક સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળ છે જે પ્રદેશમાં ગુલામોના વેપારના પીડાદાયક ઈતિહાસનું વર્ણન કરે છે. રૂટનો પ્રથમ ભાગ લે ગોઝિયરમાં પેલેસ ડેસ સ્પોર્ટ્સ તરફ દોરી જશે .

આ મશાલ ગ્વાડેલુપમાં સૌથી લોકપ્રિય સ્થળ, પોઈન્ટે ડેસ ચેટૉક્સ ખાતે સેન્ટ-ફ્રાંકોઈસ થઈને તેનો માર્ગ ચાલુ રાખશે, જે આસપાસના ટાપુઓના અદભૂત દૃશ્યને આદેશ આપે છે. તે પછી સેન્ટ-ક્લાઉડ અને બાસે-ટેરે માટે કોર્સ સેટ કરશે . આગળના સ્ટોપ લે મૌલ અને ગ્વાડેલુપ સેન્ટર ફોર સ્પોર્ટ્સ રિસોર્સિસ, એક્સપર્ટાઈઝ એન્ડ પરફોર્મન્સ (સીઆરઈપીએસ) માં હશે, જે આ વિસ્તારની ઉભરતી પ્રતિભાને સન્માનિત કરનાર શ્રેષ્ઠતાનું કેન્દ્ર છે. તે પછી, મશાલ પેટિટ-બર્ગ તરફ જશે. ત્યાંથી, તે બેઈ-મહોલ્ટમાં દિવસના અંતની ઉજવણી માટે મુખ્ય ટાપુ પર પાછા ફરતા પહેલા ઈલેસ ડેસ સેઈન્ટેસ જશે .

બાય-મહોલ્ટ મોડી બપોરે ઓલિમ્પિક મશાલનું આયોજન કરશે . તે દ્વીપસમૂહનું આર્થિક હૃદય અને વેપાર અને વિનિમયનું કેન્દ્રબિંદુ છે, જેરી ઔદ્યોગિક અને વ્યવસાયિક એસ્ટેટને આભારી નથી. શહેરમાં અસાધારણ મેન્ગ્રોવ્સ અને એક પ્રકારની હેરિટેજ સાઈટ્સ પણ છે જે દૂરની જમીન માટે પ્રવેશદ્વાર છે.

તે તેના શાંત વાતાવરણ અને સ્થાનિકો અને મુલાકાતીઓ માટે ઉપલબ્ધ પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી માટે જાણીતું છે, જેમાં Parc Hyacinthe Bastaraudનો સમાવેશ થાય છે. બેઈ-મહાલ્ટના પ્રવાસ પછી, ઓલિમ્પિક મશાલ ગ્વાડેલુપના સૌથી મોટા સ્થળ એમેડી ડેટ્રોક્સ વેલોડ્રોમ ખાતે દિવસ પૂરો કરશે.

## પેરિસ ઓલિમ્પિકમાં છૂટશે ભારતના શૂટરોની રાઈફલ અને પિસ્તોલની ગોળીઓ

■ બે વખતની ઓલિમ્પિયન મહિલા શૂટર બે સ્પર્ધામાં લેશે ભાગ

ગુજરાત | વંદન

નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ વરિષ્ઠ પસંદગી સમિતિની વર્ચ્યુઅલ બેઠક બાદ પેરિસ 2024 ઓલિમ્પિક માટે 15-સભ્ય ભારતીય રાઈફલ અને પિસ્તોલ ટીમની જાહેરાત કરી છે. બે વખતની ઓલિમ્પિયન મહિલા પિસ્તોલ ખેલાડી મનુ ભાકર મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ અને મહિલાઓની 25 મીટર પિસ્તોલ એમ બંને સ્પર્ધામાં ભાગ લેશે.

ટીમમાં આઠ રાઈફલ શૂટર્સ અને સાત પિસ્તોલ શૂટર્સનો સમાવેશ થાય છે. હાલમાં, ટીમ, કોચ અને સહાયક સ્ટાફ સાથે, ફ્રાન્સના વોલ્મેરેન્જ-લેસ-માઈન્સમાં તાલીમ શિબિરમાં છે, બે અઠવાડિયાનો વિરામ લેતા પહેલા અનુકૂલન અને સખત તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે.

સંસ્થાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ કલિકેશ નારાયણ સિંહ દેવે જણાવ્યું કે, "વિસ્તૃત વિચાર-વિમર્શ પછી, અમે વર્તમાન ફોર્મ અને યોગ્યતાના આધારે શ્રેષ્ઠ ટીમની પસંદગી કરી છે. અમને વિશ્વાસ છે કે ટીમ સફળ થવા માટે બધું જ યોગ્ય છે. અમારી ઉંડાણ હોવા છતાં, કેટલાક ઉત્તમ શૂટર્સ ટીમમાં નથી પરંતુ તેમની પાસે પુનરાગમન કરવાની તક હશે. અમે ટીમને શુભેચ્છા પાઠવીએ છીએ."

સેક્રેટરી જનરલ કે સુલતાન સિંઘે ઉમેર્યું, "ટીમ સારા ફોર્મમાં છે, જેમાં ચાર ઓલિમ્પિયન અને આશાસ્પદ યુવા પ્રતિભા છે. તેઓ વિદેશી અને રાષ્ટ્રીય કોચ અને સ્પોર્ટ્સ સાયન્સ ટીમના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થિત રીતે તાલીમ આપી રહ્યા છે. અમને વિશ્વાસ છે કે તેઓ પેરિસમાં દેશને ગૌરવ અપાવશે.




### પેરિસ 2024 માટે ભારતીય રાઈફલ અને પિસ્તોલ ટીમ

રાઈફલઃ
■ સંદીપ સિંહ, અર્જુન બબુતા (10 મીટર એર રાઈફલ એમ)
■ ઈલાવેનિલ વાલારિવન, રમિતા (10 મીટર એર રાઈફલ ડબલ્યુ)
■ સિફ્ટ કૌર સમરા, અંજુમ મુદગીલ (50 મીટર રાઈફલ 3 પોઝિશન ડબલ્યુ)
■ ઐશ્વરી તોમર, સ્વપ્નિલ કુસલે (50 મીટર રાઈફલ) એમ)

પિસ્તોલઃ
■ સરબજોત સિંઘ, અર્જુન ચીમા (10 મીટર એર પિસ્તોલ એમ)
■ મનુ ભાકર, રિધમ સાંગવાન (10 મીટર એર પિસ્તોલ ડબલ્યુ)
■ અનીશ ભનવાલ, વિજયવીર સિદ્ધુ (25 મીટર આરએફપી એમ)
■ મનુ ભાકર, એશા સિંઘ (25 મીટર પિસ્તોલ ડબલ્યુ)

## દુષ્કર્મ કેસમાં નિર્દોષ છૂટ્યા બાદ સંદીપની છલાંગ, વિશ્વ કપમાં મચાવશે ધૂમ




ગુજરાત | વંદન

સામાન્ય રીતે કોઈ કેસમાં અને ખાસ કરીને રેપ જેવા ગંભીર કેસમાં નામ આવ્યાં બાદ ખેલાડીઓની કરિયર ત્યાં જ પૂરી થઈ જાય છે. પરંતુ એક નેપાળી ખેલાડી ભાગ્યશાળી નિવડ્યો કે કેસમાં નિર્દોષ છૂટયા બાદ ફરી ક્રિકેટના મેદાનમાં છે...!

રેપ કેસમાં નિર્દોષ જાહેર થયેલા નેપાળ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સંદીપ લામિછાને માટે એક સારા સમાચાર આવ્યા છે. તેને T20 વર્લ્ડ કપ 2024 માટે વેસ્ટ ઈન્ડિઝનો વિઝા મળી ગયો છે. હવે તે વર્લ્ડ કપમાં ધૂમ મચાવી શકે છે.

હકીકતમાં, 15 મેના રોજ, નેપાળની પાટણ હાઈકોર્ટે એક સગીર સાથે બળાત્કારના કેસમાં સંદીપને અંતિમ ચુકાદો આપ્યો હતો અને સ્ટાર ક્રિકેટરને નિર્દોષ જાહેર કરીને નિર્દોષ જાહેર કર્યો હતો. આ પછી સંદીપે વર્લ્ડ કપની તૈયારી કરી, પરંતુ અમેરિકાએ મોટો ઝટકો આપ્યો. તેણે સંદીપને વિઝા આપવાની ના પાડી દીધી હતી.પરંતુ હવે સંદીપને વેસ્ટ ઈન્ડિઝના વિઝા મળી ગયા છે. આવી સ્થિતિમાં તેઓ ગ્રુપ સ્ટેજમાં બે મેચ રમી શકે છે.

વાસ્તવમાં, આ વખતે T20 વર્લ્ડ કપ 2024 અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની યજમાનીમાં રમાઈ રહ્યો છે. ટુર્નામેન્ટ 2 જૂનથી શરૂ થઈ છે.નેપાળને પ્રથમ બે મેચ અમેરિકામાં અને છેલ્લી બે મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમવાની છે. નેપાળ પ્રથમ મેચ નેધરલેન્ડ સામે હારી ગયું છે. હવે ગ્રુપ સ્ટેજની બીજી મેચ અમેરિકામાં રમાવાની છે. ત્યારબાદ આ ટીમ વેસ્ટ ઈન્ડિઝમાં બે મેચ રમશે.

સંદીપ આ બે લીગ મેચો માટે રાષ્ટ્રીય ટીમ સાથે જોડાશે. નેપાળ ક્રિકેટ સંઘે સોમવારે આ જાણકારી આપી.આ 23 વર્ષીય સ્પિન ઓલરાઉન્ડર સંદીપને અગાઉ નેપાળની 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.





## વડોદરાનો યુસુફ બંગાળથી જીતીને દિલ્હી પહોંચ્યો

■ અગાઉ ક્રિકેટર ગૌતમ ગંભીર, કીર્તિ આઝાદ, હરભજન, નવજોત સિધ્ધુ, અઝરૂદ્દીન વગેરે નેતા બન્યા છે

ગુજરાત | વંદન

તૃણમુલ કોંગ્રેસની ટિકિટ પર પહેલીવાર ચૂંટણી લડનાર પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણે પશ્ચિમ બંગાળની બહરામપુર બેઠક પરથી 25 વર્ષથી સંસદ સભ્ય તરીકે ચૂંટાતા કોંગ્રેસના અધીર રંજન ચૌધરીને હરાવીને મોટો અપસેટ સર્જ્યો છે. 2007માં દક્ષિણ આફ્રિકામાં ભારત-પાકિસ્તાન વર્લ્ડ ટી -20 ફાઈનલ પહેલા મેં આવો જ તણાવ અનુભવ્યો હતો તેમ તેમની પાર્ટીના વડા મમતા બેનર્જીને મળવા કોલકાતા જતા સમયે યુસુફ પઠાણે જણાવ્યું હતું.નોંધનીય છે કે આ અગાઉ ક્રિકેટર ગૌતમ ગંભીર, કીર્તિ આઝાદ ,હરભજન ,નવજોત સિધ્ધુ અઝરૂદ્દીન વગેરે રાજકારણમાં પ્રવેશીને નેતા બની ચૂક્યા છે , અને હવે ગુજરાતના વડોદરાનો યુસુફ બંગાળ થઈને દિલ્હી પહોંચ્યો છે.


41 વર્ષીય યુસુફ પઠાણે 2007માં એમ એસ ધોનીની યુવા ટીમમાં ઓલરાઉન્ડર તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. સત્તર વર્ષ બાદ ફરી એકવાર જાયન્ટ કિલર સાબિત થયો હતો અને સિનિયર કોંગ્રેસી ચૌધરીને 85,022 મતોથી હરાવ્યા હતા. પઠાણે કહ્યું કે મને વિશ્વાસ હતો કે લોકો મને મત આપશે, મેં જે રેલીઓ કરી, મને જે પ્રેમ મળ્યો તે અદભૂત હતો. વડોદરાની પ્રખ્યાત જામા મસ્જિદમાં કામ કરતા તેમના પિતા મસ્જિદની બહાર અત્તર પણ વેચતા હતા. તેઓ એક કેમિકલ ફેક્ટરીમાં કામ કરતા હતા અને ક્યારેક ઓટો-રિક્ષા પણ ચલાવતા હતા. યુસુફ અને તેના નાના ભાઈ ઈરફાને ક્રિકેટમાં ઝળહળતી કારકીર્દિ બનાવી હતી. યુસુફ 2011ની વર્લ્ડ કપ વિજેતા ટીમમાં પણ હતો.

57 વન-ડે અને 22 ટી-20 રમ્યા બાદ પઠાણે 2022માં નિવૃત્તિ લીધી હતી. તે એક પ્રાણીપ્રેમી છે અને ફાર્મ હાઉસમાં પક્ષીઓ, સસલાં અને ઘોડાઓને રાખે છે. ચાર મહિના પહેલા તેના પર અચાનક ટીએમસીમાંથી ફોન આવ્યો હતો. બહરામપુરના 52 ટકા મુસ્લિમ મતદારો અને કોલકાતા નાઈટ રાઈડર્સના બે આઈપીએલ ટાઈટલમાં પઠાણે જે ભૂમિકા ભજવી હતી તે એક કારણ હોવાનું કહેવાય છે. ત્યારબાદ બંને ભાઈઓએ લાંબી ચર્ચા કરી હતી, તેમ છતાં પરિવાર અનિચ્છા ધરાવતો હતો. જોકે છેવટે પઠાણે રાજકારણમાં ઝંપલાવવાનું નક્કી કર્યું હતું. પઠાણે કહ્યું કે આના દ્વારા અમે લોકોને મદદ કરી શકીએ છીએ અને જો બંગાળ જવું પડે છે, તો મુશ્કેલી શું છે?

યુસુફ પઠાણ એકમાત્ર ભૂતપૂર્વ ક્રિકેટર નથી કે જેણે આ વખતે બંગાળથી ટીએમસીની ટિકિટ પર જીત મેળવી હોય. 1983ના વર્લ્ડ કપ વિજેતા કીર્તિ આઝાદે પણ મેજર અપસેટ સર્જ્યો. તેમણે બર્ધમાન-દુર્ગાપુર બેઠક પર 1.38 લાખ મતોથી વિજય મેળવ્યો હતો. જેના કારણે પશ્ચિમ બંગાળના ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષ બીજા સ્થાને પહોંચી ગયા હતા.અગાઉ બિહારના દરભંગાથી જીત મેળવ્યા બાદ હવે ચાર વખત સાંસદ રહી ચૂકેલા આઝાદે પઠાણ માટે કેટલીક સલાહ આપતા જણાવ્યું હતું કે 'સખત મહેનત કરવી પડશે જેમ તમે ક્રિકેટના મેદાન પર કર્યું હતું. જ્યારે તમે ક્રિકેટર હોવ ત્યારે લોકો તમને સ્ટેડિયમમાં જોવા માટે ઉમટી પડતા હોય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ભારતમાંથી ચોરાયેલી દુર્લભ મૂર્તિઓ પરત લાવવાનો સિલસિલો આગળ વધે છે



■ તામિલનાડુના મંદિરમાંથી ગુમ 500 વર્ષ જૂની પ્રતિમા ભારતને પરત કરાશે

ગુજરાત | વંદન

ભારતમાંથી ચોરાઈને વિદેશ પહોંચેલી અનેક પ્રતિમાઓ કે કલાકૃતિઓને પરત ભારત લાવવાનો સિલસિલો આગળ વધી રહ્યો છે અને હવે વધુ એક પ્રાચીન પ્રતિમા ભારત પરત લવાશે. કેમ કે બ્રિટનની પ્રખ્યાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ એક સંતની 500 વર્ષ જૂની કાંસ્ય પ્રતિમા ભારતને પરત કરવા સંમતિ આપી છે.

કહેવાય છે કે તે તમિલનાડુના મંદિરમાંથી ચોરાઈ હતી. યુનિવર્સિટીના અશ્મોલિયન મ્યુઝિયમ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 11 માર્ચ, 2024ના રોજ, ઓક્સફર્ડ યુનિવર્સિટીની કાઉન્સિલે અશ્મોલિયન મ્યુઝિયમમાંથી સંત તિરુમાનકાઈ અલવરની 16મી સદીની કાંસ્ય પ્રતિમા પરત કરવાના ભારતીય હાઈ કમિશનના દાવાને સમર્થન આપ્યું હતું. આ નિર્ણય હવે ચેરિટી કમિશન સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. સંત તિરુમાનકાઈ અલવરની 60 સેમી ઊંચી પ્રતિમા 1967માં ડૉ. જે.આર. દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. તે બેલમોન્ટ (1886-1981) નામના કલેક્ટરના સંગ્રહમાંથી સોથેબીના ઓક્શન હાઉસમાંથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના એશમોલીયન મ્યુઝિયમ દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું. મ્યુઝિયમનું કહેવું છે કે ગયા વર્ષે નવેમ્બરમાં એક સ્વતંત્ર સંશોધકે તેને પ્રાચીન પ્રતિમાની ઉત્પત્તિ વિશે જાણકારી આપી હતી, ત્યારબાદ તેણે ભારતીય હાઈ કમિશનને એલર્ટ કર્યું હતું.

તમિલનાડુના મંદિરમાંથી ચોરાયેલી કાંસ્ય મૂર્તિ માટે ભારત સરકારે બ્રિટિશ મ્યુઝિયમને ઔપચારિક વિનંતી મોકલી હતી, જે હરાજી દ્વારા બ્રિટિશ મ્યુઝિયમમાં પહોંચી હતી.આ પહેલા પણ બ્રિટનમાંથી ચોરાયેલી ભારતીય કલાકૃતિઓ ભારત પરત લાવવામાં આવી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં, જ્યારે સ્કોટલેન્ડ યાર્ડના કલા અને પ્રાચીન એકમને સંડોવતા યુએસ-યુકેની સંયુક્ત તપાસ બાદ આંધ્રપ્રદેશમાંથી કોતરેલી ચૂનાના પત્થરની રાહત પ્રતિમા અને તમિલનાડુની 17મી સદીની "નવનિતા કૃષ્ણ" કાંસ્ય પ્રતિમા ભારતને પરત કરવામાં આવી હતી.

## ઇરાનીનો વાઇરલ ફોટો શું કહે છે....

ગુજરાત | વંદન

9 જૂનના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનના ચોગાનમાં મોદી 3.0ની શપથવિધિ યોજાઇ ત્યારે અન્ય મહાનુભાવોની સાથે અમેઠીમાં હારી ગયેલા મંત્રી અને એક સમયના ટીવી સિરિયલના અભિનેત્રી સ્મૃતિ ઈરાની પણ આમંત્રિત હતા. તેમની એક તસ્વીર વાઇરલ થઇ છે. જેમાં તેમના ચહેરાના હાવભાવને લઈને ઘણાએ ટીપ્પણી કરી હશે, તેમના ચહેરાના હાવભાવ શું કહી રહ્યાં છે તની એક કલ્પના કરીને તેમના મન કી બાત રજૂ કરવાનો અહીં એક નમ્ર પ્રયાસ છે.....તેઓ એમ વિચારતા હશે કે....



- ક્યા સે ક્યા હો ગયા.....
- કાશ મેં ભી આજ મંત્રીપદ કી શપથ લે રહી હોતી....!!
- હારી ઉસકા ગમ નહીં લેકિન કિશોરીલાલ સે હારી ઉસકા ગમ જ્યાદા...?!
- રાહુલ ઈસ બાર ભી સામને હોતા તો મૈં જીત ગઈ હોતી...!
- અબ તો કોઈ સિરિયલ મેં કામ ભી નહી મિલેંગા...?.
- ક્યા યહી રાજનીતિ હૈ..?! .કોઈ જીતાને ભી નહીં આયે...?

## ખતરનાક ચાલ: પહેલા ચૂંટણીમાં જીતાડ્યા અને હવે જેલમાંથી બહાર લાવવા દબાણ

■ અમૃતપાલને છોડાવવા ખાલિસ્તાનીઓ દ્વારા અમેરિકા પર દબાણ, જેલ મુક્ત થશે..?



ગુજરાત | વંદન

એક તરફ ભારતની જેલમાં બંધ ખાલિસ્તાન તરફી નેતા અમૃતપાલ સિંહ લોકસભા ચૂંટણી જીતીને સાંસદ બની ગયા છે. તે જ સમયે, તેને જેલમાંથી છોડાવવા માટે અમેરિકામાં ભારત વિરોધી લોબી દ્વારા અભિયાન શરૂ થયું છે અને તેઓ પંજાબમાં અસ્થિરતા સર્જનાર આ આરોપીને છોડાવવા ભારત પર દબીણ લાવવા અમેરિકાનો ઉપયોગ શરૂ કર્યો છે.

ભારતે તેનો વળતો જવાબ આપવાની તાયરી રાખવી પડે તેમ છે. અને એમ સમજાય છે કે અમૃતપાલને જેલમાંથી બહાર કાઢવા માટે તેમને સંસદની ચૂંટણીમાં ઉભા રાખવામાં આવ્યાં અને જીતી પણ ગયા. એ જાણવા છતાં કે તેઓ ભારતવિરોધી માનસિકતા ધરાવે છે તેમ છતાં પંજાબમાં તેમા મતવિસ્તારમાં તેઓ જંગી બહુમતિથી કેમ જીત્યા તે એક ચોંકાવનારૂ કહી શકાય તેમ છે.

અમેરિકન શીખ વકીલ જસપ્રીત સિંહ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને મળ્યા છે અને તેમને ભારતીય જેલમાં બંધ અમૃતપાલ સિંહની મુક્તિ માટે દરમિયાનગીરી કરવા વિનંતી કરી છે.જસપ્રીત કહે છે કે તેણે આ કેસનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે અને તે માને છે કે અમૃતપાલની ધરપકડ ખોટી છે. જસપ્રીત સિંહે અમૃતપાલ સિંહની મુક્તિ માટે અમેરિકન ધારાશાસ્ત્રીઓ પર દબાણ લાવવાની યોજના બનાવી છે.

જસપ્રીતે એક યુટ્યુબ વિડિયોમાં કહ્યું કે હું છેલ્લા બે-ત્રણ મહિનામાં બે વખત કમલા હેરિસને મળ્યો છું. મેં તેમની સાથે ઈમિગ્રેશનના મુદ્દે વાત કરી.

## ભારતે તિબેટમાં અનેક સ્થળોના નામ બદલવાનો નિર્ણય કર્યો

■ નામ ઐતિહાસિક સંશોધન અને તિબેટ ક્ષેત્રના આધારે જ રાખવામાં આવશે

ગુજરાત | વંદન




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં ત્રીજી વખત એનડીએની સરકાર રચાઈ ગઈ છે. દરમિયાનમાં, એવા સમાચાર છે કે ભારત સરકાર અરૂણાચલ પ્રદેશમાં ચીનની ગતિવિધિઓનો તેની જ ભાષામાં જવાબ આપવાની તૈયારી કરી રહી છે. ભારતે તિબેટમાં અનેક સ્થળોના નામ બદલવાનો નિર્ણય કર્યો છે. વિદેશમંત્રી એસ જયશંકરે મંગળવારે ચાર્જ સંભાળતાની સાથે જ તેમણે ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવા અધિકારીઓને જણાવ્યું છે.

એક રિપોર્ટ અનુસાર, ભારત સરકારે તિબેટના 30 સ્થળોના નામ બદલવાની મંજૂરી આપી દીધી છે. આ નામ ઐતિહાસિક સંશોધન અને તિબેટ ક્ષેત્રના આધારે જ રાખવામાં આવશે. અહેવાલ છે કે ભારતીય સેના આ નામો જાહેર કરશે અને આ નામો વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે LACના નકશા પર અપડેટ કરવામાં આવશે.

ખાસ વાત એ છે કે સરકાર દ્વારા આ પગલું એવા સમયે લેવામાં આવી રહ્યું છે જ્યારે ચીને એપ્રિલમાં અરુણાચલ પ્રદેશના 30 સ્થળોના નામ બદલી નાખ્યા હતા. આ નિર્ણય પર ભારત તરફથી ઉગ્ર વિરોધ પણ દર્શાવવામાં આવ્યો હતો. જયશંકરે મંગળવારે કહ્યું હતું કે ભારત ચીન સાથેની સરહદ પરના બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા તરફ ધ્યાન કેન્દ્રિત કરશે. પૂર્વી લદ્દાખમાં ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા સીમા વિવાદને કારણે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં ઘણો તણાવ છે. વિદેશમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યાના થોડા સમય બાદ જ જયશંકરે પાકિસ્તાન તરફથી સીમાપાર આતંકવાદનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે આ પડકારનો સામનો કરવા માટે પ્રયત્નો કરવામાં આવશે.

વિદેશ મંત્રીએ કહ્યું હતું કે 'ઈન્ડિયા ફર્સ્ટ' અને 'વસુધૈવ કુટુંબકમ' એ ભારતીય વિદેશ નીતિના બે માર્ગદર્શક સિદ્ધાંતો હશે. તેમણે પત્રકારોને કહ્યું હતું કે ચીનને લઈને અમારું ધ્યાન રહેશે કે અન્ય મુદ્દાઓને કેવી રીતે ઉકેલી શકાય. ભારતીય અને ચીની સેનાની વચ્ચે મે 2020થી વિવાદ ચાલી રહ્યો છે અને બંને દેશો વચ્ચેનો સીમાવિવાદ હજુ સુધી સંપૂર્ણ રીતે ઉકેલાયો નથી. જો કે, બંને પક્ષો ઘણા ઘર્ષણ બિંદુઓથી પાછળ ખસી ગયા છે.

## હિંદુઓ વિરુદ્ધ નફરત ફેલાવવાની ઘટનાને અપરાધ ગણવા માંગણી

■ 'હિંદુ ફોર ડેમોક્રેસી' સંગઠને ચૂંટણી પહેલા 'હિંદુ મેનિફેસ્ટો' બહાર પાડ્યો, 4 જુલાઈએ ચૂંટણી

ગુજરાત | વંદન




બ્રિટનમાં 4 જુલાઈએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે. વડા પ્રધાન ઋષિ સુનકે ગયા મહિને જ દેશમાં રાષ્ટ્રીય ચૂંટણીની તારીખની જાહેરાત કરી હતી. ચૂંટણી પહેલા બ્રિટનમાં રાજકીય ગતિવિધિઓમાં વધારો જોવા મળી રહ્યો છે. દરમિયાન 'હિંદુ ફોર ડેમોક્રેસી' નામના સંગઠને ચૂંટણી પહેલા 'હિંદુ મેનિફેસ્ટો' બહાર પાડ્યો છે. 'હિન્દુ ફોર ડેમોક્રેસી' તેના મેનિફેસ્ટોમાં કહે છે, '4 જુલાઈએ યોજાનારી ચૂંટણી એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે. ચાલો આપણો અવાજ ઉઠાવીએ. ઉમેદવારોને જવાબદાર રાખો. અને, તમારા દેશને સારી આવતીકાલ આપવામાં સક્રિય ભાગ લો.

નોંધનીય છે કે ભારતમાં કોઈ હિન્દુ સંગઠને આવો ઢંઢેરો બહાર પાડ્યો હોત તો હલચલ મચી ગઈ હોત અને કેટલાયના ભવાં ઉંચા થઈ ગયા હોત પણ બ્રિટનમાં એવુ કાંઇ થયું નથી. એક સમયે ભારતને ગુલામ રાખનાર બ્રિટનમાં હવે મૂળ ભારતીયો દ્વારા પોતાના હક્ક અને અધિકારોની માંગણીઓ ઢંઢેરા દ્વારા થઇ રહી છે, તે પણ લોકશાહીની બલિહારી જ કહી શકાય.

પરંતુ મેનિફેસ્ટોમાં જણાવાયું છે કે, આ માત્ર આપણો અધિકાર જ નથી પણ આપણી ફરજ પણ છે.ઉપરાંત, 'હિન્દુસ ફોર ડેમોક્રેસી' એ લોકોને યુકેમાં મજબૂત અને રાજકીય રીતે સક્રિય હિંદુ સમુદાય બનાવવા માટે સમર્થન આપવા અપીલ કરી છે. સંસ્થા કહે છે, 'સાથે મળીને આપણે પોતાનું, આપણાં બાળકો, ભાવિ પેઢીઓ અને વ્યાપક સમાજ માટે સારું ભવિષ્ય બનાવી શકીએ છીએ.' આ ઉપરાંત સંગઠન દ્વારા જારી કરવામાં આવેલા 'હિંદુ મેનિફેસ્ટો'માં દેશમાં હિંદુઓ વિરુદ્ધ નફરત ફેલાવવાની ઘટનાને અપરાધની શ્રેણીમાં રાખવા ઉપરાંત અન્ય ઘણી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.હિન્દુસ ફોર ડેમોક્રેસી' અનુસાર, બ્રિટનમાં રહેતા સમુદાયના 10 લાખથી વધુ લોકો છે જેઓ ટેક્સ, હેલ્થકેર, એજ્યુકેશન અને બિઝનેસ દ્વારા યુકેની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. સંગઠન માને છે કે દેશમાં હિંદુઓની તમામ સિદ્ધિઓ હોવા છતાં, તેઓ નીતિઓ અને કાયદાઓ ઘડવામાં એકીકૃત અવાજ ધરાવતા નથી. મીડિયા, શિક્ષણ અને રાજકારણમાં હિન્દુઓનું પ્રતિનિધિત્વ ઓછું છે. સંગઠનના મતે હિંદુઓ તેમના રાજકીય મહત્વને ઓળખે તે માટે પરિવર્તનનો સમય આવી ગયો છે.ગયા મહિનાની શરૂઆતમાં, બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનાકે દેશમાં સામાન્ય ચૂંટણીની જાહેરાત કરતી વખતે, મતદાનની તારીખ 4 જુલાઈ નક્કી કરી હતી.

## G-7 દેશો યુધ્ધગ્રસ્ત યુક્રેનને 50 અબજ ડૉલરની લોન આપવા સંમત થયા

■ ઝેલેન્સકીએ નેતાઓનો આભાર માનવાની સાથે કહ્યું- અમને વધુ હથિઆર આપો

ગુજરાત | વંદન




ઈટાલીમાં શરૂ થયેલી જી7 દેશોના વડાઓની બેઠકમાં વિવિધ ચર્ચાઓની સાથે યુધ્ધગ્રસ્ત યુક્રેનને વધુ સહાય માટે ચર્ચા થઇ હતી અને મુખ્ય G7 દેશોના નેતાઓ યુક્રેનને 50 બિલિયન ડૉલરની લોન આપવા માટે ફ્રેમવર્ક કરાર માટે સંમત થયા છે. આ 2022માં મોસ્કોએ તેના પાડોશી પર આક્રમણ કર્યા પછી સ્થિર કરવામાં આવેલી રશિયન સંપત્તિના વ્યાજનો ઉપયોગ કરશે. રાજકીય સમજૂતી દક્ષિણ ઈટાલીમાં G7 નેતાઓની વાર્ષિક સમિટના પ્રથમ દિવસે થઈ હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ સતત બીજા વર્ષે તેમાં ભાગ લીધો હતો.

ઈટાલીના વડા પ્રધાન મેલોની, જેઓ G-7નું આયોજન કરી રહ્યા છે, તેમણે કહ્યું, "હું પુષ્ટિ કરું છું કે અમે આ વર્ષના અંત સુધીમાં યુક્રેનને આશરે $50 બિલિયનની વધારાની નાણાકીય સહાય પૂરી પાડવા માટે રાજકીય કરાર પર પહોંચીશું," અલ જઝીરાએ અહેવાલ આપ્યો સર્વસંમતિ સધાઈ છે."મેલોનીએ રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને યુએસ પ્રમુખ જો બિડેન અને ફ્રાન્સ, જર્મની, કેનેડા, જાપાન અને યુનાઈટેડ કિંગડમના નેતાઓ સાથે યુક્રેન યુદ્ધ પર વિશેષ સમિટ સત્રમાં જોડાવા માટે હાકલ કરી છે.

ઝેલેન્સકીએ G7 નેતાઓને તેમના સમર્થન માટે આભાર માનતા કહ્યું કે "આ સમર્થનનો ઉપયોગ 'સંરક્ષણ અને પુનર્નિર્માણ' બંને માટે કરવામાં આવશે." આ સિવાય ઝેલેન્સકીએ વધુ હથિયારોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## ઈટાલીમાં G7 સમિટ પહેલા જ સંસદમાં મુક્કાબાજી-લાતમલાતી!



■ સમિટનો યજમાન દેશ શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગયો

ગુજરાત | વંદન

ઈટાલીમાં G7 સમિટ પહેલા દેશની સંસદમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. ઈટાલીની સંસદમાં એક બિલને લઈને સાંસદો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સંસદની અંદર લડાઈનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

અહેવાલો અનુસાર, ઈટાલીના કેટલાક પ્રદેશોને સ્વાયત્તતા આપવા સંબંધિત બિલને લઈને સંસદમાં વિવાદ શરૂ થયો હતો. આ બિલના સમર્થન અને વિરોધ કરી રહેલા સાંસદો વચ્ચે શરૂ થયેલો વિવાદ લડાઈ સુધી પહોંચી ગયો હતો.વીડિયોમાં જોઈ શકાય છે કે વિપક્ષી પાર્ટીના સાંસદ લિયોનાર્ડો ડોનોએ સરકારમાં મંત્રી રોબર્ટો કાલ્ડરોલીને ઈટાલીનો ધ્વજ આપવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ડોનોએ ધ્વજ લેવાની ના પાડી અને પીછેહઠ કરી. આ દરમિયાન અન્ય સાંસદોની ભીડ એકઠી થઈ ગઈ અને થોડી જ વારમાં બંને પક્ષે લાતો અને મુક્કાબાજી શરૂ થઈ ગઈ હતી..

આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ વિદેશ મંત્રી એન્ટોનિયો તેજાનીએ દુખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેમની પાસે શબ્દો નથી. આપણે બીજું ઉદાહરણ બેસાડવું પડશે, રાજકીય સમસ્યાઓ ઉકેલ ગર્દભ લાત તો નથી જ .તમને જણાવી દઈએ કે 50મી જી7 સમિટનું આયોજન ઈટાલીના અપુલિયામાં થઈ રહ્યું છે. આ વાઈરલ વિડિયાના પગલે ઈટાલીના નેતા મેલોનીને શરમજનક સ્થિતિમાં મૂકાઈ જવુ પડ્યું છે.

આ સમિટમાં દેશ અને વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓના વડાઓ હાજર છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને બ્રિટિશ પીએમ ઋષિ સુનાકનો સમાવેશ થાય છે.

## લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી બનશે આર્મી ચીફ

■ પરમ વિશિષ્ઠ, અતિ વિશિષ્ટ સેવા મેડલ મેળવનાર દ્વિવેદી જમ્મુ - કાશ્મીરમાં સેવા આપી ચૂક્યા છે

ગુજરાત | વંદન



સરકારે લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની આગામી આર્મી ચીફ તરીકે 30 જૂનની બપોરથી નિમણૂક કરી છે. વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ સી પાંડે 30 જૂને નિવૃત્ત થઇ રહ્યા છે.સરકારે લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની આગામી આર્મી ચીફ તરીકે 30 જૂનની બપોરથી નિમણૂક કરી છે. વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ સી પાંડે 30 જૂને ઓફિસ છોડી રહ્યા છે. પરમ વિશિષ્ઠ સેવા મેડલ અને અતિ વિશિષ્ટ સેવા મેડલ એનાયત, લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ લાંબા સમય સુધી જમ્મુ અને કાશ્મીરમાં સેવા આપી છે.25 મેના રોજ છઠ્ઠા તબક્કાની ચૂંટણી બાદ સરકારે 26 મેના રોજ આર્મી ચીફ જનરલ મનોજ પાંડેને એક મહિનાનું એક્સ્ટેન્શન આપ્યું હતું. આ કારણે તેઓ 30 જૂન સુધી આ પદ પર રહેશે. અગાઉ તેઓ 31 મેના રોજ નિવૃત્ત થવાના હતા. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ સર્વિસ એક્સટેન્શન આર્મી રૂલ્સ, 1954ના નિયમ 16A (4) હેઠળ આપવામાં આવ્યું હતું.લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનો જન્મ 1 જુલાઈ 1964ના રોજ થયો હતો. તેઓ 15 ડિસેમ્બર, 1984ના રોજ ભારતીય સેનાની પાયદળ જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સમાં કમિશન થયા હતા. તેમની પાસે લગભગ 40 વર્ષનો અનુભવ છે. તેમની લાંબી અને વિશિષ્ટ સેવા દરમિયાન તેમણે વિવિધ કમાન્ડ, સ્ટાફ અને સૂચનાત્મક હોદ્દા પર સેવા આપી છે. લેફ્ટનન્ટ ઉપેન્દ્ર દ્વિવેદીની કમાન્ડની નિમણૂંકમાં રેજિમેન્ટ 18 જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સ, બ્રિગેડ 26 સેક્ટર આસામ રાઈફલ્સ, ડીઆઈજી, આસામ રાઈફલ્સ (ઈસ્ટ) અને 9 કોર્પ્સના કમાન્ડનો સમાવેશ થાય છે.

### ગાડી બુલા રહી હૈ...સીટી બજા રહી હૈ...ચલના હી જિંદગી હૈ....

## જર્મનીનો એક છોકરડો બે વર્ષથી ટ્રેનમાં જ હરે છે-ફરે છે અને રહે છે...!

ગુજરાત | વંદન

સામાન્ય રીતે આપણે ટ્રેનનો ઉપયોગ એક સ્થળેથી બીજા સ્થળે જવા આવવા માટે કરતા હોઈએ છીએ. પણ જર્મનીમાં એક યુવકને ટ્રેન સાથે એટલો લગાવ થઇ ગયા છે કે તેના જીવનમાં, ગાડી બુલા રહી હૈ...સીટી બજા રહી હૈ... જેવુ થઇ ગયું છે અને બે વર્ષથી તે ટ્રેનમાં જ રહે છે..!

તેનું નામ સ્ટોલી છે અને તેણે માતાપિતાને યેનકેન પ્રકારે સમજાવીને ટ્રેનની મુસાફરી શરૂ કરીને ઓગસ્ટ 2022માં પ્રસ્થાન કર્યું અને, 6,700 કલાકથી વધુ સમય સુધી ટ્રેનોમાં બેસીને, 650,000 કિલોમીટરની આશ્ચર્યજનક મુસાફરી કરી છે, જે પૃથ્વીની આસપાસ 15 વખત ફરવા બરાબર છે.

આ છોકરાએ 2022 માં 16 વર્ષની ઉંમરે ઉત્તર જર્મનીમાં તેનું ઘર છોડી દીધું હતું લેસે સ્ટોલી 17 વર્ષનો જર્મન છોકરો કે જે ડોઈશ બાહન રેલકારમાં આશરે $10,000 (અંદાજે રૂ. 8.3 લાખ)ની વાર્ષિક અમર્યાદિત ટિકિટની કિંમતે રહે છે, તેણે "ટ્રેન્સક્વેટર" તરીકે વિશ્વભરમાં ધ્યાન ખેંચ્યું છે.

જર્મની અને યુરોપની આસપાસ દરરોજ અંદાજે 600 કિલોમીટરની મુસાફરી કરીને, કિશોર ફર્સ્ટ ક્લાસમાં સવારી કરે છે, રાતે ટ્રેનમાં સૂઈ જાય છે, ડાઈનિંગ કારમાં નાસ્તો ખાય છે, સિંકમાં લોન્ડ્રી કરે છે અને રસ્તામાં સામુદાયિક કેન્દ્રો અને જાહેર સ્વિમિંગ પુલ પર શાવર લે છે...!

સોફ્ટવેર કોડર સ્ટોલી સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય છે. ઈન્સ્ટાગ્રામ પર તાજેતરની પોસ્ટમાં, તેણે લખ્યું, "ટ્રેન પરનું જીવન મને ગમે ત્યારે ક્યાં



લેસ સ્ટોલી ટ્રેન પેસેન્જર તરીકે જીવવા માટે દર વર્ષે 8 લાખ રૂપિયા ખર્ચે છે....




જવું છે તે પસંદ કરવાની સ્વતંત્રતા આપે છે. સવારે બાલ્ટિક સમુદ્ર દ્વારા નાસ્તો કરો અને સાંજે આલ્પ્સમાં સૂર્યાસ્તનો આનંદ માણો - શક્યતાઓ અનંત છે!"

17 વર્ષીય તેના મોટાભાગના દિવસો તેના લેપટોપ પર કામ કરવામાં વિતાવે છે જ્યારે ટેબલ સાથેના બૂથ પર અન્ય પ્રવાસીઓની વચ્ચે બેસીને. તેઓ તેમના મુસાફરીના ધાબળો અને ગળાના ઓશીકા સાથે સીટો પર લંબાવતા સૂઈ જવા માટે અવાજ-રદ કરતા હેડફોનોનો ઉપયોગ કરવા માટે પણ જાણીતા છે.

ટ્રેનમાં રહેતી વખતે ગોપનીયતા બિલકુલ અસ્તિત્વમાં નથી. મારી પાસે ઘણી સ્વતંત્રતા છે અને હું દરરોજ નક્કી કરી શકું છું કે મારે ક્યાં જવું છે, આલ્પ્સમાં, મોટા શહેરમાં કે દરિયામાં. હું સંપૂર્ણપણે લવચીક છું. "લાસેએ કહ્યું.

તેણે એક વર્ષ પહેલાં પ્રવાસ શરૂ કર્યો હતો અને ઉત્તરીય લાઈટ્સ જોવા માટે ચાર ઐતિહાસિક સ્મારકો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને સ્કેન્ડિનેવિયા ગયા હતા. નોંધનીય છે કે, તેણે જર્મન રેલ પર 500,000 કિલોમીટરની મુસાફરી કરી છે.

એક એપ્લિકેશનનો ઉપયોગ કરીને, સોફ્ટવેર ડેવલપર તેના દૈનિક મુસાફરીના સમયપત્રકની યોજના બનાવે છે અને તેનું નિરીક્ષણ કરે છે, દિવસ દરમિયાન વારંવાર કોમ્યુટર ટ્રેનોનો ઉપયોગ કરે છે અને રાત્રે ક્રોસ-કંટ્રી રીડીઝ કરે છે. "દરરોજ રાત્રે મારે એ સુનિશ્ચિત કરવું પડે છે કે હું નાઈટ ટ્રેન પકડું અને કેટલીકવાર મારે ખૂબ જ ઝડપથી ફરીથી શેડ્યૂલ કરવું પડે છે કારણ કે તે અચાનક આવતી નથી.

આ છોકરાએ 2022માં 16 વર્ષની ઉંમરે ઉત્તર જર્મનીમાં તેનું ઘર છોડી દીધું હતું અને કહ્યું હતું કે તેના માતાપિતાને તેની બિનપરંપરાગત જીવનશૈલીને ટેકો આપવા માટે "ખૂબ ખાતરી આપવી" પડી હતી. તેના કપડામાં ચાર ટી-શર્ટ, બે જોડી ટ્રાઉઝર, ગળાનું ઓશીકું અને એક ટ્રાવેલ બ્લેન્કેટનો સમાવેશ થાય છે પછી તેણે એક જ બેગમાં બધું ફિટ કરવા માટે કદ ઘટાડ્યું. "સૌથી મહત્વની બાબત એ છે કે મારું લેપટોપ અને મારા અવાજને રદ કરતા હેડફોન્સ, જે મને ટ્રેનમાં ઓછામાં ઓછી થોડી ગોપનીયતા આપે છે," લાસ્સે ઉમેર્યું.

ટ્રેનની કામગીરીમાં તેની પ્રતિષ્ઠા અને કુશળતા સાથે, તે આખરે તે જ ક્ષેત્રમાં નોકરી મેળવવાની અપેક્ષા રાખે છે. કિશોરે કહ્યું, "મારી ઈચ્છા ટ્રાન્સપોર્ટ કંપનીઓને પ્રતિસાદ આપવાની છે, ઉદાહરણ તરીકે, ડોઈશ બાન અથવા ટ્રેન ઉત્પાદકોને, અને તેના માટે ચૂકવણી કરવી."

સ્ટોલીની જેમ, અન્ય ઘણા લોકોએ પણ આવા વૈકલ્પિક જીવન વિકલ્પો પર ધ્યાન આપ્યું છે. ઈસાબેલ અને એન્ટોઈન એ એક દંપતી છે જેમણે 2017માં તેમનું ઘર વેચ્યું, તેમની નોકરી છોડી દીધી અને દેશભરમાં ફરવા માટે કેમ્પર બનાવ્યું.

તેઓ વેબસાઈટ ફાર આઉટ રાઈડ પર તેમના સાહસો રેકોર્ડ કરે છે . 2017થી 2022 સુધી, દંપતીએ એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરો વચ્ચે તેમના લાંબા સમયથી રોકાયેલા સ્વપ્નને પૂર્ણ કરવા પ્રવાસ કર્યો. તે માત્ર Gen Z અને Millenials જ નથી કે જેઓ અનન્ય હાઉસિંગ વિકલ્પો શોધી રહ્યા છે પરંતુ વૃદ્ધ લોકો પણ છે.

# ફિલ્મ અભિનેતા શત્રુઘ્ન સિન્હાના ઘરે હવે શરણાઈના સૂર વાગશે..!



તાજેતરમાં જ ટીએમસીના સાંસદ બની ચૂકેલા ફિલ્મ અભિનેતા શત્રુઘ્ન સિન્હાના ઘરે હવે શરણાઈના સૂર વાગશે કારણ કે સિન્હાની દીકરી અને બોલીવૂડ સ્ટાર સોનાક્ષી સિન્હાના લગ્નની ઘડીઓ ગણાઈ રહી છે. મીડિયાના અહેવાલો અનુસાર સોનાક્ષી બૉયફ્રેન્ડ ઝહીર સાથે 23મી જૂને લગ્ન કરે તેવી સંભાવના છે. સોનાક્ષી, ઝહીર અને તેમના પરિવારે હજુ સુધી આ અહેવાલનો જવાબ આપ્યો નથી. પરંતુ સોનાક્ષી અને ઝહીર છેલ્લા 4-5 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. જોકે બંને ઘણીવાર સાથે પાર્ટી કરતા જોવા મળે છે, પરંતુ તેઓએ ક્યારેય જાહેરમાં તેમના સંબંધનો સ્વીકાર કર્યો નથી. બંનેએ હંમેશા કહ્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે

તેમના લગ્નની ચર્ચાઓ પણ ઘણા સમયથી ચાલી રહી છે. હવે આ કપલના લગ્નની તારીખો સામે આવી છે. આ કપલ આ મહિને લગ્ન કરશે. સોનાક્ષીના માતા-પિતા શત્રુઘ્ન સિન્હા-પૂનમ સિંહા તેમની દીકરીના લગ્નની તૈયારીમા લાગ્યા હોવાનું કહેવાય રહ્યું છે. સોનાક્ષી અને ઝહીર 23 જૂને તેમના મિત્રો અને પરિવારના સભ્યોની હાજરીમાં લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે કપલે ડેસ્ટિનેશન વેડિંગનો ટ્રેન્ડ છોડીને મુંબઈમાં જ લગ્ન કરવાનો નિર્ણય લીધો છે.

જો કે, આ કપલ લગ્નમાં તેમના નજીકના મિત્રોને જ આમંત્રણ આપવામાં આવશે અને બહુ તામઝામ નહીં હોય. બન્નેના રિસેપ્શનમાં બોલીવૂડ ઉભરી આવશે આ સાથે રાજકારણીઓનો પણ મેળો લાગશે તેમ કહેવાય છે. જોકે પરિવાર તરફથી આ મામલે કંઈ જ કહેવામા આવી રહ્યું નથી. સોનાક્ષી અને ઝહીર છેલ્લા 4-5 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. બંને સાથે હેંગઆઉટ અને પાર્ટી કરતા જોવા મળે છે, પણ હવે તેમણે આ મિત્રતાને લગ્નસંબંધમાં ફેરવવાનો નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. હવે બન્ને કંઈક બોલે તો લગ્નના અહેવાલોને સમર્થન મળે તેવી સંભાવના સેવાઈ રહી છે.

સલમાન ખાને વર્ષ 2019 માં ફિલ્મ નોટબુક દ્વારા ઝહીરને ફિલ્મ ઉદ્યોગમાં લોન્ચ કર્યો હતો.. આ ફિલ્મમાં ઝહીર ઈકબાલ અને પ્રનૂતન બહલ મુખ્ય ભૂમિકામાં હતા. સોનાક્ષી સિન્હાએ 2010 માં સલમાન ખાનની ફિલ્મ દબંગથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. એવું કહેવામાં આવે છે કે ઝહીર અને સોનાક્ષીને એકબીજાની નજીક લાવવામાં સલમાન ખાનનું ઘણું યોગદાન છે. બંને સલમાનની ખૂબ નજીક છે. કહેવાય છે કે બંનેની પહેલી મુલાકાત સલમાન ખાનના કારણે થઈ હતી.

# અજય દેવગન અભિનીત 'ઓરોં મેં કહાં દમ થા'નું ટ્રેલર રિલીઝ




બોલિવૂડનો 'સિંઘમ' અજય દેવગણ, હોરર-અલૌકિક ફિલ્મ 'શૈતાન'થી ધમાકો મચાવ્યા બાદ હવે પ્રેમ-કથા ફિલ્મ 'ઓરોં મેં કહાં દમ થા' દ્વારા ચાહકોમાં પ્રેમ વરસાવવા આવી રહ્યો છે. 'ઓરોં મેં કહાં દમ થા'નું ટ્રેલર આજે 13મી જૂને રિલીઝ કરવામાં આવ્યું છે. 'ઓરોં મેં કહાં દમ થા' એક લવ સ્ટોરી ફિલ્મ છે, જેમાં અજય દેવગન તેની બેસ્ટ ફ્રેન્ડ તબ્બુ સાથે જોવા મળશે. આ પહેલા 31 મેના રોજ આ ફિલ્મનું એક અદ્ભુત અને પ્રેમાળ ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં અજય અને તબ્બુ વચ્ચે પ્રેમભરી ક્ષણ જોવા મળી હતી.

'ઓરોં મેં કહાં દમ થા'ના 3.05 મિનિટના ટ્રેલરમાં પ્રેમ, લોહી અને છૂટા પડવાની પીડા અને પુનઃમિલન છુપાયેલું છે. અજય અને તબ્બુ એકબીજાને ખૂબ જ પ્રેમ કરે છે અને કૃષ્ણાના રોલમાં અજય તેના પ્રેમના માર્ગમાં આવનાર કોઈપણને મારી નાખે છે, જેના કારણે તેને 22 વર્ષ જેલમાં પસાર કરવા પડે છે. તે જ સમયે, આ 22 વર્ષો દરમિયાન, તબ્બુ અભિનેતા અભિજીત (જીમી શેરગિલ) સાથે લગ્ન કરે છે અને પોતાનું ઘર બનાવી લે છે અને પછી જ્યારે અજય 22 વર્ષ પછી જેલમાંથી મુક્ત થાય છે, ત્યારે તેના દિલમાં હજુ પણ તબ્બુ માટે પ્રેમ છે અને તબ્બુ પણ તેને પ્રેમ કરે છે. આ 22 વર્ષોમાં તે તેના કૃષ્ણ (અજય) ને ભૂલી શકી નથી. હવે ફિલ્મની વાર્તા એ વાત પર ટકી રહી છે કે શું અજયે પોતે જ તે બે હત્યાઓ કરી છે, જેના કારણે તેને 22 વર્ષ જેલમાં રહેવું પડ્યું હતું અને તેનો પ્રેમ પણ ગુમાવવો પડ્યો હતો. આ કેસની તપાસ તબ્બુના પતિ અભિજીત (જીમી શેરગિલ) કરશે.

'ઓરોં મેં કહાં દમ થા' સ્પેશિયલ ઑપ્સ દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, એમ.એસ. ધોની અનટોલ્ડ સ્ટોરી, બેબી, સ્પેશિયલ 26, અય્યારી અને એ વેનડેસડે જેવી દમદાર ફિલ્મોનું દિગ્દર્શન કરનાર નીરજ પાંડેએ તેનું નિર્દેશન કર્યું છે. નીરજ પાંડેએ મોટાભાગે થ્રિલર ફિલ્મો બનાવી છે અને હવે તેના બોક્સમાંથી લવસ્ટોરી ફિલ્મ 'ઓરોં મેં કહાં દમ થા' બહાર આવી છે.

'ઓરોં મેં કહાં દમ થા'માં અજય દેવગન અને તબ્બુ ઉપરાંત જીમી શેરગિલ, સાઈ માંજરેકર, શાંતનુ મહેશ્વરી મહત્વની ભૂમિકામાં હશે. નરેન્દ્ર હેરાવત, કુમાર મંગત પાઠક, સંગીતા આહિર, શીતલ ભાટિયાએ ફિલ્મનું નિર્માણ કર્યું છે. 'ઓરોં મેં કૌન દમ થા' NH અને પેનોરમા સ્ટુડિયો દ્વારા રજૂ કરવામાં આવે છે. આ ફિલ્મ 5 જુલાઈ 2025ના રોજ રીલિઝ થઈ રહી છે.

# 'હમારે બારહ 'ની અભિનેત્રીને બળાત્કાર અને જાનથી મારી નાખવાની ધમકી ...





અદિતિ ધીમાને હમારે બારહમાં અન્નુ કપૂરની દીકરી ઝરીનનો રોલ કર્યો છે. આ ફિલ્મમાં તેણીનું પાત્ર એક પુત્રીનું છે જે બળવાખોર છે, પરંતુ તે જ સમયે તેના માતાપિતાના સન્માનનું પણ ધ્યાન રાખે છે. મીડિયા સાથે વાત કરતી વખતે અદિતિએ ઘણા મુદ્દાઓ પર વાત કરી. અભિનેત્રીએ જણાવ્યું કે તેને રેપની ધમકીઓ મળી હતી, જેના કારણે તે ઘરની બહાર નીકળી શકી ન હતી.

વિવાદાસ્પદ ફિલ્મ 'હમારે બારહ' પરનો પ્રતિબંધ આખરે હટાવી લેવામાં આવ્યો છે. આ ફિલ્મ 14 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. દિગ્ગજ અભિનેતા અન્નુ કપૂર અભિનીત આ ફિલ્મથી અદિતિ ધીમાન ડેબ્યુ કરવા જઈ રહી છે. આજતક સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં તેણે પોતાનો અનુભવ શેર કર્યો. અદિતિએ ફિલ્મને લઈને ચાલી રહેલા વિવાદ અને સ્ટાર્સ દ્વારા મળી રહેલી ધમકીઓ વિશે ખુલીને વાત કરી હતી. અદિતિએ એ પણ જણાવ્યું કે જ્યારે તેને બળાત્કાર અને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી ત્યારે તે કેટલી ડરી ગઈ હતી અને કેવી રીતે સરકાર અને ટીમે તેને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું.અદિતિ ધીમાને હમારે બારહમાં અન્નુ કપૂરની દીકરી ઝરીનનો રોલ કર્યો છે. આ ફિલ્મમાં તેણીનું પાત્ર એક પુત્રીનું છે જે બળવાખોર છે, પરંતુ તે જ સમયે તેના માતાપિતાના સન્માનનું પણ ધ્યાન રાખે છે. તેઓને પણ દુઃખ આપવા નથી માંગતા. તેણીનો જન્મ એવા પરિવારમાં થયો હતો જ્યાં સ્ત્રીઓનું અસ્તિત્વ માનવામાં આવતું ન હતું. તેમ છતાં તે સપના જોવામાં અચકાતી નથી. આ બધા વચ્ચે ઝરીન કેવી રીતે પોતાની ઓળખ બનાવે છે તે જોવું રહ્યું. અદિતિએ કહ્યું- આ ફિલ્મ સંપૂર્ણપણે મહિલાઓ વિશે વાત કરે છે કે તેઓ કયા તબક્કામાંથી પસાર થાય છે.

તે ઘણા બલિદાન આપે છે જેની ક્યારેય નોંધ લેવામાં આવતી નથી. તેમ છતાં તેઓને દરેક જગ્યાએ નીચે ઉતારવામાં આવે છે. હું જે પરિવારમાંથી આવું છું, મેં ક્યારેય વિચાર્યું ન હતું કે આવું થશે, પરંતુ ના, આજે પણ જમીની સ્તરે આવું થાય છે. આ ફિલ્મ માટે, જ્યારે હું બુરખો પહેરીને લખનૌની ગલીઓમાં ફરતો હતો, ત્યારે મને ખબર પડી, મેં અનુભવ્યું કે, વાસ્તવમાં આજે પણ ઘણી એવી ઘટનાઓ બને છે, જેના વિશે આપણે જાણતા નથી. આ વિશે જાણવું જરૂરી છે.

# મલયાલમ સિનેમા સ્ટાર સુરેશ ગોપી શું મોદી કેબિનેટ 3.0નું મંત્રી પદ છોડશે?







રવિવારે સુરેશ ગોપીએ કેન્દ્રીય મંત્રી તરીકે શપથ લીધા. પરંતુ હવે માહિતી સામે આવી રહી છે કે તેઓ તેમનું મંત્રી પદ છોડવાના છે. સુરેશે આ પદ છોડવાનું કારણ તેમની અધૂરી ફિલ્મ પ્રતિબદ્ધતાઓ ગણાવી છે. તેણે કહ્યું કે તેણે ઘણી ફિલ્મો સાઈન કરી છે જે તેણે પૂરી કરવાની છે.


મલયાલમ સિનેમા સ્ટાર સુરેશ ગોપી આ મહિનાની શરૂઆતથી જ ચર્ચામાં છે. લોકસભા ચૂંટણી 2024માં પ્રચંડ જીત સાથે, સુરેશ ગોપી કેરળમાંથી ભાજપના પ્રથમ સાંસદ બન્યા. પરંતુ હવે તેના વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે.રવિવારે સુરેશે કેન્દ્રીય મંત્રી તરીકે શપથ લીધા. પરંતુ હવે માહિતી સામે આવી રહી છે કે તેઓ તેમનું મંત્રી પદ છોડવાના છે. શપથ ગ્રહણ સમારોહ બાદ દિલ્હીમાં એક પ્રાદેશિક ચેનલ સાથે વાત કરતા સુરેશ ગોપીએ કહ્યું કે તેમણે મંત્રી પદ માટે કહ્યું નથી અને તેઓ આશા રાખી રહ્યા છે કે તેમને ટૂંક સમયમાં પદ પરથી મુક્ત કરવામાં આવશે.સિનેમા પ્રત્યેનો પ્રેમ કેન્દ્રીય મંત્રીના પદથી ઉપર છે! આશ્ચર્યની વાત એ છે કે સુરેશ પદ છોડવાનું કારણ તેમની અધૂરી ફિલ્મ પ્રતિબદ્ધતાઓ ગણાવે છે. તેણે કહ્યું કે તેણે ઘણી ફિલ્મો સાઈન કરી છે જે તેણે પૂરી કરવાની છે. તેથી તે કેરળના ત્રિશૂરના સાંસદ તરીકે જ કામ કરવા માંગે છે. શ્રેષ્ઠ અભિનેતા'નો રાષ્ટ્રીય પુરસ્કાર જીતી ચૂકેલા સુરેશ ગોપીએ ભલે રાજકારણમાં મોટી જીત હાંસલ કરી હોય, પરંતુ સિનેમા પ્રત્યેનો તેમનો પ્રેમ ચોક્કસપણે ખૂબ જ વધારે છે. સુરેશ ગોપીના ખાતામાં હાલમાં ઘણી ફિલ્મો પેન્ડિંગ છે અને તેમાંથી ઘણા પ્રોજેક્ટ આ વર્ષે રિલીઝ થવાના છે.સુરેશ ગોપીના આગામી પ્રોજેક્ટ

ચૂંટણી જીત્યા પછી જ, સુરેશ ગોપીએ એક પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે તે મલયાલમ સિનેમાના આઈકોન મામૂટી સાથે એક ફિલ્મમાં કામ કરી રહ્યો છે. તેનું શૂટિંગ ઓગસ્ટમાં શરૂ થવાનું છે.

રિપોર્ટ્સ અનુસાર, તેની ફિલ્મ 'વરહમ' 7 ઓગસ્ટે રિલીઝ થવાની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મિસ્ટ્રી-થ્રિલરમાં તે એક એવું પાત્ર ભજવવા જઈ રહ્યો છે જે તેણે તેની લગભગ 50 વર્ષની લાંબી કરિયરમાં ભજવ્યું નથી.સુરેશ ગોપીની લીગલ થ્રિલર 'જાનકી vs સ્ટેટ ઓફ કેરળ (JSK) પણ પોસ્ટ પ્રોડક્શન સ્ટેજમાં છે. અહેવાલો સૂચવે છે કે તે 17 ઓગસ્ટે રિલીઝ થવાની છે. પ્રવીણ નારાયણની આ ફિલ્મમાં તે લોકપ્રિય અભિનેત્રી અનુપમા પરમેશ્વરન સાથે જોવા મળશે.

ચૂંટણી પછીની પ્રેસ કોન્ફરન્સમાં તેણે કહ્યું હતું કે લગભગ એક દાયકાથી અટવાયેલી તેમની ફિલ્મ 'ઓટ્ટાકોમ્બન' પર કામ ફરી શરૂ થઈ ગયું છે અને તે પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાનું છે. આ સિવાય તેણે મલયાલમ ઈન્ડસ્ટ્રીની મોટી પ્રોડક્શન કંપની શ્રીગોકુલમ મૂવીઝને 3 ફિલ્મો માટે પ્રતિબદ્ધતા આપી છે.વધુમાં તેમણે હતું કે લગભગ એક દાયકાથી અટવાયેલી તેમની ફિલ્મ 'ઓટ્ટાકોમ્બન' પર કામ ફરી શરૂ થઈ ગયું છે અને તે પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાનું છે. આ સિવાય તેણે મલયાલમ ઈન્ડસ્ટ્રીની મોટી પ્રોડક્શન કંપની શ્રીગોકુલમ મૂવીઝને 3 ફિલ્મો માટે પ્રતિબદ્ધતા આપી છે.

# 15 ઓગષ્ટે અક્ષય અને જોન સામ-સામે,કોણ બાજી જીતશે ?



15મી ઓગસ્ટે સામ સામી ટક્કર થવા જઈ રહી છે. જ્યારે અલ્લુ અર્જુન તેની ફિલ્મ 'પુષ્પા 2' લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે જૉન અબ્રાહમ અને અક્ષય કુમારે પણ તે જ દિવસે ફિલ્મ રિલીઝ કરવાની જાહેરાત કરી છે. બંને ત્રીજી વખત આમને-સામને થશે. 15 ઓગસ્ટે જ્યારે પણ બંને વચ્ચે ટક્કર થઈ ત્યારે જાણો કોણ જીત્યું.15મી ઓગસ્ટની તારીખે અલ્લુ અર્જુને રૂમાલ રાખ્યો છે. પુષ્પા રાજ પર એટલો પાવર છે કે અજય દેવગને તેની સૌથી મોટી ફિલ્મ મુલતવી રાખવી પડી હતી. અલબત્ત, કારણ ગમે તે હોય, પુષ્પા રાજનો ડર પણ છે. સાઉથ શું છે અને નોર્થ શું છે ફિલ્મને લઈને ભારે ચર્ચા છે. પરંતુ સ્વતંત્રતા દિવસ પર એક જબરદસ્ત રમત થવાની છે, જે થિયેટરોમાં હશે. અહીં મોટા સ્ટાર્સ તેમની ફિલ્મો માટે સોલો રિલીઝની શોધમાં છે, જ્યારે ત્યાં જ્હોન અબ્રાહમે અલ્લુ અર્જુનને સ્પર્ધા આપી હતી. તેણે પોતાની આગામી ફિલ્મ 'વેદ'ની રિલીઝ માટે આ દિવસ પસંદ કર્યો હતો. આ એક મોટો દિવસ છે, તેથી બે મોટા સ્ટાર્સ વચ્ચેની સ્પર્ધા જોરદાર રહેશે. પરંતુ કોને ખબર હતી કે થોડી જ વારમાં તે એક મહાન અથડામણમાં ફેરવાઈ જશે. પરંતુ એવું જ થયું, જ્યારે અક્ષય કુમારે 15 ઓગસ્ટે તેની 'ખેલ-ખેલ મેં' લાવવાનું નક્કી કર્યું.એક તરફ સાઉથના સુપરસ્ટાર અને બીજી તરફ બોલિવૂડના બે મોટા સ્ટાર્સ... આ સ્પર્ધા કઠિન બનવાની છે. પરંતુ બોલિવૂડમાં આનાથી પણ વધુ કઠોર સ્પર્ધા ચાલી રહી છે, જે અક્ષય કુમાર અને જોન અબ્રાહમ વચ્ચે ચાલી રહી છે

# 27 વર્ષ પછી ફરી દેશને સલામ કરશે 'મેજર કુલદીપ'






1997માં રીલિઝ થયેલી સની દેઓલની ફિલ્મ બોર્ડરની સિક્વલ બોર્ડર 2ની દરેક લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. આખરે બોર્ડરની સિક્વલ બોર્ડર 2ની ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી છે. આ ફિલ્મની સિક્વલથી સની દેઓલ ફરી કમબેક કરી રહ્યો છે. બોર્ડરની સિક્વલ રિલીઝના 27 વર્ષ પછી આવવા જઈ રહી છે. બોર્ડર 2માં સની દેઓલ ફરી એકવાર પાકિસ્તાન સાથે ટક્કર આપતા જોવા મળશે. જ્યારથી આ ફિલ્મની ઘોષણા થઈ છે ત્યારથી જ ફેન્સ દ્વારા કમેન્ટ્સ આવવા લાગી છે.

વોર એક્શન ફિલ્મ બોર્ડર 2 ની જાહેરાત ઈન્સ્ટાગ્રામ પર કરવામાં આવી છે. સની દેઓલે પોતાના દમદાર અવાજથી ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું છે. ખાસ વાત એ છે કે ફિલ્મ બોર્ડર 13 જૂન 1997ના રોજ રીલિઝ થઈ હતી અને બરાબર 27 વર્ષ પછી બોર્ડર 2 ની જાહેરાત 13 જૂનના રોજ કરવામાં આવી છે. સની દેઓલે પોતે પણ આ ફિલ્મની જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

બોર્ડર 2ના આ વીડિયોમાં કોઈ વિઝ્યુઅલ નથી, બેકગ્રાઉન્ડમાંથી માત્ર સની દેઓલનો અવાજ આવી રહ્યો છે. વીડિયોમાં તે કહી રહ્યો છે, '27 વર્ષ પહેલા એક સૈનિકે વચન આપ્યું હતું કે તે પાછો આવશે. આ જ વચનને પૂર્ણ કરવા તેઓ ફરીથી ભારતની ધરતીને સલામ કરવા આવી રહ્યા છે. આ પછી ફિલ્મ બોર્ડરનું ગીત સંદેશ આતે હૈં બેકગ્રાઉન્ડમાં વાગે છે.

બોર્ડર 2 ના ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તા પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ ફિલ્મને અનુરાગ સિંહ ડાયરેક્ટ કરવા જઈ રહ્યા છે. બોર્ડર 2માં અનુ મલિક અને મિથુનનું સંગીત હશે. જાવેદ અખ્તર ફિલ્મના ગીતોના લિરિક્સ લખી રહ્યા છે અને તેને સોનુ નિગમ દ્વારા ગાવામાં આવશે. આ ફિલ્મની સ્ટાર કાસ્ટ વિશે હજુ સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી.



# સાઉથની ઈન્ડસ્ટ્રીમાં જોવા મળશે વિદ્યુતનો દમદાર અભિનય

બોલિવૂડ અને સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચે વધતો તાલમેલ સમગ્ર ઈન્ડિયન સિનેમામાં મોટું પરિવર્તન લાવી રહ્યો છે. આ પરિવર્તનની અસર બોક્સ ઓફિસ પર પણ દેખાવા લાગી છે.

છેલ્લા કેટલાંક વર્ષો માં ઘણા બોલિવૂડના કલાકારો સાઉથની ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે , તો સાઉથના કલાકારો પણ બોલિવૂડ તરફ આવી રહ્યાં છે. હવે વધુ એક બોલિવૂડ એક્ટર ૧૨ વર્ષે સાઉથની ફિલ્મમાં કામ કરશે.

ઘણી ફિલ્મોમાં પોતાના સ્ટંટ અને જબરજસ્ત એક્શનથી બધાને ઈમ્પ્રેસ કરી ચૂકેલો એક્ટર વિદ્યુત જામવાલ હવે સાઉથની ફિલ્મોમાં પણ ધૂમ મચાવવા તૈયાર છે. વિદ્યુતે ૨૦૧૨માં આવેલી વિજયની સાઉથ ફિલ્મ 'થુપક્કી'માં વિલનની ભૂમિકા ભજવી હતી. હવે વિદ્યુતે 'ગજની' જેવી ફિલ્મ બનાવનાર ડિરેક્ટર એ. આર. મુર્ગાદોસ સાથે હાથ મિલાવ્યા છે.

આ ફિલ્મનું પ્રોડક્શન સિવાકાર્તિકેયન કરશે. ફિલ્મના મેકર્સ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. ફિલ્મના મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં લખ્યું હતું, "અમે એવા વિલનનને લઈને આવી રહ્યા છીએ જેણે દરેક વ્યક્તિને ભયભીત કરી મૂક્યા છે,

આ ફિલ્મમાં વિદ્યુત જામવાલનું સ્વાગત કરીએ છીએ." આ પોસ્ટ શેર થતાં જ લોકોના રિએક્શન્સ આવવાના શરૂ થઈ ગયા હતા. એક વ્યક્તિએ લખ્યું હતું, 'આશા છે કે બોલીવૂડમાં વધુ એક દમદાર વિલન આવી રહ્યો છે.' તો બીજાએ લખ્યું, 'સિવા વર્સીસ વિદ્યુત. આ એક મોટી ફિલ્મ સાબિત થશે.' તો અન્ય એક વ્યક્તિએ લખ્યું કે, 'થુપક્કી પછી વધુ એક મુર્ગાદોસ ફિલ્મ. આ વિદ્યુતની ઘણી સારી સીઝન છે.'

વર્ષ ૨૦૧૨માં વિજયની ફિલ્મ 'થુપક્કી'માં વિદ્યુત જામવાલે નકારાત્મક ભૂમિકા કરી હતી. જેણે પણ આ ફિલ્મ જોઈ તેણે વિદ્યુતના વખાણ કર્યા હતા. તેથી હવે ફરી બધા વિદ્યુતના પાત્રને લઈને ઉત્સુક છે. સાથે જ એક્ટર સિવાકાર્તિકેયનની લોકપ્રિયતા પણ સાઉથમાં ઘણી છે.



# શાદી કે ડાયરેક્ટર કરણ ઔર જોહર, ફિલ્મ માટે કરણ કૉર્ટના આંગણે

## કરણે દાવો કર્યો કે તેના "બ્રાન્ડ નામ" નો દુરુપયોગ કરીને પ્રતિષ્ઠાનો લાભ લેવાયો

ફિલ્મમેકર કરણ જોહરે કૉર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેમણે બૉમ્બે હાઈકૉર્ટમાં અરજી મૂકી છે કે તેમના નામનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે શાદી કે ડાયરેક્ટર કરણ ઔર જોહર ફિલ્મ પર સ્ટે મૂકવાની માગ કરી છે. ફિલ્મ 14 જૂનના રિલીઝ થવાની છે. કરણ જોહર પોતાની અરજીમાં લખ્યું છે કે ફિલ્મના નામ દ્વારા તેમના નામનો મજાક ઉડાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે ફિલ્મના મેકર્સને તેમના નામનો દુરુપયોગ કરવાથી અટકાવવામાં આવે. બુધવારે જસ્ટિસ આરઆઈ ચાગલાની બેન્ક સામે ફિલ્મની રિલીઝ પર તત્કાલ સ્ટે મૂકવા માટે કેસ રજૂ કરવામાં આવ્યો. આ ફિલ્મ 14 જૂન 2024ના રોજ રિલીઝ થવાની છે. બેન્ચે આને પરવાનગી આપી દીધી છે અને તત્કાલ રાહત માટે ગુરુવારે અરજી પર સુનાવણી કરશે.

કરણ જોહરે ડીએસકે લીગલ દ્વારા નિર્માતા ઈન્ડિયા પ્રાઈડ એડવાઈઝરી અને સંજય સિંહ અને લેખક-નિર્દેશક બબલૂ સિંહ સામે હાઈકૉર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ મુકદ્દમામાં સંજય અને અન્ય લોકો સામે ફિલ્મના શીર્ષકમાં તેમના નામનો ઉપયોગ કરવા સામે કાયમી મનાઈ હુકમની માંગ કરવામાં આવી હતી. દાવામાં કરણે દાવો કર્યો હતો કે ફિલ્મ અને તેના નિર્માતાઓ સાથે તેનો કોઈ સંબંધ નથી, જેઓ ફિલ્મના શીર્ષકમાં ગેરકાયદેસર રીતે તેમના નામનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ફિલ્મનું શીર્ષક સીધા તેમના નામનો ઉલ્લેખ કરે છે, જે તેમના વ્યક્તિત્વના અધિકારો, પ્રચાર અને ગોપનીયતાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. કરણે એવો પણ દાવો કર્યો હતો કે તેના "બ્રાન્ડ નામ" નો દુરુપયોગ કરીને, નિર્માતાઓ તેની સદ્ભાવના અને પ્રતિષ્ઠાનો લાભ લઈ રહ્યા છે, જે કાયદેસર રીતે સ્વીકાર્ય નથી.

કરણે દાવો કર્યો હતો કે ફિલ્મ 14 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે અને ફિલ્મના ટ્રેલર અને પોસ્ટરો જાહેરમાં અને સોશિયલ મીડિયા પર રજૂ કરવામાં આવ્યા છે. આ ટ્રેલર અને પોસ્ટરોએ કરણની પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાને સંપૂર્ણપણે નુકસાન પહોંચાડ્યું છે અને કલંકિત કર્યું છે. વધુમાં, તેમના બ્રાન્ડ નામ "કરણ જોહર" ને એકસાથે અથવા ટુકડાઓમાં સામેલ કરીને ફિલ્મની આવી રજૂઆત તેમની સદ્ભાવના અને પ્રતિષ્ઠાને ભરપાઈ ન કરી શકાય તેવી ખોટ અને નુકસાન પહોંચાડશે, જે તેમણે સખત મહેનત દ્વારા અને તેમનો કિંમતી સમય, પ્રયત્ન અને નાણાંનું રોકાણ કરીને મેળવ્યું છે.

શાદી કે ડાયરેક્ટર કરણ ઔર જોહર એક ઓછા બજેટની ફિલ્મ છે જેમાં અમન સિંહ દીપ, પાર્થ અકરકર, મોનિકા રાઠોડ અને અમિત લેખવાની મુખ્ય ભૂમિકામાં છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં સ્કૂલવાન-રિક્ષાના ભાડામાં વધારો

■ વાલીઓ પર વધુ બોજો ન પડે માટે સ્કૂલ રિક્ષામાં રૂ. 100, વાનમાં રૂ. 200નો વધારો કરાયો


ગુજરાત | વંદન

13 જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઇ રહ્યું છે, ત્યારે હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ વર્ષથી સ્કૂલ-વાન અને રિક્ષાનાં ભાડાંમાં એસોસિયેશન દ્વારા વધારો કરવાનો નિર્ણય કરાયો છે. સ્કૂલ- વાનમાં એક કિમીદીઠ 200 અને સ્કૂલ-રિક્ષામાં કિમીદીઠ 100 રૂપિયા ભાડારૂપે વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે હવે વાલીઓને અગાઉના વાન-રિક્ષાનાં ભાડાંમાં 200 અને 100 રૂપિયાનો વધારો કરીને ચૂકવવો પડશે. RTOમાં પાસિંગ ખર્ચનો બોજો, ઈન્શ્યોરન્સ, પરમિટ સહિતના ખર્ચને લઈને ભાડાંમાં વધારો કરવામાં આવ્યો છે.

સ્કૂલ-વાન અને રિક્ષાચાલકો સામે RTO દ્વારા લાલ આંખ કરી કડકપણે નિયમોનું પાલન કરવા જાહેરાત કરવામાં આવી છે, જેથી અમદાવાદ સ્કૂલ વરધી એસોસિયેશનની બેઠક મળી હતી. જેમાં RTOના નિયમોને લઈને 50 હજાર રૂપિયા જેટલો ખર્ચ થઈ રહ્યો છે, જેથી સ્કૂલ વરધી એસોસિયેશન દ્વારા સ્કૂલ-વાન અને રિક્ષાનાં ભાડાંમાં વધારો કરવામાં આવ્યો છે. સ્કૂલ વરધી એસોસિયેશન સાથે અમદાવાદના 15 હજાર અને રાજ્યના 80 હજાર જેટલા વાન અને રિક્ષાચાલકો જોડાયેલા છે. સ્કૂલ રિક્ષાનું મિનિમમ ભાડુ રૂ. 650થી વધારીને રૂ. 750 કરી દેવામાં આવ્યું છે. જ્યારે સ્કૂલ વાનનું મિનિમમ ભાડુ રૂ. 1000થી વધારીને રૂ. 1200 કરવામાં આવ્યું છે. આ ભાડુ પ્રથમ એક કિ.મી. માટે રહેશે ત્યારબાદ દર એક કિ.મી.એ રિક્ષામાં રૂ. 100 અને સ્કૂલ વાનમાં રૂ. 200નો વધાર થતો રહેશે. છેલ્લે 2021માં થયેલા ભાવ વધારા બાદ 3 વર્ષે આ ભાવ વધારો કરવામાં આવ્યો છે. ભાડા વધારા માટે એસો. દ્વારા વાલીઓને જણાવ્યું હતું કે, એસો.ના સ્કૂલ વર્ધીના વાહનો CNG કિટથી ચાલતા હોય છે. જેથી વાહનોની CNG ટેંકનું દર ત્રણ વર્ષે ટેસ્ટીંગ કરાવવામાં આવતું હોય છે. આ ઉપરાંત ફાયર સેફ્ટીની બોટલ તેમજ મેડિકલ કીટ પણ સ્કૂલ વર્ધીના વાહનોમાં રાખવામાં આવતી હોય છે. આ ઉપરાંત વાહનોનું દર છ માસમાં ચેકીંગ કરાવવામાં આવતું હોય છે. આમ, આ તમામ બાબતો પાછળ ખર્ચ થતો હોવાના લીધે દર 3 વર્ષે સ્કૂલ વર્ધીના વાહનોના ભાડામાં વધારો કરવાની ફરજ પડતી હોય છે.

સ્કૂલ વર્ધીના વાહનોમાં થયેલા ભાવ વધારાની અસર વાલીઓ પર જોવા મળી શકે છે. કોઈ વાલીના બે બાળકો સ્કૂલે જતાં હોય તો તેમને સ્કૂલ રિક્ષામાં થયેલા રૂ. 100ના ભાવ વધારા અનુસાર બે બાળકો માટે વાર્ષિક રૂ. 2400નો વધારાનો બોજો સહન કરવો પડશે. જ્યારે સ્કૂલ વાનમાં જતાં હોય તો તેવા વાલીઓ પર એક વિદ્યાર્થીના વાર્ષિક રૂ. 2400 અનુસાર બે બાળકોના રૂ. 4800 જેટલો વધારો સહન કરવો પડશે. ઘરથી 3 કિ.મી. સ્કૂલ દુર હોય તો એક બાળક માટે અગાઉ સ્કૂલ રિક્ષાના વાર્ષિક રૂ. 10200 ચુકવવાના થતાં હતા, પરંતુ હવે 11400 ચુકવવા પડશે. જ્યારે વાનમાં જતા હોય તો અગાઉ રૂ. 16800 ચુકવવા પડતા હતા તેના બદલે વાર્ષિક રૂ. 19200 ચુકવવા પડશે. સ્કૂલ વર્ધીના વાહનોમાં વાહનોની કેપેસિટી કરતા બમણા વિદ્યાર્થીઓ બેસાડી શકાય તેવો નિયમ છે.

# ગોધરામાં NEET પરીક્ષામાં છેતરપિંડી કરતી ગેંગનો પર્દાફાશ, ચારની અટકાયત




■ પાસ કરાવવા દરેક વિદ્યાર્થી માટે 10 લાખ રૂપિયાનો દર નક્કી કરવામાં આવ્યો હતો

ગુજરાત | વંદન

ગુજરાતના ગોધરામાં NEET પરીક્ષામાં છેતરપિંડી કરનાર ટોળકીનો પર્દાફાશ થયો છે, જેમાં ચાર લોકોની અટકાયત કરવામાં આવી છે. આ ગેંગને રોય ઓવરસીઝ કંપની ચલાવતા પરશુરામ રોય અને અન્ય એક વ્યક્તિ તુષાર ભટ્ટ ચલાવતા હતા. અત્યાર સુધીની તપાસ મુજબ, વિદ્યાર્થીઓએ તેમની ઉત્તરવહીઓ ભરવા માટે આરોપીઓને લાખો રૂપિયા આપ્યા હતા.

આ કેસની તપાસમાં વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા અને આરોપીઓ વચ્ચે 12 કરોડ રૂપિયાથી વધુની લેવડ-દેવડનો ખુલાસો થયો છે. પરીક્ષામાં છેતરપિંડી કરનાર દરેક વિદ્યાર્થી માટે 10 લાખ રૂપિયાનો દર નક્કી કરવામાં આવ્યો હતો. આરોપીઓએ આશરે રૂ. 26 કરોડ એકત્ર કરવાની યોજના બનાવી હતી.

આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ ત્રણ આરોપીઓ સામે ગોધરા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ગોધરાની જય જલારામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ અને વડોદરાની રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા સામે ફરિયાદ નોંધાઈ હતી. પરશુરામ રોયે વિદ્યાર્થીઓને એવા પ્રશ્નો છોડી દેવા કહ્યું હતું જેના જવાબો તેઓ જાણતા ન હતા. જેમાં શાળાના શિક્ષક તુષાર ભટ્ટે પરીક્ષા બાદ ઉત્તરવહીઓ ભરવાની ખાતરી કરવાની હતી.આ કેસમાં મુખ્ય આરોપી પરશુરામ રોય છે, જેઓ વડોદરામાં કોચિંગ સેન્ટર ચલાવે છે. રોય આરીફ વહોરા દ્વારા આખી ગેંગ ચલાવતો હતો. પરશુરામે 26 વિદ્યાર્થીઓની માહિતી આરીફ મારફત ગોધરાની જય જલરામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટને મોકલી હતી. જેમાંથી 6 વિદ્યાર્થીઓ ગોધરાની જય જલરામ શાળાના એક કેન્દ્ર પર અને બાકીના 20 બાળકો જય જલરામ શાળાના અન્ય કેન્દ્ર પર પરીક્ષા આપી રહ્યા હતા.

# વસ્ત્રાપુર તળાવને છલોછલ ભરેલું રાખવા તળિયે કાંપ-માટી-રેતી પથરાઈ



લેક ફ્રન્ટ પર થઇ રહી છે કામગીરી....

■ વસ્ત્રાપુર તળાવની અંદર લોઅર વોક-વે તથા અપર વોક-વેની બન્ને બાજુ આરસીસી દિવાલ
■ તળાવનાં વોક-વેની જમીનમાં ઉંદરનો ત્રાસ અટકાવવા કાચનો પાવડર, જીઆઇ મેટલની જાળી તથા બ્રીક બેટ છારૂ પાથરવામાં આવશે
■ તળાવનાં સ્લોપનાં ભાગમાં નવેસરથી સ્ટોન પીચીંગની કામગીરી
■ તળાવમાં તૂટેલાં જુના ગઝેબોને નવેસરથી બનાવાશે

■ તળાવમાં બનાવાયેલાં ચાર પરકોલેશન વેલની ઉંચાઇ વધારાઈ

ગુજરાત | વંદન

વસ્ત્રાપુર તળાવમાં બારેમાસ પાણી ભરાઇ રહે અને મુલાકાતીઓને પણ અલગ અહેસાસ થાય તે માટે નવીનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત તળાવનાં તળીયામાં કાંપ, માટી અને રેતી સહિતની કુદરતી ચીજવસ્તુથી ત્રણ સ્તર બનાવવામાં આવ્યા છે. તેની સાથે સાથે તળાવમાં બનાવાયેલાં ચાર પરકોલેશન વેલની ઉંચાઇ વધારાઈ છે.

મ્યુનિ. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યું હતું કે, વસ્ત્રાપુર તળાવને ૨૦ વર્ષ પહેલાં ઔડા દ્વારા આધુનિક રૂપરંગ અપાયા હતા. તે સમયે તેમાં વરસાદી પાણીની લાઇનમાંથી ગટરનાં પાણી આવતાં રોકવા માટે ચેકિંગ કરી સાત ગટર જોડાણ કાપવામાં આવ્યા હતા. તદઉપરાંત વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરે તે માટે તળાવમાં જુદી જુદી જગ્યાએ ચાર પરકોલેટીંગ વેલ પણ બનાવાયા હતા. જોકે કોઇ કારણસર વસ્ત્રાપુર તળાવમાં વરસાદી પાણી ટકતુ નહોતુ. અમુક સમય સુધી તો નર્મદાનાં નીર ભરવામાં આવ્યા હતા, પરંતુ નર્મદાના નીર સતત ઠાલવવા મ્યુનિ. માટે અઘરૂ કામ પૂરવાર થયા બાદ મ્યુનિ.સત્તાધીશોએ ગટરનાં પાણી ટ્રીટ કરી તળાવમાં ઠાલવવા મીની એસટીપી લગાવ્યો હતો. આ પ્રોજેક્ટ પણ ફેલ પૂરવાર થયાં બાદ છેલ્લા કેટલાય સમયથી વસ્ત્રાપુર તળાવ ખાલીખમ જોવા મળતુ હતુ.

બીજી બાજુ તળાવનાં વોક-વે સહિતનાં ભાગો પણ ઉંદરોનાં ત્રાસથી ખાડાખૈયાવાળા બની જતાં લોકોને ચાલવામાં તકલીફ પડતી હતી.સ્ટે.કમિટી ચેરમેને વધુ માહિતી આપતાં કહ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભા મતવિસ્તારનાં સાંસદ અમિતભાઇ શાહે તમામ તળાવોમાં બારે માસ પાણી ભરાઇ રહે તેવુ આયોજન કરવાની સૂચના આપી હતી. તેના અનુસંધાને વસ્ત્રાપુર તળાવને નવેસરથી રિનોવેશન અને ડેવલપ કરવા માટે સવા પાંચ કરોડનો ખર્ચ કરવાનો નિર્ણય લેવાયો હતો અને કામકાજ શરૂ કરાવવામાં આવ્યુ હતું. તેમણે જણાવ્યું કે, ચોમાસાનાં એંધાણ વર્તાઇ ગયાં છે અને ગમે ત્યારે વરસાદ પડવાનુ શરૂ થાય તે પહેલાં વસ્ત્રાપુર તળાવનુ કામ પૂરૂ થાય તે માટે તેમણે વોટર કમિટી ચેરમેન દિલીપ બગરીયા અને એએમટીએસ કમિટી ચેરમેન ધરમશીભાઇ દેસાઇ સાથે તળાવની સ્થળ તપાસ કરી હતી. દેવાંગભાઇએ વધુ માહિતી આપતાં કહ્યું કે, વસ્ત્રાપુર તળાવમાં બારેમાસ પાણી ભરાઇ રહે તેના ઉપર ભાર મુકવામાં આવ્યો હોવાથી તળાવનાં તળીયામાં કાંપ, માટી અને રેતી સહિતની કુદરતી ચીજવસ્તુનાં ત્રણ સ્તર તૈયાર કરવામાં આવ્યા છે અને આ કામગીરી લગભગ પૂરી થઇ ગઇ છે.

# PRLના વિજ્ઞાનીઓએ મંગળ પર 3 ક્રેટર શોધ્યા

■ મંગળ પરના આ 3 નવા ગોબાને અનુક્રમે લાલ, મુરસાન અને હિલસા નામ આપવામાં આવ્યાં

ગુજરાત | વંદન

અમદાવાદ સ્થિતિ ઈસરોની પેટા સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ)ના વિજ્ઞાનીઓ મંગળ પર 3 ક્રેટર (વિશાળ ગોબા) શોધી કાઢ્યા છે. ધરતી પર ખાડાનું મહત્ત્વ ન હોય પરંતુ મંગળ-ચંદ્ર અને અન્ય ગ્રહો પર મળી આવતા ક્રેટરને વિવિધ નામો આપી તેનો અભ્યાસ કરવામાં આવે છે. મંગળ પરના આ 3 નવા ક્રેટરને અનુક્રમે લાલ, મુરસાન અને હિલસા નામ આપવામાં આવ્યા છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

આ રીતે નામકરણ કરાયું...



■ લાલ : ડો. દેવેન્દ્ર લાલ 1972થી 1983 સુધી પીઆરએલના ડિરેક્ટર હતા. તેમની યાદમાં જે ક્રેટરને નામ અપાયું છે તેનો વ્યાસ 65 કિલોમીટર છે.
■ મુરસાન : મુરસાન એ ઉત્તર પ્રદેશનું નાનકડું નગર છે. તેના નામે ઓળખાતા ક્રેટરનો વ્યાસ 10 કિલોમીટર છે.
■ હિલસા : હિલસા બિહારનું શહેર છે. હિલસા જેને નામ આપવામાં આવ્યું છે એ ક્રેટરનો વ્યાસ 10 કિલોમીટર છે.

# પોલીસના મહત્વના નિર્ણયો લેવાની સત્તા હવે DGP પાસે

■ પોલીસની આંતર જિલ્લા બદલીની તમામ સત્તા રાજ્ય પોલીસ વડાને સોંપાઈ

ગુજરાત | વંદન



ગુજરાત પોલીસને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. અત્યારે ગુજરાત પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓને લઈને ડીજીપી વિકાસ સહાય દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે, પોલીસની આંતર જિલ્લા બદલીની તમામ સત્તા રાજ્ય પોલીસ વડાને સોંપાઈ છે. આંતર જિલ્લા માટેની તમામ બદલીઓ રાજ્ય પોલીસ વડા હસ્તક જ રહેશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, એક રેંજમાં આંતરિક બદલીઓ અગાઉ રેંજ આઈજીને સોંપાઈ હતી. બદલીઓ માટે અગાઉ કરવામાં આવેલા તમામ પરિપત્રો રદ્દ થયા છે.

બદલીઓ માટે અગાઉ કરવામાં આવેલા તમામ પરિપત્રો રદ્દ કરી દેવામાં આવ્યા છે. રાજ્ય પોલીસ વડાને તમામ બદલીઓની સત્તા સોંપવા સંદર્ભે પોલીસ કમિશ્નરો, જિલ્લા પોલીસ વડાઓ તથા રેંજ આઈજી સહિતના અધિકારીઓને જાણ કરવામાં આવી છે.

# સિવિલમાં 156મા અંગદાન દ્વારા ચાર વ્યક્તિને નવજીવન મળશે

■ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે :ડો.રાકેશ જોષી

ગુજરાત | વંદન




અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 156મા અંગદાન થકી ચાર વ્યક્તિને નવજીવન મળશે. આ વખતે ગુપ્ત દાન થકી એક લીવર, બે કિડની તથા હૃદયના અંગદાન સાથે કુલ ચાર અંગનું દાન મળ્યું છે. નોંધનીય છે કે, સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ 156 અંગદાતા થકી કુલ 505 અંગો તેમજ ચાર સ્કીનનું દાન મળ્યું છે. જેના થકી 489 વ્યકિતને જીવનદાન મળ્યું છે.

સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા 156માં અંગદાનની વાત કરીએ તો મજૂરી કામ કરતા 41 વર્ષીય પુરુષને 11 જૂને અકસ્માત થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન 12 જૂને તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી અને રિકવરી થઈ શકે તેમ ન હતી. જેથી તબીબોએ 12 જૂને તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલના તબીબોની ટીમે યુવકના પરિવારજનોને તેમના બ્રેઈન ડેડ હોવાની જાણ કરીને અંગદાન વિશે સમજ આપી હતી. તબીબોની વાત સાંભળ્યા બાદ બ્રેઈન ડેડ યુવકનો પરિવાર અંગદાન કરવા સહમત થઈ ગયો હતો અને તેઓએ અંગોનું ગુપ્તદાન કરવાનો નિર્ણય કર્યો હતો.

આ ગુપ્ત અંગદાન થકી બે કિડની, એક લીવર તેમજ હૃદયનું દાન મળ્યું હતું. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ

...અનુસંધાન પેજ નં. 6 પર

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે

■ બહોળી સંખ્યાં યોગ સાધકો જોડાય તેવું આયોજન

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા આગામી 10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવશે, જેને લઈને તંત્ર એક્ટીવ મોડમાં આવી ગયેલ હોય તે પ્રકારે તૈયારીઓ હાથ ધરી છે. જિલ્લાના દરેક મહત્ત્વના તેમજ હેરિટેજ સ્થળોએ બહોળી સંખ્યાં યોગ સાધકો જોડાય તેવું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે જિલ્લા સ્તરની ઉજવણી કલોલ ખાતે કરાશે. યોગ ભારત તરફથી વિશ્વને મળેલ અમૂલ્ય ભેટ છે. આખું વિશ્વ યોગ દિવસની ઉજવણી 21 જૂને કરતું હોય છે. ત્યારે જિલ્લા કક્ષાએ વધુમાં વધુ લોકો જોડાય તેના આયોજનના ભાગરૂપે કલોલ ખાતે વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા બેઠક કરવામાં આવી હતી.

કલોલ પ્રાંત અધિકારીએ બેઠક દરમિયાન સંબધિત વિભાગના કર્મચારીઓને જરૂરી સૂચના આપી હતી. જિલ્લાવાસીઓ યોગ પ્રત્યે જાગૃત્ત બને અને વધુમાં વધુ નાગરિકો યોગાભ્યાસમાં જોડાઈને યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા હેતુ સાથે ઉજવણી કરવાનું નક્કી કરાયેલ છે. બેઠક દરમિયાન સ્વાસ્થ, પાટનગર યોજના વિભાગ સહિત જિલ્લા તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગ્રીન સિટીમાં વધુ 10 લાખ વૃક્ષ ઉછેરવાનું આયોજન

■ ગાંધીનગરને ફરી હરીયાળુ બનાવવા તંત્રના પ્રયાસ

ગુજરાત | વંદન




ચોમાસું હવે આંગણે આવીને ઉભું છે અને આ વખતે વધુ સારો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગરને ફરી હરીયાળુ બનાવવા માટે લાખોની સંખ્યામાં વૃક્ષો રોપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ મામલે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં જિલ્લા વન અધિકારીએ વૃક્ષારોપણના આયોજનની માહિતી આપતા કહ્યું હતું કે જિલ્લામાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર સાથે જતન થાય તેવા આયોજન સાથે 10 લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવા માટે વિવિધ કચેરીઓ દ્વારા સંકલન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાના વિવિધ માર્ગોની બન્ને સાઈડ 48 હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે.

તેની સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોના ખેતરના શેઢે, ખરાબાની જમીન, જંગલ વિસ્તાર, વન કવચ વિસ્તાર, તળાવોની પાળે અને કેનાલની આસપાસની ખુલ્લી જગ્યાઓમાં 7 લાખથી વધુ વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બે લાખથી વધુ વૃક્ષો વાવવાનું આયોજન વન વિભાગ દ્વારા અન્ય કચેરીઓના સહયોગ- સહકારથી કરાશે.

બેઠકમાં કલેક્ટર મેહૂલ દવેએ જણાવ્યુ હતું કે પી.એચ.સી., સી.એચ.સી., ગામની ગૌચર, ખરાબાની કે અન્ય ખુલ્લી જમીન કે જે સરકાર હસ્તક છે, ત્યાં ઘનિષ્ઠ વનીકરણ કરવાનું આયોજન કરવું જોઈએ.

# અમેરિકા જવાનો નવો ફંડા: ક્રિકેટર બનો, વટભેર પ્રવેશ કરો અને ગુમ હો જાઓ?!

■ એજન્ટો ઘણા લોકોને કલાકાર, પૂજારી, નકલી પતિ-પત્ની બનાવીને અમેરિકા મોકલી ચૂક્યા છે

ગુજરાત | વંદન

ન્યૂયોર્કમાં હાલના દિવસોમાં T20 વર્લ્ડકપ રમાઈ રહ્યો છે, અમેરિકામાં ક્રિકેટના ચાહકો પણ વધી રહ્યા છે જેનો ફાયદો ઉઠાવીને ક્રિકેટના નામે લોકોને ગેરકાયદે ડોલરિયા દેશ અમેરિકા મોકલવાનો ધંધો પણ ચાલી રહ્યો છે. ગુજરાતના ભેજાબાજ એજન્ટો અત્યારસુધી ઘણા લોકોને કલાકાર, પૂજારી, નકલી પતિ-પત્ની અને ક્રુ મેમ્બર બનાવીને અમેરિકા મોકલી ચૂક્યા છે પણ હવે લોકોને ક્રિકેટર બનાવીને પણ અમેરિકા મોકલાઈ રહ્યા છે, અને ઓન પેપર ક્રિકેટ રમવા માટે અમેરિકા પહોંચેલા આવા લોકો બેટ અને બોલ સાઈડમાં મૂકીને છૂમંતર થઈ જતા હોય છે. નિર્ધારિત મોડસ ઓપરેન્ડી પ્રમાણે, જે વ્યક્તિને ક્રિકેટ બનાવીને અમેરિકા મોકલવાનો હોય છે તેનો અમેરિકાની કોઈ લોકલ ક્રિકેટ ક્લબ સાથે કોન્ટ્રાક્ટ કરવામાં આવે છે, તેમજ તેને ક્રિકેટનું થોડું-ઘણું નોલેજ પણ આપી દેવાય છે જેથી વિઝા ઈન્ટરવ્યુમાં કોઈ લોચા ના પડે. ક્રિકેટ રમવા અમેરિકા જનારો




વ્યક્તિ ગુજરાતમાં નાની-મોટી ટુર્નામેન્ટ રમ્યો છે તેવું બતાવવા માટે પણ એજન્ટો બધી ગોઠવણ કરી દેતા હોય છે અને તેના દ્વારા અમેરિકાના ક્રિકેટ ક્લબ્સનો સ્પોન્સરશિપ લેટર મેળવીને છ મહિનાના સ્પોર્ટ્સ વિઝા લઈ લેવાય છે. સૂત્રોનું માનીએ તો અમેરિકામાં સાઉથ તેમજ નોર્થ કેરોલાઈનામાં ક્રિકેટ ટુર્નામેન્ટ રમાતી હોય છે, પરંતુ આવી કોઈ ટુર્નામેન્ટમાં રમવાને બદલે સ્પોર્ટ્સ વિઝા પર અમેરિકા પહોંચેલા ગુજરાતીઓ ગાયબ થઈ જઈને અમેરિકામાં જ ઈલીગલી રહી જતા હોય છે. આ પહેલા ઘણા ગુજરાતીઓ નાટક, ફિલ્મ કે ટીવીના કલાકાર બનીને અમેરિકાના વિઝા લેતા હતા, પરંતુ આ કાંડનો ભાંડો ફૂટી ગયા બાદ કલાકારોને અપાતા વિઝાના નિયમો કડક બન્યા હતા. જોકે, તેનો પણ એજન્ટોએ રસ્તો શોધી લઈને લોકોને ક્રિકેટર બનાવીને અમેરિકા મોકલવાનું શરૂ કર્યું હતું.આ રેકેટ આજથી 4-5 વર્ષ પહેલા બહાર આવ્યું હતું જેમાં ગુજરાતથી લોકોને ક્રિકેટ રમવા

...અનુસંધાન પેજ નં. 6 પર

# 18 જૂનથી આઈ ખેડૂત પોર્ટલ પર સ્માર્ટ ફોન માટે અરજી કરી શકાશે

■ યોજના માટે 7 દિવસોમાં અરજી કરવા સૂચના

ગુજરાત | વંદન

ખેડૂતોને ખેતીવાડી વિભાગની વિવિધ સહાયક યોજનાનો લાભ ખેડૂતીઓને ઘેર બેઠા મળી રહે તે માટે સરકાર દ્વારા આઈ ખેડૂત ગુજરાત ગવર્મેન્ટ ડોટ ઈન વેબસાઈટ સેવા શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલ પર 2024-25ના વર્ષમાં ખેડૂત સ્માર્ટ ફોન, પાક સંગ્રહ સ્ટ્રકચર તેમજ પાણીના ટાંકા બનાવવા યોજનાઓ માટે ખેતીવાડી વિભાગ દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. તેનો લાભ લેવા માગતા હોય તે ખેડૂત આગામી 18 જૂનથી આઈ ખેડૂત ઓનલાઇન પોર્ટલ પર અરજી કરી શકશે.

સરકાર ખેતી નિયામક વિભાગ દ્વારા ખેડૂતો સરકાર દ્વારા ખેતી માટે ઉપીયોગી સ્માર્ટ ફોન તેમજ અન્ય ખેતીના સાધનો માટે સરકાર તરફથી મળતા લાભો માટે આઈ ખેડૂત પોર્ટલના માધ્યમથી ઓન લાઈન અરજી કરી સ્માર્ટ ફોન, પાક સંગ્રહ સ્ટ્રકચર તેમજ પાણીના ટાંકાના બાંધકામ યોજના હેઠળ ખેડૂતોને મળતા લાભ કલોલ તાલુકાના ખેડૂતો તેમજ રાજયના અન્ય તાલુકા અને જિલ્લાના ખેડૂતો આ યોજનાઓ હેઠળ લાભ લેવા માટે આગામી 18 જૂનથી ખેડૂતો આઈ ખેડૂતો સ્માર્ટ પોર્ટલ વેબસાઇટ પર ઓનલાઈન અરજી કરી શકશે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

Printed, Published and Owned by **NIKUNJ SUDHIRKUMAR PATEL** and Printed at D. B Corp Ltd. Divya Bhaskar Print Plant, Plot No. 148, Post. Vasna-Chacharwadi, B/h L&T Plant, Bavala-Changodar Road, Ta. Sanand, Dist. Ahmedabad and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad - 380 015. Editor - **NIKUNJ SUDHIRKUMAR PATEL**